નર્મદામાં જંગલ જમીન હક્કપત્રો મુદ્દે ભાજપ સાંસદ લાલઘૂમ, સરકાર સામે ગંભીર આક્ષેપ સાથે ઉચ્ચારી ચેતવણી



(એજન્સી) નર્મદા | તા.04

નર્મદા અને ભરૂચ જિલ્લામાં જંગલ જમીનના હક્કપત્રોને લઈને રાજકારણ ગરમાયું. ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતિ નિમિત્તે જંગલ જમીનના 80 હજાર હક્કપત્રોનું વિતરણ કરવામાં આવશે, પરંતુ આ વિતરણમાં ભરૂચ અને નર્મદા જિલ્લાના આદિવાસી ખેડૂતો હક્કપત્રોથી વંચિત રહી જવાની મોટી આશંકા સેવાઈ રહી છે. છેલ્લા 20 થી 25 વર્ષથી આ જમીનો પર ખેતી કરતા ખેડૂતોમાં હક્કપત્રો નહીં મળવાની ભીતિ પ્રવર્તી રહી છે.હાલ નર્મદા જિલ્લામાં 800થી વધુ જંગલ જમીન હક્કની અરજીઓ પેન્ડિંગ પડી છે, જેમાં એકલા સાગબારા તાલુકાની જ અંદાજે 630 અરજીઓનો સમાવેશ થાય છે. આ મામલે સાંસદ મનસુખ વસાવાએ વહીવટી તંત્ર અને ફોરેસ્ટ વિભાગ સામે ખુલ્લેઆમ રોષ વ્યક્ત કર્યો છે.સાંસદ મનસુખ વસાવાએ અધિકારીઓ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ફોરેસ્ટ અને વહીવટી તંત્રના કેટલાક લોકો નવા લોકોને સનદો આપવા તરફ આગળ વધી રહ્યા છે અને આદિવાસીઓમાં ભાગલા પાડવાનું કામ કરી રહ્યા છે.તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે, “મને ખબર પડી છે કે ભરૂચ અને નર્મદા જિલ્લાના લોકોને સનદમાં બાકાત રાખવામાં આવ્યા છે અને જો તેમને બાકાત રાખવામાં આવશે તો હું તે બિલકુલ ચલાવી લઈશ નહીં.”સાંસદે વધુમાં ચેતવણી આપતા કહ્યું હતું કે, જો નર્મદા અને ભરૂચના મૂળ આદિવાસી ખેડૂતોને તેમના હક્કની સનદો નહીં મળે, તો આદિવાસી સમાજ ઉગ્ર બનશે અને પરિસ્થિતિ હિંસક પણ બની શકે છે. આ મામલે તંત્રની લાપરવાહી સામે આદિવાસીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

દિવાળીના તહેવારે વેચાણ કેન્દ્રો તો ઊભાં થયાં, પરંતુ ગ્રાહકોનો પ્રતિસાદ નબળો

હાઈટેક યુગમાં પંચાંગ, કેલેન્ડર અને રોજમેળની પરંપરા ધીમે ધીમે વિસરાઈ

(એજન્સી) જામનગર | તા.04

દિવાળીના તહેવારને અનુલક્ષીને જામનગરના બજારોમાં ખરીદીની રોનક જોવા મળી રહી છે. કપડાં, મીઠાઈ, ફરસાણ, મુખવાસ સહિતની વિવિધ ચીજવસ્તુઓના વેચાણ વચ્ચે વર્ષોથી દિવાળીના પર્વ સાથે સંકળાયેલી પરંપરાગત સામગ્રી જેવી કે પંચાંગ, કેલેન્ડર, રોજમેળ, તારીખિયા અને રોજનીશીના વેચાણ માટે પણ કેટલાક સ્થળોએ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. જોકે, કોમ્પ્યુટર અને આધુનિક ટેક્નોલોજીના યુગમાં આ પરંપરાગત સામગ્રીની લોકપ્રિયતા અને માંગમાં ધીમે ધીમે ઘટાડો નોંધાઈ રહ્યો છે. જામનગરના ચાંદી બજાર રોડ, સેન્ટ્રલ બેંક રોડ, ત્રણ દરવાજા સહિતના વિસ્તારોમાં તેમજ વિવિધ બુક સ્ટોલ પર દિવાળીના તહેવાર નિમિત્તે પંચાંગ, તિથિ-તોરણવાળાં કેલેન્ડર, રોજમેળ, તારીખિયા અને રોજનીશી જેવી સામગ્રીનું વેચાણ



કરવામાં આવી રહ્યું છે. એક સમયે દિવાળીના પર્વે ઘેરઘેર નવા વર્ષના પંચાંગ અને કેલેન્ડર ખરીદવાની પરંપરા હતી. વેપારીઓ અને વ્યવસાયિકો માટે રોજમેળ તથા રોજનીશી પણ મહત્ત્વની સામગ્રી ગણાતી હતી.જોકે, હાલ મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને ડિજિટલ કેલેન્ડરના વધતા ઉપયોગને કારણે તારીખ, તિથિ, વાર, રજા અને ધાર્મિક પ્રસંગોની માહિતી સહેલાઈથી ઉપલબ્ધ બની રહી છે. બીજી તરફ અંગ્રેજી મહિના પ્રમાણેના કેલેન્ડરનો વપરાશ પણ વધ્યો હોવાથી દિવાળીના સમયે ખાસ વેચાતા તિથિ-તોરણવાળાં પરંપરાગત કેલેન્ડર અને પંચાંગની માંગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

દિવાળીના અન્ય બજારોમાં ખરીદીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે, પરંતુ તેની સરખામણીએ પંચાંગ, કેલેન્ડર અને રોજનીશી વેચાણ કેન્દ્રો પર ગ્રાહકોનો પ્રતિસાદ પ્રમાણમાં નબળો હોવાનું ચિત્ર સામે આવી રહ્યું છે. તેમ છતાં વર્ષોથી ચાલી આવતી આ પરંપરાને જાળવી રાખવા કેટલાક વેપારીઓ દ્વારા દર વર્ષની જેમ આ વખતે પણ વેચાણ કેન્દ્રો ઉભાં કરવામાં આવ્યાં છે. આધુનિક યુગમાં પરંપરાગત પંચાંગ અને કેલેન્ડરની ઉપયોગિતા ધીમે ધીમે ઘટતી હોવા છતાં આ સામગ્રી હજુ પણ જૂની પેઢી અને પરંપરાના ચાહકો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે.

‘ગોલ્ડન ગર્લ’ સરિતા ગાયકવાડ સાથે ઠગાઈ, ઊંચા વળતરની લાલચે ₹.69 લાખની છેતરપિંડી



એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી ગુજરાત અને દેશનું નામ રોશન કરનાર ખ્યાતનામ દોડવીરી અને ‘ગોલ્ડન ગર્લ’ તરીકે જાણીતી સરિતા ગાયકવાડ સાથે ₹.69 લાખની છેતરપિંડીની ઘટના સામે આવી છે. રેતીના વેપારમાં રોકાણ કરાવી નફાની લાલચ આપવામાં આવી હતી. સમગ્ર મામલે આહવા SOG પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ સરિતા ગાયકવાડને રેતીના વેપારમાં રોકાણ પર દર મહિને 4 ટકા જેટલું ઊંચું વળતર આપવાની નિતિન ભારતી નામના શખ્સે ખાતરી આપી હતી. જેના પર વિશ્વાસ રાખી દોડવીરે અલગ-અલગ સમયે ₹.69.10 લાખનું રોકાણ કર્યું હતું.જોકે, શરૂઆતમાં આરોપીઓએ ₹.1.80 લાખ પરત આપ્યા હતા પરંતુ બાકીની રકમ હડપ કરીને ₹.67.30 લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. નક્કી કરાયા મુજબનું વળતર અને રોકાણની મૂળ રકમ ન મળતા આખરે સરિતાએ આહવા SOG પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. દેશનું નામ રોશન કરનાર ખેલાડી સાથેની છેતરપિંડીના ગુનેગારોને ઝડપી પાડવા માટે પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

મહેસાણામાં દિવાળી અગાઉ ફૂડ વિભાગના દરોડા. 1050 કિલો માવો અને શંકાસ્પદ તેલ જપ્ત કરી 50 નમૂના લેબોરેટરીમાં મોકલાયા

મહેસાણા : દિવાળીના તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા તત્વો સામે મહેસાણા જિલ્લા ફૂડ વિભાગ દ્વારા અત્યંત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તહેવારો દરમિયાન બજારોમાં મીઠાઈઓ અને ફરસાણની માંગ અચાનક વધી જતી હોય છે, તેનો ગેરલાભ લઈને કેટલાક વેપારીઓ દ્વારા હલકી ગુણવત્તાવાળી અને બિનઆરોગ્યપ્રદ સામગ્રી વેચવામાં આવતી હોય છે. આ બાબતની ગંભીર નોંધ લઈને ફૂડ સેફ્ટી ટીમ દ્વારા વિવિધ ડેરીઓ અને ફરાસણની દુકાનો પર ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં 1050 કિલોગ્રામ જેટલો પ્રચંડ જથ્થામાં બિનઆરોગ્યપ્રદ માવો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત 180 કિલો શંકાસ્પદ તેલનો જથ્થો પણ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.આ ચેકિંગ અભિયાન દરમિયાન ફૂડ વિભાગની ટીમને અનેક જગ્યાએ ગંભીર અનિયમિતતાઓ જોવા મળી હતી. ખાદ્ય સુરક્ષાના ધોરણોનો સરેઆમ ભંગ થતો હોવાથી અધિકારીઓએ ત્વરિત પગલાં ભર્યા હતા. કાર્યવાહી દરમિયાન અંદાજે રૂા. 2,67,000 (બે લાખ સડસઠ હજાર રૂપિયા) ની કિંમતના બિનઆરોગ્યપ્રદ અને વાસી ખાદ્ય પદાર્થોનો નાશ કરવામાં આવ્યો હતો. આ સાથે જ 17 કિલો શંકાસ્પદ ફરસાણનો પણ જનહિતમાં સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો, જેથી તે બજારમાં વેચાણ માટે ન પહોંચી શકે અને નાગરિકોનું સ્વાસ્થ્ય જોખમાય નહીં. બજારમાં વેચાતી મીઠાઈઓ, માવો અને ફરસાણની ગુણવત્તા ચકાસવા માટે ફૂડ વિભાગની ટીમે જુદી-જુદી જગ્યાઓથી કુલ 50 જેટલા વિવિધ ખાદ્ય પદાર્થોના શંકાસ્પદ નમૂનાઓ (Samples) મેળવ્યા છે.

અમીરગઢ પાસે ટ્રક-બાઈક વચ્ચે ભયાનક અકસ્માત, બાઈકસવાર ત્રણેય યુવકોનાં સ્થળ પર જ મોત

બનાસકાંઠા : ગુજરાત-રાજસ્થાન સરહદને જોડતા બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ હાઈવે પર વધુ એક લોહિયાળ અને કાળજું કંપાવી દેતો માર્ગ અકસ્માત સામે આવ્યો છે. અમીરગઢ નજીક આબુરોડ માર્ગ પર આવેલા માવલ ગામ પાસે પૂરપાટ ઝડપે દોડતી ટ્રકે એક મોટરસાયકલને અડફેટે લેતાં અત્યંત ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. આ ગમખ્વાર ટક્કરમાં બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં. અકસ્માતની તીવ્રતા એટલી પ્રચંડ હતી કે ટક્કર બાદ મોટરસાયકલનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને મૃતદેહો હાઈવે પર ફંગોળાઈ ગયા હતા. આ કરુણ દુર્ઘટનાને પગલે સરહદી વિસ્તાર અને આસપાસના ગ્રામજનોમાં ભારે શોક અને અરેરાટી વ્યાપી ગઈ છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકા હેઠળ ગુજરાત-રાજસ્થાન સરહદ નજીક આવેલું માવલ પાટિયું/વિસ્તાર.હાઈવે પર પસાર થઈ રહેલી ટ્રક અને બાઈક વચ્ચે સામસામે કે ઓવરટેક કરવા દરમિયાન જોરદાર ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક સંપૂર્ણપણે ચગદાઈને ભંગારમાં ફેરવાઈ ગયું હતું. બાઈક પર સવાર ત્રણેય લોકોને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં કોઈ પણ સારવાર મળે તે પહેલાં જ તેમણે ઘટનાસ્થળે અંતિમ શ્વાસ લીધા હતા.

નસવાડી ગ્રામ પંચાયતમાં ભારે તંગદિલી

સરપંચ સામેની અવિશ્વાસની બેઠકમાં હોબાળો અને પથ્થરમારો



(એજન્સી) છોટાઉદેપુર| તા.04

છોટાઉદેપુર જિલ્લાની નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં ભારે હોબાળો અને પથ્થરમારાની ઘટના સામે આવી છે. સરપંચ મેહુલકુમાર તડવી સામે પંચાયતના 12 સભ્યોએ રજૂ કરેલી અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન માટે આજે (4 નવેમ્બર) ના રોજ ખાસ બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક દરમિયાન તંગદિલી ભર્યુ વાતાવરણ સર્જાયું હતું. મળતી માહિતી પ્રમાણે, છોટાઉદેપુરની નસવાડી જૂથ ગ્રામ પંચાયતમાં સરપંચ સામેની અવિશ્વાસની દરખાસ્ત માટે મતદાન માટે બોલાવવામાં આવેલી બેઠકમાં હોબાળો મચ્યો હતો. બેઠક માટે આવેલા સભ્યોની ગાડીઓ ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને કાચ તોડી નાખવામાં આવ્યા હતા. 200 જેટલા લોકો ગ્રામ પંચાયત કચેરીમાં હથિયારો સાથે ઘસી આવ્યા હતા. પંચાયત કચેરીમાં મતદાન પ્રક્રિયા હાથ ધરવા આવેલા ચૂંટણી અધિકારીને પણ વિરોધ પ્રદર્શન દરમિયાન રૂમમાં પૂરી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.મુખ્યમંત્રીના હસ્તે પંચાયતને મળેલી રૂ.3 કરોડથી વધુની વિકાસ ગ્રાન્ટ અને નાણાં પંચની રૂ.1 કરોડની ગ્રાન્ટના વપરાશ તેમજ વિકાસ કાર્યોના આયોજન મુદ્દે સરપંચ અને સભ્યો વચ્ચે લાંબા સમયથી ગજગ્રાહ ચાલતો હતો. સભ્યોનો આક્ષેપ હતો કે સરપંચ મનસ્વી રીતે કામ કરે છે, જ્યારે સરપંચે જણાવ્યું હતું કે તેઓ કોઈ ખોટું કામ થવા દેશે નહીં.આ બેઠક પહેલાં ભાજપના મોવડી મંડળ દ્વારા સભ્યોને મનાવવાના તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા અને સભ્યો અજ્ઞાત સ્થળે જતા રહ્યા હતા, જેના પગલે આજે પંચાયત કચેરી ખાતે આ હિંસક બબાલ સર્જાઈ હતી.

તાપીના વ્યારામાં પિકઅપ ટેમ્પો પલટતા 3 લોકોનાં મોત, 5થી વધુ ઈજાગ્રસ્ત, ખેત મજૂરો બન્યા અકસ્માતનો ભોગ

(એજન્સી) તાપી | તા.04

તાપીના વ્યારાના કટાસવાણા ગામે સીમમાં ખેતમજૂરો ભરેલો પિકઅપ ટેમ્પો પલટી મારતા અકસ્માત સર્જાયો છે. ખેતરમાં ડાંગર કાપવાની મજૂરી અર્થે જઈ રહેલા શ્રમિકો પૈકી 2 મહિલાઓ અને એક પુરુષ મળી કુલ 3 લોકો ઘટનાસ્થળે જ મૃત્યું પામ્યા છે. જ્યારે 5થી વધુ શ્રમીકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.મળતી માહિતી પ્રમાણે, પિકઅપ ટેમ્પામાં આશરે 10 જેટલા મજૂરો ખેતરમાં ડાંગરના લણણી માટે જઈ રહ્યા હતા. આ



દરમિયાન કટાસવાણ ગામની સીમમાંથી પસાર થતા સમયે ટેમ્પા ચાલકે અચાનક કાબૂ ગુમાવી દેતા ટેમ્પો પલટી ગયો હતો. દુર્ઘટનાને પગલે વિસ્તારમાં ભારે દોડધામ મચી જવા પામી હતી.અકસ્માતને પગલે આસપાસના ગ્રામજનો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ટેમ્પા નીચે દબાયેલા શ્રમિકોને બહાર કાઢ્યા હતા. દુર્ઘટનામાં ગંભીર ઈજાના કારણે 3 શ્રમીકો ઘટના સ્થળે મૃત્યું પામ્યા હતા. જ્યારે 5 જેટલા શ્રમીકો ઈજાગ્રસ્ત થયા છે જેમની નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. રોજીરોટી માટે નીકળેલા શ્રમીકોના મોતથી મૃતકોના પરિજનોમાં ભારે આક્રંદ છવાયો છે.ઘટનાની જાણ થતા જ તાત્કાલિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે તમામ મૃતદેહોને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે પોલીસે વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

રાધનપુર નગરપાલિકામાં વિવાદ વકર્યો, કોંગ્રેસનાં મહિલા સભ્યને લાફો મારવાની ધમકીનો આક્ષેપ

રાધનપુર: પાટણ જિલ્લાની રાધનપુર નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો રાજકીય વિવાદ ફરી એક વખત ચરમસીમાએ પહોંચ્યો છે.પાલિકાની સામાન્ય સભા દરમિયાન થયેલી ભારે બોલાચાલી બાદ વિપક્ષે ગંભીર આક્ષેપો સાથે ન્યાયની માગ ઉઠાવી છે.કોંગ્રેસનાં મહિલા સદસ્ય જયા ઠાકોરને લાફો મારવાની ધમકી અપાઈ હોવાના આક્ષેપ સાથે વિપક્ષી સભ્યોએ ભાજપ શાસકો સામે કાયદેસર પગલાં ભરવાની રજૂઆત કરી છે.જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પરબત આહિરે કહ્યું હતું કે, રાધનપુર નગરપાલિકાની સામાન્ય સભામાં શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો વચ્ચે વિવિધ પ્રશ્નોને લઈને તકરાર સર્જાઈ હતી.વિપક્ષે એવો ગંભીર આક્ષેપ કર્યો છે કે, ભાજપનાં વોર્ડ નંબર 4નાં મહિલા સદસ્ય મુક્તાબેન પટેલ દ્વારા કોંગ્રેસનાં મહિલા સદસ્ય જયા ઠાકોરને લાફો મારવાની ધમકી આપવામાં આવી હતી.

નવા અને જૂના નાગના વચ્ચેના 72 મીટરના જર્જરિત પુલનો 2.25 કરોડના ખર્ચે કાયાકલ્પ

(એજન્સી) જામનગર | તા.04

જામનગર નજીક આવેલા નવા નાગના અને જૂના નાગના ગામને જોડતો 72 મીટર લંબાઈ ધરાવતો વર્ષો જૂનો પુલ અત્યંત જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયો હતો. જેને પગલે આ માર્ગ પરથી પસાર થતાં વાહનચાલકો તેમજ બંને ગામના રહેવાસીઓ માટે અકસ્માતનો સતત ભય સતાવી રહ્યો હતો. સ્થાનિકોની રજૂઆત અને જનહિતને ધ્યાને રાખીને તંત્ર દ્વારા આ જર્જરિત પુલના સ્થાને નવો મજબૂત બ્રિજ બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.રૂપિયા 2.25 કરોડના ભવ્ય ખર્ચે આ નવનિર્માણ કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. 72 મીટરની લંબાઈ ધરાવતા આ નવા પુલનું નિર્માણ કાર્ય ગુણવત્તાયુક્ત અને ઝડપથી પૂર્ણ થાય તે માટે સંબંધિત વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે નવા અને જૂના નાગના



વચ્ચેનો આ પુલ સ્થાનિક વાહનવ્યવહાર અને દૈનિક અવરજવર માટે અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. બ્રિજનું કામ પૂર્ણ થતાં જ બંને ગામો વચ્ચેનું અંતર સરળ બનશે અને સ્થાનિક ગ્રામજનો તેમજ વાહનચાલકોને મોટી રાહત મળશે. તંત્રના જણાવ્યા અનુસાર, નિર્માણ કાર્ય નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરી પુલને જનતા માટે ખુલ્લો મૂકવાનો ધ્યેય રાખવામાં આવ્યો છે.

મનપાના કર્મચારી પર હુમલાના પડઘા

જામનગરમાં એસ્ટેટ શાખાની કડક કાર્યવાહી, રેકડી-પથારા સહિતનો સામાન જપ્ત

(એજન્સી) જામનગર | તા.04

જામનગર શહેરમાં દિવાળીના તહેવારને અનુલક્ષીને બજારોમાં ખરીદીની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને દીપક ટોકીઝથી સુભાષ માર્કેટ તેમજ બર્ધન ચોકથી માંડવી ટાવર સુધીના મુખ્ય બજાર વિસ્તારોમાં લોકોની અવરજવર વધી છે. આ વિસ્તારમાં રેકડી અને પથારા પાથરીને બેસી જતા ધંધાર્થીઓના કારણે રસ્તા પર દબાણ વધતાં ટ્રાફિકની સમસ્યા સર્જાતી હોય છે. દરમિયાન ગઈકાલે મહાનગરપાલિકાના એસ્ટેટ શાખાના કર્મચારી પર થયેલા હુમલાના બનાવ બાદ મનપાનું તંત્ર કડક બન્યું છે અને આજે વહેલી સવારથી જ દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

મહાનગરપાલિકાના દબાણ હટાવ નિરીક્ષક ધર્મેન્દ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ ઝાલા સહિતના તમામ દબાણ નિરીક્ષકો અને 35થી વધુ કર્મચારીઓની





ટીમ દ્વારા સમગ્ર વિસ્તારમાં કાર્યવાહી કરવામાં આવી હતી. રસ્તા પર અડચણરૂપ બનતી રેકડીઓ, પથારાં, પૂતળાં, શાકભાજીનાં કેરેટ, છત્રી-કાંટા તથા અન્ય સામગ્રી હટાવી જપ્ત કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન 13થી વધુ રેકડીઓ, એક કેબિન સહિતનો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલી સામગ્રી બે મોટા ટ્રેક્ટર ભરીને મહાનગરપાલિકાની કચેરી ખાતે લઈ જઈ જમા કરાવવામાં આવી હતી.

દિવાળીના તહેવારના ટાણે જ મનપાની એસ્ટેટ શાખાએ હાથ ધરેલી આ કડક કાર્યવાહીથી રસ્તા પર પથારા પાથરીને ધંધો કરતા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. ગઈકાલના હુમલાના બનાવ બાદ મનપા તંત્રએ દબાણો સામે કડક વલણ અપનાવતાં બજાર વિસ્તારમાં આ ઝુંબેશની ખાસ ચર્ચા જોવા મળી રહી છે.

ગાડી પર બેસવા જેવી સામાન્ય બાબતે બબાલ

અનુસૂચિત જાતિના યુવક અને તેના પરિવારજનોને ગાળો આપી લોખંડના પાઇપ વડે હુમલો

(એજન્સી) જામનગર | તા.04

જામનગર શહેરના હર્ષદમીલની ચાલી વિસ્તારમાં ગાડી પર બેસવા જેવી બાબતે બોલાચાલી થયા બાદ અનુસૂચિત જાતિના યુવક અને તેના પરિવારજનો પર હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ સીટી-એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે. જેમાં ચાર શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા, એટ્રોસિટી એક્ટ તથા જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, હર્ષદમીલની ચાલી, રણજીતસાગર રોડ પર રહેતો અને અભ્યાસ કરતો 18 વર્ષીય તરુણભાઈ રાજેશભાઈ સાદિયા તા.3 નવેમ્બરના રાત્રિના આશરે આઠ વાગ્યાના સમયે પોતાના ભાઈ સાથે ‘માં’ પાનના ગલ્લા સામે હાજર હતો. તે દરમિયાન વફાન ઓસમાણ ખફી નામનો શખ્સ ત્યાં આવ્યો હતો અને ફરિયાદીના ભાઈ માનવ સાથે ગાડી પર બેસવા બાબતે બોલાચાલી કરી હતી. આ દરમિયાન આરોપીએ અપશબ્દો બોલી જાતિ પ્રત્યે અપમાનજનક શબ્દો ઉચ્ચાર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.ફરિયાદીએ આ પ્રકારની ભાષાનો વિરોધ કરતાં વફાન અને તેનો ભાઈ અવેશ ઓસમાણ ખફી ત્યાં આવી પહોંચ્યા હતા.

ખાંડનો પૂરવઠો વધારવા મિલો દ્વારા પીલાણ કામગીરી ઝડપી બનાવાઈ

પીલાણ સિઝનના પ્રથમ જ મહિનામાં ૮.૪૫ લાખ ટન ખાંડનું વિક્રમી ઉત્પાદન

(એજન્સી) મુંબઈ | તા.04

૨૦૨૬-૨૭ની ઓકટોબરથી સપ્ટેમ્બરની પીલાણ મોસમના પ્રથમ જ મહિનામાં દેશમાં ૮.૪૫ લાખ ટન ખાંડનું વિક્રમી ઉત્પાદન થયું છે. આમાંથી ૭.૨૦ લાખ ટન ખાંડ એકલા મહારાષ્ટ્રની મિલો દ્વારા જ કરવામાં આવી હોવાનું નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેકટરીઝ દ્વારા જણાવાયુ હતું.

ગયા વર્ષના ઓકટોબરમાં માત્ર એક લાખ ટન જ ખાંડ ઉત્પન્ન થઈ હતી. વર્તમાન વર્ષના ૧લી ઓકટોબરે ખાંડ મિલો પાસે ૩૬ લાખ ટન ઓપનિંગ સ્ટોક હતો. તેમાંથી સરકારે ઓકટોબર માટે કુલ ૨૭ લાખ ટન ખાંડ કવોટા છૂટો કર્યો હતો.ગયા વર્ષના ઓકટોબરમાં ૩૧ મિલોએ શેરડીની પીલાણ કામગીરી શરૂ કરી હતી જ્યારે વર્તમાન વર્ષમાં ૧૫૨ મિલોએ પીલાણ કામગીરી શરૂ કરી દીધી છે અને બાકીની મિલો ટૂંક સમયમાં કામગીરી શરૂ કરશે.સરકારના અનુરોધને ધ્યાનમાં રાખી મિલોએ આ વર્ષે પીલાણ કામગીરી વહેલી શરૂ કરી દીધી છે. દેશમાં ખાંડના ઊંચા ભાવને ધ્યાનમાં રાખી તહેવારો દરમિયાન પૂરવઠો વધારી ખાંડના ભાવ અંકૂશમાં રાખવા સરકારે પીલાણ કામગીરી વહેલી શરૂ કરવા અનુરોધ કર્યો હતો.દરમિયાન નવેમ્બરના પ્રથમ પખવાડિયા માટે સરકારે મિલોને ૧૩ લાખ ટન ખાંડ કવોટાની ફાળવણી કરવામાં આવી છે.નવા નિયમ પ્રમાણે દરેક મિલોએ તેમને ફાળવાયેલા પખવાડિક કવોટામાંથી ઓછામાં ઓછી ૪૦ ટકા ખાંડ પખવાડિયાના પ્રથમ સપ્તાહમાં અને બાકીની ખાંડ બીજા સપ્તાહમાં વેચી દેવાની રહેશે.દર પખવાડિયે કવોટા જારી કરવાથી ખાંડની સંગ્રહખોરી અટકાવવામાં મદદ મળશે એમ અન્ન મંત્રાલયના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું. અલ નિનોની અસરને કારણે વર્તમાન વર્ષમાં દેશનું ખાંડ ઉત્પાદન નીચુ ઊતરવાની ધારણાં રાખવામાં આવી રહી છે.



સોનાના દાગીનાની શુદ્ધતા ચેક કરવી હોય તો ઘરે બેઠાં કરો આ 5 ઉપાય

(એજન્સી) મુંબઈ | તા.04

દિવાળી-ધનતેરસમાં સોનાની ખરીદી સમયે શુદ્ધતા ચકાસવા BIS Care એપનો ઉપયોગ કરી HUID કોડ દ્વારા હોલમાર્કવાળા ઘરેણાંની વિગતો મેળવી શકાય છે. સ્થાનિક સોની પાસેથી ખરીદેલ સોનું 236 રૂપિયાના ખર્ચે હોલમાર્કિંગ સેન્ટર પર ચકાસી શકાય છે. 24K સોનું 99.9% શુદ્ધ હોય છે, જ્યારે 22K (91.6%) અને 18K (75%) ઘરેણાંમાં વપરાય છે. બિલ લેવું અને તેના પર શુદ્ધતા નોંધાવવી ફરજિયાત છે. દિવાળી અને ધનતેરસના તહેવારો દરમિયાન લોકો સોનાનાં ઘરેણાં, સિક્કા અને બાર (લગડી) ખરીદે છે. જોકે, સોનાની ખરીદી વખતે તેમાં ભેળસેળ હોવાની આશંકા પણ રહે છે. આવી સ્થિતિમાં ઘરેણાંની શુદ્ધતા કેવી રીતે તપાસવી અને ખરીદેલું સોનું કેટલા કેરેટનું છે તે કેવી રીતે જાણવું, તે સમજવું જરૂરી છે. સોનાની ચોક્કસ શુદ્ધતા જાણવા માટે નિષ્ણાતો અને પ્રમાણિત પરીક્ષણ કેન્દ્રોની મદદ સૌથી વિશ્વસનીય છે. જોકે, કેટલીક પ્રાથમિક તપાસ ઘરે બેઠાં પણ કરી શકાય છે.ઓલ ઈન્ડિયા જ્વેલર્સ એન્ડ ગોલ્ડસ્મિથ ફેડરેશનના અધિકારીક નિવેદનમાં જણાવ્યા અનુસાર, જો તમે HUID કોડ ધરાવતાં હોલમાર્કવાળાં ઘરેણાં ખરીદ્યાં હોય, તો BIS Care એપ દ્વારા તેની વિગતો મેળવી શકાય છે. આ એપમાં ઘરેણાંની શુદ્ધતા અને તેની ઓળખ સંબંધિત માહિતી તપાસી શકાય છે. જો ઘરેણાં સ્થાનિક સોની પાસેથી ખરીદ્યાં હોય, તો તેને હોલમાર્કિંગ સેન્ટર પર લઈ જઈને 236 રૂપિયાના ખર્ચે શુદ્ધતાની તપાસ કરાવી શકાય છે, એવો તેમનો દાવો છે.

નિષ્ણાતો સોનાની શુદ્ધતા કેવી રીતે તપાસે છે?

સોનાની શુદ્ધતા જાણવા માટે હોલમાર્કિંગ સેન્ટર અને નિષ્ણાતો વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. XRF સ્પેક્ટ્રોમીટર: આ મશીન એક્સ-રેની મદદથી સોનામાં રહેલી વિવિધ ધાતુઓનું પ્રમાણ તપાસે છે. આ પદ્ધતિ સામાન્ય રીતે ઘરેણાંને ઓગાળ્યા વિના તપાસ કરવાની સુવિધા આપે છે.એસિડ અને કસોટી પથ્થર ટેસ્ટ: ઘરેણાંને કસોટી પથ્થર પર ઘસીને પડેલી રેખા પર વિશિષ્ટ એસિડનો ઉપયોગ કરવામાં આવે છે. તેના આધારે સોનાની શુદ્ધતાનો અંદાજ મેળવવામાં આવે છે.ફાયર એશે ટેસ્ટ: આ પ્રયોગશાળામાં કરવામાં આવતી વિશ્લેષણ પદ્ધતિ છે, જેમાં નમૂનામાંથી અન્ય ધાતુઓને અલગ કરીને સોનાનું પ્રમાણ માપવામાં આવે છે.

News Brief

અમૂલ ઘી ₹50, બટર ₹15 મોંઘું... દિવાળી પહેલા ભાવ વધારો ઝીંકાયો, તહેવારોમાં મીઠાઈ મોંઘી થશે

(એજન્સી) અમદાવાદ | તા.04


તહેવારોની સિઝનમાં મિઠાઈઓ અને વાનગીઓ બનાવવાની તૈયારી કરી રહેલા સામાન્ય નાગરિકોના બજેટ પર મોટો ફટકો પડ્યો છે. દિવાળીના તહેવાર પૂર્વે જ અમૂલે ઘી અને બટરના ભાવમાં વધારો ઝીંક્યો છે. કંપની દ્વારા 1 કિલો ઘીના પેકેટ પર સીધો 50નો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે 500 ગ્રામ બટરનું પેકેટ પણ 15 મોંઘું થઈ ગયું છે. ભાવવધારાની સાથે સાથે કેટલાક બજારોમાં અમૂલના ગાયના ઘીની અછત પણ જોવા મળી રહી છે, જેના કારણે ગ્રાહકોની મુશ્કેલીઓ વધી ગઈ છે.અમૂલના નવા ભાવ મુજબ, 1 કિલો ઘીનું પેકેટ હવે 630ના બદલે 680માં મળશે. તે જ રીતે 500 ગ્રામ ઘીના પાઉચની કિંમત 325થી વધારીને 345 કરવામાં આવી છે. બટરની વાત કરીએ તો, 100 ગ્રામ બટરનું પેકેટ 63થી વધીને 66 અને 500 ગ્રામનું પેક 310થી વધીને 325 થઈ ગયું છે. આ ઉપરાંત ઓનલાઈન પ્લેટફોર્મ પર ગાયનું ઘી 740 પ્રતિ લીટર અને ભેંસનું ઘી 720 પ્રતિ લીટરના ભાવે મળી રહ્યું છે, જ્યાં પણ સ્ટોક ઓછો હોવાના સંકેતો મળી રહ્યા છે. ઘીના ભાવ વધવા અને સપ્લાય ખોરવાવા પાછળ માગમાં ભારે ઉછાળો જવાબદાર માનવામાં આવે છે. તાજેતરમાં ગુજરાત અને રાજસ્થાનમાં નકલી ઘી વિરુદ્ધ થયેલી કાર્યવાહી બાદ ગ્રાહકોનો ભરોસો બ્રાન્ડેડ ઘી પર વધ્યો છે. છેલ્લા 6 મહિનામાં આ બંને રાજ્યોમાંથી આશરે 2 લાખ કિલો નકલી ઘી જપ્ત કરાયું હતું. આ સિવાય તહેવારો દરમિયાન આખા વર્ષના કુલ ઘીના વપરાશનો લગભગ 45% હિસ્સો વપરાય છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પછી રોકાણો માટે હેલ્થકેર બીજું મોટું ક્ષેત્ર

હેલ્થકેર ક્ષેત્રમાં PE/VC ફંડિંગમાં ૬૨૧ ટકાનો થયેલો તોતિંગ વધારો

(એજન્સી) અમદાવાદ | તા.04

ભારતના હેલ્થકેર ક્ષેત્રમાં પ્રાઈવેટ ઈક્વિટી (પીઈ) અને વેન્ચર કેપિટલ (વીસી) રોકાણ FY૨૭ના બીજા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૬૨૧% વધીને ૩.૧ બિલિયન ડોલર પર પહોંચી ગયું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પછી આવા રોકાણો માટે હેલ્થકેર બીજું સૌથી મોટું ક્ષેત્ર હતું.આ રોકાણ અગાઉના ક્વાર્ટર કરતાં લગભગ ૧૦ ગણું વધારે હતું તેમ ઈવાય અને ઈન્ડિયન પ્રાઈવેટ ઈક્વિટી એન્ડ વેન્ચર કેપિટલ એસોસિયેશનના અહેવાલમાં જણાવાયું હતું. સમગ્ર પીઈ /વીસી રોકાણો માટે સપ્ટેમ્બર આ વર્ષનો સૌથી મજબૂત મહિનો રહ્યો હતો.સૂચિત સમયમાં રોકાણ મૂલ્યમાં વધારા સાથે ડીલ્સની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો હતો. અગાઉના ક્વાર્ટરના ૧૯ સોદાઓની સરખામણીએ બીજા ક્વાર્ટરમાં આ ક્ષેત્રમાં ૨૮ સોદા નોંધાયા હતા.માત્ર સપ્ટેમ્બર મહિનામાં જ આ ક્ષેત્રે ૧.૧ બિલિયન ડોલરનું રોકાણ આકર્ષિત કર્યું હતું, જે ગત



વર્ષના સમાન સમયગાળા કરતાં ૪૬૫% વધુ છે. જુલાઈમાં ૬ અને ઓગસ્ટમાં ૮ સોદાની સામે સપ્ટેમ્બરમાં ૧૧ સોદા નોંધાયા હતા.

ક્વાર્ટર દરમિયાન સૌથી મોટા રોકાણો હોસ્પિટલ ચેઈન્સ અને અન્ય હેલ્થકેર કંપનીઓમાં થયા હતા.આ ક્વાર્ટર દરમિયાન મોટાભાગનું રોકાણ હોસ્પિટલ ચેઈન્સ અને અન્ય હેલ્થકેર કંપનીઓમાં ગયું હતું. અહેવાલમાં એ પણ જણાવાયું છે કે ક્વાર્ટર દરમિયાન હેલ્થકેર ક્ષેત્રે ૧.૪ બિલિયન ડોલરના એક્ઝિટ્સ (રોકાણ પાછું ખેંચવું) પણ નોંધાયા હતા. ક્ષેત્રવાર એક્ઝિટ્સમાં ફાઈનાન્સિયલ સર્વિસિસ (૨.૮ બિલિયન ડોલર) અને ઈ-કોમર્સ (૨ બિલિયન ડોલર) પછી હેલ્થકેર ત્રીજા ક્રમે રહ્યું હતું.તમામ ક્ષેત્રોની વાત કરીએ તો, પીઈ/વીસી રોકાણો આ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૪૬% વધીને ૧૭.૧ બિલિયન ડોલર થયા હતા. જોકે કુલ ડીલ્સની સંખ્યા ૯% ઘટીને ૩૪૮ થઈ હતી, જે દર્શાવે છે કે કુલ રોકાણમાં થયેલો વધારો મોટા વ્યવહારો (લાર્જર ટ્રાન્ઝેક્શન્સ) ને કારણે હતો. અહેવાલ અનુસાર, ૧૩ બિલિયન ડોલરની કિંમતના ૩૬ મોટા સોદાઓ ક્વાર્ટરના કુલ રોકાણના ૭૬% હિસ્સો ધરાવતા હતા.અહેવાલ દર્શાવે છે કે આ વર્ષે સમગ્ર પીઈ/વીસી રોકાણો માટે સપ્ટેમ્બર સૌથી મજબૂત મહિનો હતો. જોકે, મોંઘવારી અને ક્રૂડ ઓઈલના ઊંચા ભાવો વચ્ચે રોકાણકારો આગામી મહિનાઓમાં વધુ સાવચેત બની શકે છે.

વીમા કંપનીએ દાવો નકારતા ગ્રાહક આયોગનો મોટો ચુકાદો. LIC ની અપીલ ફગાવીને પત્નીના પક્ષમાં આપ્યો નિર્ણય

(એજન્સી) મુંબઈ | તા.04

જ્યારે કોઈ વ્યક્તિ વીમા પૉલિસી ખરીદ્યા પછી મૃત્યુ પામે છે, ત્યારે વીમાની રકમ તેમના પરિવારને નાણાકીય સહાય પૂરી પાડે છે. પરંતુ, જ્યારે વીમા કંપની તબીબી સ્થિતિ છુપાવવાનો આરોપ લગાવીને ચૂકવણી કરવાનો ઈનકાર કરે છે, ત્યારે પરિવારને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મધ્યપ્રદેશમાં પણ આવો જ એક કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક મહિલાએ તેના પતિની જીવન વીમા પૉલિસીના નાણાં મેળવવા માટે લાંબી કાનૂની લડાઈ લડી હતી અને આખરે ગ્રાહક આયોગે LIC ની અપીલ ફગાવીને તેમના પક્ષમાં ચુકાદો આપ્યો હતો. ભારતીય જીવન વીમા નિગમ (LIC) એ દાવો કર્યો હતો કે મૃતક હસનંદે પૉલિસી રિવાઈવ કરતી વખતે પોતાના તબીબી ઈતિહાસની સાચી માહિતી આપી ન હતી. LIC અનુસાર, તેમને ટાઈપ ૨ ડાયાબિટીસ અને હાઈ બ્લડ પ્રેશર હતું, જે સ્વાસ્થ્ય ઘોષણા ફોર્મમાં છુપાવવામાં આવ્યું હતું. કંપનીએ ડૉક્ટરના તબીબી પ્રમાણપત્રનો પણ હવાલો આપ્યો હતો. જોકે, આશા દેવીએ આ દાવાને ફગાવતા જણાવ્યું હતું કે તેમના પતિની કોઈ ડૉક્ટર દ્વારા સારવાર કરવામાં આવી ન હતી.આ મામલો મધ્યપ્રદેશના રહેવાસી આશા દેવી શીતલાણીનો છે. તેમના પતિ હસનંદે 14 માર્ચ, 2006 અને 21 ઓક્ટોબર, 2008ના રોજ અનુક્રમે 1 લાખ અને 2 લાખ રૂપિયાની બે જીવન વીમા પૉલિસી લીધી હતી. સમયસર પ્રીમિયમ ન ભરાવાને કારણે પૉલિસી રદ થઈ ગઈ હતી, જેને ૧૪ ડિસેમ્બર, 2010ના રોજ પુનઃજીવિત કરવામાં આવી હતી. માર્ચ 2012માં હસનંદનું અવસાન થતાં તેમની પત્નીએ વીમા રકમનો દાવો કર્યો હતો, પરંતુ LIC દ્વારા 16 જાન્યુઆરી, 2014ના રોજ આ દાવો નકારી કાઢવામાં આવ્યો હતો. મધ્યપ્રદેશ રાજ્ય ગ્રાહક આયોગે નોંધ્યું હતું કે LIC બીમારી છુપાવવાના આરોપને સિદ્ધ કરવા માટે પૂરતા તબીબી પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહી છે.

ડૉલર સામે રૂપિયો

ડૉલર સામે રૂપિયો ગબડીને 102 ના તળિયે પહોંચશે? ભારતીય કરન્સી અંગે ડરામણી ભવિષ્યવાણી

(એજન્સી) મુંબઈ | તા.04

ભારતીય રૂપિયામાં તાજેતરમાં જોવા મળેલી મજબૂતી વચ્ચે હવે ફરી મોટો ઘટાડો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. એક્સિસ બેંક રિસર્ચના અંદાજ મુજબ, ડિસેમ્બર 2027 સુધીમાં અમેરિકી ડૉલર સામે રૂપિયો 102ના સ્તરે પહોંચી શકે છે. જ્યારે ડિસેમ્બર 2028 સુધીમાં તે વધુ નબળો પડીને 106 સુધી ગગડી શકે છે. જો આ અંદાજ સાચા સાબિત થાય તો ભારતના અર્થતંત્રથી લઈને સામાન્ય લોકોના બજેટ સુધી તેની અસર જોવા મળી શકે છે.એક્સિસ બેંક રિસર્ચે મંગળવારે જાહેર કરેલા 'ધ મિડલ (કિંગડમ) પાથ' નામના રિપોર્ટમાં ભારતીય ચલણ અંગે પોતાનો અગાઉનો અંદાજ યથાવત રાખ્યો છે. રિપોર્ટ અનુસાર, માર્ચ 2027 સુધીમાં ડૉલર સામે રૂપિયો 97થી 99 અને જૂન 2027 સુધીમાં 98થી 100ના સ્તરે પહોંચી શકે છે. આગળ જતાં ડિસેમ્બર 2027 સુધીમાં રૂપિયો 102 અને ડિસેમ્બર 2028 સુધીમાં 106 સુધી નબળો પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એક્સિસ બેંકના રિપોર્ટ પ્રમાણે, રૂપિયામાં તાજેતરમાં આવેલી મજબૂતીથી થોડા સમય માટે રાહત મળી શકે છે, પરંતુ ભારતના બાહ્ય ક્ષેત્ર પર રહેલા માળખાકીય દબાણને કારણે લાંબા ગાળે રૂપિયો નબળો પડી શકે છે. રિપોર્ટમાં મૂડીના બહાર જતા પ્રવાહ અને વિદેશી હૂંડિયામણના ભંડારને ફરી મજબૂત બનાવવાની જરૂરિયાતને મહત્ત્વનાં કારણો ગણાવવામાં આવ્યાં છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) રૂપિયાના ઉતાર-ચઢાવને નિયંત્રિત કરવા સતત હસ્તક્ષેપ કરી રહી છે. જોકે, તેના કારણે અસરકારક વિદેશી હૂંડિયામણના ભંડાર પર દબાણ આવ્યું હોવાનું રિપોર્ટમાં જણાવાયું છે. આ ઉપરાંત, લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) હેઠળ દર મહિને અંદાજે 2થી 3 અબજ ડૉલર અને વિદેશમાં સીધા રોકાણ (ODI) મારફતે આશરે 3 અબજ ડૉલરનો મૂડીપ્રવાહ દેશની બહાર જઈ રહ્યો હોવાનો પણ રિપોર્ટમાં ઉલ્લેખ છે. લાંબા સમયથી ઘટાડાનો સામનો કરી રહેલા રૂપિયામાં તાજેતરમાં સુધારો જોવા મળ્યો હતો. ગત સપ્તાહે ડૉલર સામે રૂપિયો 37 પૈસા મજબૂત થયો હતો. વિદેશી પોર્ટફોલિયો રોકાણમાં વધારો, અમેરિકી ટ્રેઝરી યીલ્ડમાં ઘટાડો અને ડૉલરની સ્થિરતાને આ સુધારા પાછળનાં કારણો ગણાવવામાં આવ્યાં હતાં.

કમ્યુનિટી બ્રેસ્ટ હેલ્થ પ્રોગ્રામ દ્વારા સમગ્ર ગુજરાતમાં 32,000થી વધુ મહિલાઓનું સ્ક્રીનિંગ

(એજન્સી) અમદાવાદ | તા.04

સમગ્ર ગુજરાતમાં સમુદાય- આધારિત સ્તન આરોગ્ય સ્ક્રીનિંગ પહેલ મહિલાઓને ખાસ કરીને જેઓ નિયમિત આરોગ્ય સંભાળ મેળવવામાં અવરોધોનો સામનો કરે છે તેમના માટે પ્રારંભિક મૂલ્યાંકન લાવવામાં મદદ કરી રહી છે. iBreastExam એક પોર્ટેબલ, બિન-આક્રમક અને કિરણોત્સર્ગ- મુક્ત સ્તન આરોગ્ય સ્ક્રીનિંગ ઉપકરણનો ઉપયોગ કરીને આ કાર્યક્રમો સમુદાયોમાં સ્ક્રીનિંગ સેવાઓનો વિસ્તાર કરી રહી છે અને વધુ ચિકિત્સકીય મૂલ્યાંકનની જરૂર હોય તેવી મહિલાઓ માટે રેફરલ્સની સુવિધા આપી રહી છે. આરોગ્ય સંભાળ, શિક્ષણ અને સામાજિક સહાય દ્વારા વંચિત સમુદાયોના જીવનને સુધારવા માટે કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશન સમગ્ર ગુજરાતમાં તેના સ્તન કેન્સર જાગૃતિ, સ્ક્રીનિંગ અને નિદાન કાર્યક્રમનો અમલ કરી રહ્યું છે. જૂન 2023થી ફાઉન્ડેશને 30 સપ્ટેમ્બર, 2026 સુધીમાં iBreastExamનો ઉપયોગ કરીને 17 કેન્દ્રો અને 16 જિલ્લાઓમાં 32,325 મહિલાઓનું સ્ક્રીનિંગ કર્યું છે.આ કાર્યક્રમનો ઉદ્દેશ ભૌગોલિક રીતે પડકારજનક વિસ્તારોમાં રહેતી મહિલાઓ સહિત સ્તન સ્વાસ્થ્ય જાગૃતિ અને પ્રારંભિક તપાસને નજીક લાવવાનો છે. તાલીમ પામેલા સંયોજકો પોર્ટેબલ ડિવાઇસનો ઉપયોગ સમુદાયોમાં સ્ક્રીનિંગ કરવા માટે કરે છે, જે મુસાફરી અને અન્ય ઍક્સેસ અવરોધોને ઘટાડવામાં મદદ કરે છે. અસામાન્ય પરિણામો ધરાવતી મહિલાઓને વધુ ચિકિત્સકીય મૂલ્યાંકન અને ડાયગ્નોસ્ટિક તપાસ માટે કાઉન્સેલિંગ અને રેફરલ્સ મળે છે, જે સંભાળ પ્રક્રિયા દ્વારા સતત માર્ગદર્શન દ્વારા સમર્થિત છે.કાર્યક્રમ વિશે બોલતાં આશીર્વાદ ફાઉન્ડેશનનાં સીઈઓ શ્રીમતી મોના પટેલે જણાવ્યું હતું કે, "અમારું ધ્યાન હંમેશાં ગરીબ સમુદાયો માટે આવશ્યક આરોગ્ય સંભાળ સેવાઓને વધુ સુલભ બનાવવા પર રહ્યું છે. અમારા સ્તન કેન્સર જાગૃતિ, સ્ક્રીનિંગ અને નિદાન કાર્યક્રમ દ્વારા અમે સમગ્ર ગુજરાતમાં મહિલાઓ માટે સ્ક્રીનિંગને નજીક લાવી રહ્યા છીએ, જેમાં એવા વિસ્તારોનો પણ સમાવેશ થાય છે જ્યાં આરોગ્ય સંભાળની ઍક્સેસ પડકારજનક હોઈ શકે છે. iBreastExam અમારા પ્રશિક્ષિત સંયોજકોને સમુદાયોમાં પ્રારંભિક તપાસ કરવા સક્ષમ બનાવે છે, જ્યારે કાઉન્સેલિંગ અને રેફરલ સપોર્ટ મહિલાઓને યોગ્ય ચિકિત્સકીય મૂલ્યાંકન તરફ આગળનાં પગલાં લેવામાં મદદ કરે છે. અમારું માનવું છે કે જાગૃતિ અને ઍક્સેસમાં સુધારો કરવાથી વધુ મહિલાઓ તેમના સ્તન સ્વાસ્થ્યને અગ્રતા આપવા માટે પ્રોત્સાહિત થઈ શકે છે."

"જ્યારે તમારી આકાંક્ષાને તીવ્રતાથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે, ત્યારે સંસાધનો અનુસરશે" – ડૉ. અજય ચૌધરી, સહ-સ્થાપક, HCL

(ડૉ. અજય ચૌધરી મુખ્ય મહેમાન હતા અને ICFAI ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશન, હૈદરાબાદ ખાતે સોળમા દીક્ષાંત સમારોહમાં દીક્ષાંત સંબોધન આપ્યું હતું) "તમારા વર્તમાન કમ્ફર્ટ ઝોનમાં સુઘડ રીતે બંધબેસતા જીવન માટે સમાધાન ન કરો. તમે ક્યાં છો અને તમે ક્યાં બનવા માંગો છો તે વચ્ચે અંતર બનાવો, મશીનોની સાથે શીખવાની તમારી ક્ષમતા પર વિશ્વાસ કરો, અને તમારી આકાંક્ષાને તમને આગળ ખેંચવા દો," HCLના સહ-સ્થાપક ડૉ. અજય ચૌધરીએ સંસ્થાના સોળમા દીક્ષાંત સમારોહમાં ICFAI ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશન, હૈદરાબાદમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું. મહત્વાકાંક્ષા સંસાધનો કરતાં મોટી હોવી જોઈએ તેના પર ભાર મૂકતા, ડૉ. ચૌધરીએ સ્નાતકોને સંસાધનોની મર્યાદાઓને તેમની મહત્વાકાંક્ષાઓને મર્યાદિત ન થવા દેવા વિનંતી કરી. 1975માં મર્યાદિત સંસાધનો પરંતુ મહત્વાકાંક્ષી દ્રષ્ટિ ધરાવતા છ યુવાન ઈજનેરો દ્વારા HCLની સ્થાપનાનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે આકાંક્ષા નવીનતા અને સાધનસંપત્તિને આગળ ધપાવી શકે છે. તેમણે મહત્વાકાંક્ષા અને ઉપલબ્ધ સંસાધનો વચ્ચેના અંતરને સર્જનાત્મક તણાવના સ્ત્રોત તરીકે વર્ણવ્યું જે વ્યક્તિઓને પરંપરાગત મર્યાદાઓથી આગળ વિચારવા માટે દબાણ કરે છે.ડૉ. ચૌધરીએ ટેકનોલોજીકલ પ્રગતિની પરિવર્તનશીલ ગતિ પર પ્રકાશ પાડ્યો, ખાસ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તામાં, અને ભાર મૂક્યો કે આજે પ્રાપ્ત થયેલ કુશળતા અને જ્ઞાન સતત વિકસિત થવું જોઈએ. તેમણે સ્નાતકોને AI ને ખતરા તરીકે નહીં પણ જ્ઞાનાત્મક એમ્પ્લીફાયર તરીકે સ્વીકારવા વિનંતી કરી, સતત શીખવા અને અનુકૂલનક્ષમતાના મહત્વ પર ભાર મૂક્યો. તેમને યાદ અપાવતા કે તેમની ડિગ્રીઓ તેમની શીખવાની ક્ષમતાનો પુરાવો છે, તેમની ક્ષમતાને મર્યાદિત નહીં,



તેમણે તેમને હાલની શક્યતાઓથી આગળ જોવા અને ભવિષ્યને આકાર આપવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા.સ્નાતક વિદ્યાર્થીઓને સંબોધતા, યુનિવર્સિટીના ચાન્સેલર ડૉ. સી. રંગરાજને દેશના ભવિષ્યને આકાર આપવામાં તેઓ જે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેના પર ભાર મૂક્યો. તેમનું ભવિષ્ય રાષ્ટ્ર સાથે જોડાયેલું હોવાનું અવલોકન કરીને, તેમણે સ્નાતકોને 'પરિવર્તનના આવનારા નેતાઓ' તરીકે વર્ણવ્યા અને તેમને આગળ રહેલી તકો અને જવાબદારીઓને ઓળખવા વિનંતી કરી. યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા એકપક્ષીય ટેરિફ લાદવામાં આવ્યા હતા અને યુએસ-ઈરાન સંઘર્ષ, જેણે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગમાં વિક્ષેપ પાડ્યો હતો, તેનો ઉલ્લેખ કરતા, ડૉ. રંગરાજને અવલોકન કર્યું, 'આંતરરાષ્ટ્રીય વેપાર પ્રણાલીના બે સ્તંભો તૂટી ગયા છે' - ટેરિફ દરો પર આંતરરાષ્ટ્રીય સર્વસંમતિ અને દરિયાઈ માર્ગો દ્વારા માલની મુક્ત અવરજવર. 'આપણે કમનસીબે 'શક્તિ યોગ્ય છે' ના યુગમાં પ્રવેશી રહ્યા છીએ,' તેમણે ટિપ્પણી કરી, ઉભરતી ભૂ-રાજકીય અને આર્થિક અનિશ્ચિતતાઓને સંબોધવા માટે ભારતને તેની વિકાસ વ્યૂહરચનાનું પુનર્ગઠન કરવા હાકલ કરી.

ડૉ. રંગરાજને વૈશ્વિક સ્પર્ધાત્મકતા જાળવી રાખીને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સ્થાનિક ઉત્પાદનને પ્રાથમિકતા આપવા હાકલ કરી. આયાત અવેજીકરણ સામે ચેતવણી આપતા, તેમણે ભાર મૂક્યો કે 'મેક ઈન ઈન્ડિયા 'બાકીના વિશ્વ' માટે હોવું જોઈએ.' તેમણે મહત્વપૂર્ણ ચીજવસ્તુઓના વ્યૂહાત્મક ભંડાર બનાવવાની, આયાતી ઊર્જા પર નિર્ભરતા ઘટાડવાની અને કૃત્રિમ બુદ્ધિમત્તા જેવી ઉભરતી તકનીકોને અપનાવવાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો. રોજગાર પર AI ની અસરને સ્વીકારતા, તેમણે ભાર મૂક્યો કે ભારત તકનીકી વિકાસથી પાછળ રહી શકે તેમ નથી. તેમણે ભાર મૂક્યો કે આર્થિક કાર્યક્ષમતા સાથે સમાધાન કર્યા વિના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં વધુ આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવી જોઈએ.

રંગરાજને ભારતની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટે માળખાકીય સુધારાઓ, ભૌતિક અને સામાજિક માળખાગત સુવિધાઓમાં વધુ રોકાણ અને જ્ઞાન અને નવીનતા પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. વૈશ્વિક નવીનતા રેન્કિંગનો ઉલ્લેખ કરતા, તેમણે નોંધ્યું કે દક્ષિણ કોરિયા અને ચીન અનુક્રમે ચોથા અને દસમા ક્રમે છે, જ્યારે ભારત 38મા ક્રમે છે. તેમણે અવલોકન કર્યું કે આ દેશોના પ્રદર્શને નવીનતા અને સ્પર્ધાત્મકતા વચ્ચે મજબૂત હકારાત્મક સહસંબંધ સૂચવ્યો છે, ઉમેર્યું કે 'આ એક સ્પષ્ટ ક્ષેત્ર છે જ્યાં ભારત ઘણું બધું કરી શકે છે.' તેમણે ભાર મૂક્યો કે વૈશ્વિકરણના વર્તમાન સંદર્ભમાં નવીનતાને મજબૂત બનાવવી ખાસ કરીને મહત્વપૂર્ણ છે. આંતરરાષ્ટ્રીય વેપાર પર, તેમણે અવલોકન કર્યું કે કાર્યરત બહુપક્ષીય વેપાર પ્રણાલીની ગેરહાજરીમાં મુખ્ય ભાગીદારો સાથે મુક્ત વેપાર કરારો જરૂરી છે, પરંતુ તેમના પર વધુ પડતી અપેક્ષાઓ મૂકવા સામે ચેતવણી આપી, આવા કરારોને 'બીજો શ્રેષ્ઠ ઉકેલ' ગણાવ્યો. કેટલાક પ્રસ્તાવિત નીતિગત ફેરફારો ઉદારીકરણના સિદ્ધાંતોની વિરુદ્ધ હોઈ શકે છે તે સ્વીકારતા, તેમણે ભાર મૂક્યો કે અગ્રણી દેશો દ્વારા વૈશ્વિક વેપાર પ્રત્યેના બદલાતા અભિગમના પ્રતિભાવમાં તે જરૂરી છે.

યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ રજૂ કરતા, IFHE ના વાઈસ ચાન્સેલર પ્રો. (ડૉ.) એ વિનય કુમારે 2025-26 દરમિયાન શૈક્ષણિક શ્રેષ્ઠતા, સંશોધન, નવીનતા અને ઉદ્યોગ જોડાણમાં યુનિવર્સિટીની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો. દીક્ષાંત સમારોહ દરમિયાન, 4000 થી વધુ વિદ્યાર્થીઓએ તેમની ડિગ્રીઓ પ્રાપ્ત કરી. વિદ્યાર્થીઓને મેનેજમેન્ટ, કાયદામાં, અને વિજ્ઞાન અને ટેકનોલોજી અને અર્થશાસ્ત્રમાં પીએચ.ડી. ડિગ્રીઓ એનાયત કરવામાં આવી. વિદ્યાર્થીઓને IBS હૈદરાબાદ અને બેંગલુરુના કેમ્પસ બહારના કેન્દ્રમાંથી MBA ડિગ્રી પણ આપવામાં આવી. એક્ઝિક્યુટિવ MBA, ઓનલાઈન MBA અને ડિસ્ટન્સ એમબીએ ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. સ્નાતક થયેલા વિદ્યાર્થીઓમાં ICFAI સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે.

ડૉ. અજય ચૌધરી અને ડૉ. નાગેશ્વર રેડ્ડી, ચેરમેન, AIG હોસ્પિટલ્સને ડિગ્રી ઓનરિસ કાઉસા એનાયત કરવામાં આવી હતી. માનદ ડોક્ટરેટ પ્રાપ્ત કર્યા બાદ, ડૉ. ડી. નાગેશ્વર રેડ્ડીએ ચાન્સેલર ડૉ. સી. રંગરાજન અને મુખ્ય મહેમાન ડૉ. અજય ચૌધરીનો આભાર વ્યક્ત કર્યો. તેમણે ICFAIના સ્થાપક, સ્વર્ગસ્થ શ્રી એન. જે. યાસસ્વીના દેશભરમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવા અને શ્રેષ્ઠતા ધરાવતી સંસ્થાઓના નિર્માણમાં યોગદાનને યાદ કર્યું, અને યુનિવર્સિટીના ફેકલ્ટી અને શૈક્ષણિક વાતાવરણની પ્રશંસા કરી. સ્નાતકોને સંબોધતા, તેમણે અવલોકન કર્યું કે 'મહત્વાકાંક્ષા અને આદર્શવાદ નવીનતા સાથે મળીને આ દેશને બદલી શકે છે.' વિદ્યાર્થીઓને ભારતની પ્રગતિમાં યોગદાન આપવા વિનંતી કરતા, તેમણે વધુમાં કહ્યું, 'નવીનતા લાવો, બનાવો, દેશ બદલો. અહીં પાછા રહો અને આને વિશ્વના મહાન દેશોમાંનો એક બનાવો.'

દિક્ષાંત સમારોહમાં વિવિધ મેડલ અને પુરસ્કારો દ્વારા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓ અને સિદ્ધિઓને માન્યતા આપવામાં આવી હતી. MBA માં સર્વાંગી શ્રેષ્ઠતા માટે શ્રેષ્ઠ વિદ્યાર્થી માટે N J Yasaswy એવોર્ડ, તંદ્રા સાઈ અકેશને આપવામાં આવ્યો હતો. યજ્ઞમૂર્તિ કલ્યાણ કુમારને શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે ગોલ્ડ મેડલ મળ્યો હતો. વિદ્યાર્થીએ MBA પ્રોગ્રામના ફાઈનાન્સ સ્ટ્રીમમાં પ્રથમ ક્રમાંક ધારક તરીકે ફૈયાઝ અહેમદ ખાન મેમોરિયલ ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો. શૈક્ષણિક શ્રેષ્ઠતામાં બીજો ક્રમ મેળવવા બદલ સૃષ્ટિને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.સંદેશ ભાટલેને બે સન્માન મળ્યા - ફાઈનાન્સમાં શ્રેષ્ઠ વિદ્યાર્થી માટે મનીષ રેડ્ડી રાવી એવોર્ડ, અને અર્થશાસ્ત્રમાં ટોચ પર આવવા બદલ IFHE ના સ્થાપક વાઈસ-ચાન્સેલરના માનમાં સ્થાપિત પ્રો. જે. મહેન્દ્ર રેડ્ડી ગોલ્ડ મેડલ. MBA માર્કેટિંગ સ્ટ્રીમમાં ટોચ પર આવનાર સૌરભ શર્મા મેમોરિયલ ગોલ્ડ મેડલ, ઉત્સવ કુમાર રોયને અને માનવ સંસાધન વ્યવસ્થાપનમાં ટોચ પર આવનાર ગોવિંદ શાનબોગ એવોર્ડ, દતલા વેંકટ ગાયત્રીને આપવામાં આવ્યો હતો. .ICFAI ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશન (IFHE) વિશે: ICFAI ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશન (IFHE) એ UGC એક્ટ 1956 ની કલમ 3 હેઠળ ડીમ્ડ-ટુ-બી યુનિવર્સિટી છે. ICFAI બિઝનેસ સ્કૂલ (IBS) IFHE નો એક ઘટક છે. 6,500 થી વધુ વિદ્યાર્થીઓ ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ (ICFAI બિઝનેસ સ્કૂલ), ફેકલ્ટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ICFAITech), ફેકલ્ટી ઓફ લો (ICFAI લો સ્કૂલ), ICFAI સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સિસ અને ICFAI સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, NAAC, જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સ્વાયત્ત સંસ્થા છે, માં વિવિધ કાર્યક્રમો ચલાવી રહ્યા છે. યુનિવર્સિટીને 4 માંથી 3.59 ના પ્રભાવશાળી સ્કોર (સંસ્થાકીય CGPA) સાથે 'A++' ગ્રેડ સાથે માન્યતા આપવામાં આવી છે. ICFAI ફાઉન્ડેશન ફોર હાયર એજ્યુકેશન હવે કેટેગરી-1 સ્વાયત્ત સંસ્થા છે.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, આસો વદ - 11

અમિત શાહ સાથેની મુલાકાત પછી એનસીપીમાં નારાજગી

મહારાષ્ટ્રમાં મહાયુતિના સહયોગી પક્ષ એનસીપી (અજીત પવાર)માં આંતરીક ખેંચતાણ બહાર આવવા માંડી છે. એનસીપીના દિવંગત નેતા અજીત પવારના પુત્ર પાર્થ પવારના કામકાજથી કેટલાક સિનિયર નેતાઓ ખુશ નથી. એનસીપીની કોર કમીટીની મીટિંગમાં આ નેતાઓએ પાર્થ પવારની કામગીરી બાબતે નારાજગી વ્યક્ત કરી હતી. એનસીપી (અજીત પવાર)એ મુંબઈ પ્રેસિડન્ટ તરીકે જીશાન સિદ્દીકી અને પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા તરીકે ઉમેશ પાટીલની પસંદગી કરી એની જાણ કોર કમીટીના સભ્યોને નહોતી. આ બંનેની પસંદગી બાબતે સંમતી સાધી શકાય નહોતી. મીટિંગમાં પાર્થ પવાર અને જય પવારએ ભરોસો આપ્યો હતો કે, સિનિયર નેતાઓને સાથે રાખીને નિર્ણયો લેવામાં આવશે. જે સિનિયર નેતાઓ અમિત શાહને મળવા માટે ગયા હતા એમણે પોતાના જૂથના મંત્રીઓને અગત્યના ખાતા આપવાની માંગણી કરી હોવાનું જાણીને એનસીપી (અજીત પવાર)ના કેટલાક નેતાઓ ખુબ નારાજ થઈ ગયા છે.પંજાબમાં ૨૦૨૭માં થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટીને ત્રણ મોટા ફટકા પડયા છે. આપના ત્રણ ધારાસભ્યોએ પાર્ટીને બાય બાય કહી દીધું છે. આ ત્રણે ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે. આ ઘટનાને કારણે પંજાબના રાજકારણમાં ગરમી આવી છે. ચૂંટણી પહેલા જ પક્ષમાં પડેલા ભંગાણને કારણે આપના સિનિયર નેતાને પક્ષ તૂટવાનો ડર લાગે છે. આમ આદમી પાર્ટીએ વિધાનસભા ચૂંટણીના ઉમેદવારોની પહેલી યાદી બહાર પાડી ત્યાર પછી આ ધારાસભ્યોએ પક્ષ પલટો કર્યો છે. મળતી માહિતી પ્રમાણે આપના બીજા કેટલાક ધારાસભ્યો પણ કોંગ્રેસ અને ભાજપના સંપર્કમાં છે. વિધાનસભાની ચૂંટણી માટે હવે ખૂબ ઓછો સમય બચ્યો હોવાથી આપ માટે પક્ષમાં એકતા જાળવી રાખવાનું આસાન નહીં હોય. ૪૦ ઉમેદવારોની પહેલી યાદીમાં મુખ્યમંત્રી સહિત ફક્ત બે મંત્રીઓના નામ હોવાથી ઘણા ધારાસભ્યો નારાજ છે.૧૨મી ઓક્ટોબરે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સુપ્રિમ કોર્ટ સુધી માર્ચ કાઢી હતી. એ વખતે ધાંધલી અને સુત્રોચ્ચાર થયા હતા. આ મામલો સુપ્રિમ કોર્ટમાં છે અને સુપ્રિમ કોર્ટ આ બાબતે ૨૩મી નવેમ્બરે સુનાવણી કરશે. સુપ્રિમ કોર્ટે આ બાબતે કેન્દ્ર સરકાર, રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે, સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ અને બીજા કેટલાક સંબંધીત પક્ષોનો જવાબ માંગ્યો છે. માર્ચ વખતે થયેલા સૂત્રોચ્ચાર અને હંગામા પછી સુપ્રિમ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. કોર્ટે તમામ સંબંધીત પક્ષોને પોતાનો પક્ષ રાખવા કહ્યું છે. રાહુલ ગાંધી અને બીજા વિરોધપક્ષના નેતાઓ એસઆઈઆર અને વોટ ચોરી મુદ્દે પોતાનો વિરોધ વ્યક્ત કરવા સુપ્રિમ કોર્ટ ગયા હતા. વિરોધપક્ષના નેતાઓએ મતદાર યાદીમાં થયેલી ગરબડની તપાસ કરવા સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. પંજાબમાં આવતા વર્ષે થનારી વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપ અને અકાલી દળ વચ્ચે ગઠબંધનની ચર્ચાએ જોર પકડયું છે. ભૂતપૂર્વ એનડીએ સહયોગીઓ વચ્ચે ગઠબંધનનો નિર્ણય દિવાળીની આસપાસ લેવામાં આવે એવી સંભાવના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખૂદ આ ગઠબંધનની જાહેરાત કરી શકે એમ છે. આ જાહેરાતને ઐતિહાસિક સ્વરૂપ આપવા નરેન્દ્ર મોદીની વિશાળ રેલી બઠીંડામાં કરવાની તૈયારી ચાલી રહી છે. આ રેલીમાં મોદી અકાલી દળ અને બીજેપી વચ્ચેના ગઠબંધનની જાહેરાત કરશે. બેઠકોની વહેંચણી બાબતે હજી સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. એમ મનાય છે કે ભાજપ ૪૫થી ૫૦ બેઠકો મેળવીને સંતોષ માનશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પંજાબમાં એનડીએ સરકાર બનાવવાના નિવેદનો વારંવાર આપી રહ્યા છે. બિહારમાં હમણા થયેલી એમએલસી ચૂંટણીમાં અપક્ષ તરીકે જીતનાર રાહુલ રાજ અને બંશીધર બ્રજવાસી ભાજપમાં જોડાયા હતા, જેને કારણે રાજકીય વમળો સર્જાયા છે. જેડીયુની નારાજગી પછી લોકજનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ના પ્રમુખ ચિરાગ પાસવાનએ આ બાબતે કાયદાકીય ગૂંચ હોવાની વાત કરી હતી. જોકે એમણે વિવાદ નહીં થાય એ માટે એવું નિવેદન આપ્યું હતું કે એમએલસીના જીતેલા અપક્ષ ઉમેદવારો કોને ટેકો આપે છે એમાં એમને કોઈ વાંધો નથી. ચિરાગ પાસવાનના કહેવા પ્રમાણે કોઈ એમએલસી કોઈપણ સરકાર, પક્ષ કે ગઠબંધનને ટેકો આપવા માંગતા હોય તો એમાં કોઈને તકલીફ હોવી જોઈએ નહીં. જનસુરાજ પાર્ટીએ જોકે આ બાબતે પ્રશ્ન કર્યો છે કે, વિધાન પરિષદના નિયમો પ્રમાણે ચૂંટણી પછી કોઈ અપક્ષ ઉમેદવાર જો કોઈ રાજકીય પક્ષ સાથે જોડાણ કરે તો એનું સભ્યપદ રદ થવું જોઈએ.

દુર્ગમ સ્થાને યાત્રાની વ્યવસ્થા કોઈ ચેતના કરે છે:મોરારીબાપુ

ગુપ્તકાશી (તખુભાઈ સાંડસુર દ્વારા)

સમગ્ર દેશના આધ્યાત્મિક જગતમાં જેની વિશેષ નોંધ લેવાઈ છે. તે પૂ.મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલી 'માનસ ભારત સ્વસ્તિક યાત્રા' તારીખ 23 ના રોજ ઉતરાખંડના કેદારનાથ ધામના વિરમ પામી.કથાના ક્રમની ૯85મી કથાનું મંગલાચરણ કન્યાકુમારીથી થયું હતું.આ કથા એટલે વિશિષ્ટ છે કે સ્વસ્તિકના બાર દર્શનને ધ્યાનમાં લઈને બાર સ્થાનો પર કથાનું ગાન થયું.જે કોઈને કોઈ રીતે મહત્વ ધરાવતા હોય.

પૂ.બાપુએ કથાને વિરામ આપતાં આજે જણાવ્યું કે કેદારેશ્વરને પ્રણામ કરીએ છીએ કે જ્યાં શંકરાચાર્યએ સમાધિનો નિર્ણય કર્યો અને તેનું નિર્વાણ થયું. શંકરાચાર્યનું સ્વસ્તિક હિમાલયના ચારધામ છે. દિવ્ય, સેવ્ય ભારતને જોડવાનો પ્રથમ પ્રયાસ શંકરાચાર્યજીએ કર્યો હતો.કન્યાકુમારી આજે કેદારને મળવા આવે છે. જ્યારે કોઈ દુર્ગમસ્થાનો પર યાત્રા જાય છે ત્યારે તેની વ્યવસ્થા કોઈ ચેતના કરી રહી છે તેનો અનુભવ સતત થાય છે.મારી પાસે એક સાખી આવી છે જેનું અવલોકન કરતાં અનુભવ થાય છે કે વર્ષો પહેલા કોઈએ આ કલ્પના કરી હશે.જે આ મુજબ છે' દક્ષિણ ઉત્તર ધામ, પશ્ચિમ પૂર્ણતા ભક્ષા,ભજન સમાધિ અરુ સામ'. ભિક્ષા, ભજન, સમાધિ અને સામવેદ આ નિમ્બાર્કી પરંપરાને લાગુ પડે છે.

આ કથાની ધ્રુવ પંક્તિઓમાં પહેલી પંક્તિ હતી મંગલ ભવન અમંગલ હારી એ મુજબ બધું મંગળ રીતે આયોજિત થયું.

કથાયાત્રાનું સમગ્ર આયોજન આઈઆરસીટીસીના સહયોગથી મનોરથી સંસ્થા સનાતન સેવા સંસ્થાન ઉદયપૂરે કર્યું.પરંતુ સમગ્ર આયોજનમાં પોતાની સઘળી તાકાતને લગાવી દેનાર શ્રી મદનભાઈ પાલીવાલ અને તેમના સંબંધી -સાથી એવા શ્રી રૂપેશભાઈ વ્યાસના શીરે શ્રેય જાય છે.પછીની કથાનો ક્રમ ૯86મી દિપ જ્યોતિ હવે 'માનસ ભારત સ્વસ્તિક યાત્રા'નું દ્વિતીય ચરણ હશે. તેનો પ્રારંભ દ્વારકાની શારદા પીઠથી તા 14 નવેમ્બરથી કરવામાં આવશે અને સમાપન જગન્નાથપુરી ખાતે 22 મી નવેમ્બરના રોજ થશે.

૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ-બહેનો વિવિધ રમતોમાં ભાગ લઈ શકશે; પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તારીખ ૦૫ નવેમ્બર

વાવ- થરાદ | ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, વાવ-થરાદ દ્વારા સંચાલિત સિનિયર સિટીઝન રમત સ્પર્ધા-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૬૦ વર્ષથી વધુ વયના સિનિયર સિટીઝન ભાઈઓ અને બહેનો માટે એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ અને રસ્સાખેંચ જેવી વિવિધ રમતો યોજાશે. સિનિયર સિટીઝનનું શારીરિક સ્વાસ્થ્ય જળવાઈ રહે, તેઓ સ્વસ્થ અને સક્રિય જીવનશૈલી અપનાવે તેમજ રમતગમત વિભાગની પ્રવૃત્તિઓ સાથે જોડાય તેવા હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સિનિયર સિટીઝન ભાઈઓ-બહેનોએ નિયત નમૂનાનું પ્રવેશપત્ર જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જિલ્લા સ્પોર્ટ્સ સંકુલ, વાવ-થરાદ ખાતેથી મેળવી સંપૂર્ણ વિગતો સાથે તા. ૦૫-૧૧-૨૦૨૬ સુધીમાં મોકલી આપવાનું રહેશે. પ્રવેશપત્ર સાથે ડોક્ટરનું ફિટનેસ સર્ટિફિકેટ તથા આધારકાર્ડની નકલ જોડવી ફરજિયાત છે. સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલ પ્રવેશપત્રોના આધારે સ્પર્ધકોને સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમ અંગે જાણ કરવામાં આવશે. ૬૦ વર્ષથી વધુ વયના ભાઈઓ-બહેનો વિવિધ રમતોમાં ભાગ લઈ શકશે; પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તારીખ ૦૫ નવેમ્બર વધુ માહિતી માટે જિલ્લા રમતગમત અધિકારી, વાવ-થરાદનો સંપર્ક નંબર ૦૨૭૩૭-૨૨૩૩૫૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

બનાસકાંઠા: મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની સુધારેલ સમય-સૂચિ જાહેર

પાલનપુર | ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૭ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમની સુધારેલ સમય-સૂચિ (Revised Schedule) જાહેર કરવામાં આવી છે. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા જણાવ્યા અનુસાર, આ કાર્યક્રમ અંતર્ગત મતદાન મથકોના રેશનલાઈઝેશન અને રી-એરેન્જમેન્ટની કામગીરી પૂર્ણ કરવા માટે તા. ૧૭/૧૧/૨૦૨૬ (મંગળવાર) નિયત કરવામાં આવી છે. ત્યારબાદ તા. ૨૭/૧૧/૨૦૨૬ (શુક્રવાર)ના રોજ સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિદ્ધિ કરવામાં આવશે.

મતદારયાદીમાં નામ ઉમેરવા, સુધારવા કે કમી કરવા અંગેના હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરવાનો સમયગાળો તા. ૨૭/૧૧/૨૦૨૬ (શુક્રવાર) થી તા. ૨૬/૧૨/૨૦૨૬ (શનિવાર) સુધીનો રહેશે. નાગરિકો તરફથી મળેલી તમામ હક્ક-દાવા અને વાંધા અરજીઓનો સક્ષમ અધિકારીઓ દ્વારા તા. ૧૧/૦૧/૨૦૨૭ (સોમવાર) સુધીમાં આખરી નિકાલ કરવામાં આવશે. સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તા. ૧૮/૦૧/૨૦૨૭ (સોમવાર)ના રોજ આખરી ફોટાવાળી મતદારયાદીની સત્તાવાર પ્રસિદ્ધિ કરવામાં આવશે. તમામ સંબંધિત નાગરિકો તથા મતદારોને નિયત સમયગાળા દરમિયાન પોતાના હક્ક-દાવા અને વાંધા અરજીઓ સંબંધિત કચેરી ખાતે રજૂ કરવા જણાવવામાં આવ્યું છે. મતદારયાદી સુધારણા: ૨૭ નવેમ્બરથી ૨૬ ડિસેમ્બર ૨૦૨૬ સુધી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારાશે. મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ થશે.

રાજપીપળા ના ૫૦ HIV પીડિતો ને દિવાળી નિમિત્તે મીઠાઈ અને ફરસાણનું વિતરણ



રાજપીપલા | રાજપીપલા ના વેપારી નીરજ પટેલે HIV પીડિતો ને દિવાળી પર્વ ની ઉજવણી નિમિત્તે મીઠાઈ વિતરણ કરી સમાજ સેવા નું ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ નર્મદા જિલ્લામાં ૪૦૦ થી વધુ એચઆઈવી પીડિતો છે જે પૈકી અમુક નાં મૃત્યુ પણ થયા છે પરંતુ જે હાલ જીવિત છે એ પૈકી મોટાભાગના પીડિતો ગ્રામ્ય વિસ્તાર નાં ગરીબ પરિસ્થિતિ ધરાવતા હોય તેમને કેટલાક સેવાભાવી વ્યક્તિઓ અને કેટલીક સંસ્થા દ્વારા સમયાંતરે ન્યુટ્રીશન કીટ, કપડાં, મીઠાઈ સહિત જરૂરી વસ્તુઓ વિતરણ કરાઈ છે ત્યારે હાલ દિવાળી પર્વ નિમિત્તે રાજપીપળાના વેપારી નીરજભાઈ પટેલ કે જેઓ નર્મદા જિલ્લામાં અનેક સેવા કાર્યો કરતા આવ્યા છે અને પ્લાસ્ટિક મુક્ત નર્મદા ની મુહિમ પણ ચલાવી રહ્યા છે, ત્યારે આજે તેમના દ્વારા રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે ૫૦ જેટલા એચઆઈવી પીડિતો ને દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ અને ફરસાણ આપી મો મીઠું કરાવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમ માં રાજપીપળા સિવિલ ના સિવિલ સર્જન ડૉ. હરેશ કોઠારી, એઆરટી સેન્ટર નાં મેડિકલ ઓફિસર ડો. પ્રેરક આનંદ, આઈ. ટી.સી. ટી નાં કાઉન્સિલર સંદીપભાઈ પટેલ, કાઉન્સિલર જયેન્દ્રભાઈ વસાવા, નીલમબેન વસાવા, ખુબી બેન દેસાઈ, વિહાન પ્રોજેક્ટના ગીતાબેન પટેલ તથા હેતલબેન ખત્રી તેમજ ગણપતભાઈ વસાવા તથા એસએસકે સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સરદાર પટેલ વાણીજ્ય ભવન,જોશીપરા માઈક્રો શોપિંગ સેન્ટરની દુકાનોની ફાળવણી માટે ડ્રો યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૪. મહાનગરપાલિકા, જુનાગઢની હદ વિસ્તારમાં આવેલ જોશીપરા મ્યુનિસિપલ બરો વિસ્તાર વર્ષ:૨૦૦૪માં સરકારશ્રીના જાહેરનામાથી જુનાગઢ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ કરવામાં આવેલ હતો. આ વિસ્તારમાં મ્યુનિસિપલ બરોના સમયગાળા દરમિયાન ગટર/વોકળા ઉપર દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન રસ્તો પહોળો કરવા અને વિકાસના કામો માટે જુનાગઢ મહા નગરપાલિકા દ્વારા જોશીપરા ગટર ઉપર આવેલી દુકાનોનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું.ઉક્ત દુકાનધારકોને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવાના હેતુથી જોષીપરા પાદર ચોકમાં સરકારશ્રીની પડતર જમીન માંગણી કરી સરકારશ્રીમાં મહાનગર પાલિકા, જુનાગઢ દ્વારા રકમ જમા કરાવી કોમ્પ્લેક્ષનું નિર્માણ કરવામાં આવ્યું અને આ કોમ્પ્લેક્ષમાં જૂના ભાડુઆતોને આજ તા:૦૪/૧૧/૨૦૨૬ના રોજ દિન દયાલ ઉપાધ્યાય સભા ખંડ,ત્રીજો માળ, મહાનગરપાલિકા,જુનાગઢ ખાતે ડ્રો કરી બાવન દુકાનો ફાળવવામાં આવેલ છે.આ તકે વર્ષો જુના પ્રશ્નનો અંત આવતા દુકાનદારોમાં હર્ષની લાગણી અનુભવી હતી.તેમજ આ પ્રશ્નનો ગુજરાત સરકારશ્રી દ્વારા સંવેદનશીલ હકારાત્મક અભિગમ દાખવેલ છે.જે પરત્વે માન.પદાધિકારી શ્રીઓ દ્વારા ગુજરાત સરકારશ્રીનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક યોજાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની જિલ્લા કારોબારી બેઠક સુર્યા ગાર્ડન, અમરેલી ખાતે યોજાઈ હતી. ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ શ્રી માનસિંહભાઈ પરમારની સૂચના તેમજ અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અતુલભાઈ કાનાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં પ્રદેશ અને જિલ્લા ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મહામંત્રી રાજુભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ બસીયા, જિલ્લા ભાજપના મહામંત્રીઓ રાજુભાઈ ભૂતૈયા અને મયુરભાઈ માંજરીયા, જિલ્લા બક્ષીપંચ મોરચાના પ્રભારી પાર્થભાઈ ગોંડલીયા, જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ સાગરભાઈ સરવૈયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, કારોબારી ચેરમેન અરજણભાઈ વાઘ, જિલ્લા ભાજપના અગ્રણી દિવ્યેશભાઈ વેકરીયા તથા જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રીઓ ભયલુભાઈ વાળા અને સંજયભાઈ લાખાણી સહિત જિલ્લા અને મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.બેઠકમાં બક્ષીપંચ સમાજના સર્વાંગી વિકાસ, સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના વ્યક્તિ સુધી પહોંચાડવા, સંગઠનને વધુ મજબૂત બનાવવા તથા આગામી કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની એકેડેમિક કાઉન્સીલની યોજાઇ બેઠક

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા.૪, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની એકેડેમિક કાઉન્સીલની બેઠક યુનિ.નાં કૂલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ. યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલએ યુનિવર્સિટીનું શૈક્ષણિક બાબતો માટેનું સર્વોચ્ચ નિર્ણાયક અને નીતિવિષયક બોડી છે. આ બેઠકમાં યુનિવર્સિટીના શૈક્ષણિક ધોરણો, અભ્યાસક્રમો અને સંશોધનોને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થઈને નિર્ણયો પર સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં નવા અદ્યતન અભ્યાસક્રમો શરૂ કરવા અંગેની મંજૂરી, જૂના અભ્યાસક્રમો માં સમયની માંગ મુજબ ફેરફાર કરવા, જુદા જુદા વિષયો માટે નવું સિલેબસ માળખું નક્કી કરવા,પ્રશ્નપત્રોનું માળખું, ગુણભાર અને પરીક્ષાના નિયમોમાં ફેરફાર.સેમેસ્ટર પદ્ધતિ કે ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ (CBCS / NEP) ના અમલીકરણ સંબંધિત નિર્ણય, મૂલ્યાંકન અને પરિણામ જાહેર કરવાની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવી, વિવિધ વિદ્યા શાખાઓમાં પ્રવેશ માટેની લાયકાતો નક્કી કરવી, પ્રવેશ ક્ષમતા વધારવી કે ઘટાડવી, આરક્ષણ નીતિ અને પ્રવેશના નિયમોની સમીક્ષા, નવી કોલેજો શરૂ કરવા માટે કે હાલની કોલેજોમાં નવા અભ્યાસક્રમો/વર્ગો શરૂ કરવા માટે 'સ્થળ તપાસ સમિતિના અહેવાલો પર ચર્ચા કરી મંજૂરી,જેવા મુદ્દાઓ પર ચર્ચા સમીક્ષા કરવામાં આવી હતી. અધ્યક્ષીય સ્થાનેથી કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે યુનિવર્સિટીનું શૈક્ષણિક સ્તર ઊંચું આવે, વિદ્યાર્થીઓ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરી શકે અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) નું યોગ્ય પાલન થાય તેવા તમામ શૈક્ષણિક વિષયો આ કાઉન્સીલની બેઠકનું કેન્દ્રબિંદુ રહ્યુ છે. બેઠકમાં રજીસ્ટ્રાર ડો. આર.જી. પરમાર, પ્રો.જયસિંહ ઝાલા, પ્રો. ભાવસિંહ ડોડીયા, આસી.રજીસ્ટ્રાર મયંક સોની, એફીલેશન અધિકારી ડો. ઋષીરાજ ઉપાધ્યાય, ડો.રમેશ ચૈાહાણ, પ્રો.ફિરોઝ શેખ, પ્રો. નવલ કપુરીયા, બેઠકમાં પ્રત્યક્ષ ઉપસ્થિત અને ઓનલાઇન મોડથી ડો. દિનેશ દઢાણિયા, સુશ્રી નિતાબેન ધડુસ, અનુપમ નાગર, રક્ષાબેન બાથાણી, કેતન શાહ, કે.એન.પંડ્યા, રણમલભાઈ મોઢવાડીયા, ધીરુભાઈ ડાભી, શોભનાબેન વાળા સહિત સમિતીનાં સભ્યોએ ઉપસ્થિતી નોંધાવી યુનિ.નાં એકેડેમિક કાર્યોની સમીક્ષામાં પોતાનો સુર વ્યક્ત કર્યો હતો.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી તા. ૦૮ થી ૧૫ નવેમ્બર સુધી યુનિવર્સિટી ખાતે વહીવટી કામગીરી બંધ રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૪, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. તાબાનાં વિવિધ વિદ્યા ભવનોનાં વિભાગાધ્યક્ષશ્રીઓ, યુનિ.નાં ભવનોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ, વિવિધ વિભાગનાં વડાશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત વિવિધ સેન્ટર્સ,ચેર્સ,એકમોનાં વડાઓ, યુનિ. સંલગ્ન કાર્યક્ષેત્રીય ચારેય જિલ્લાઓ ની કોલેજોનાં સંચાલકશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકગણ સહિત યુનિ. લગત કાર્ય સાથે સંકળાયેલ સૈાને જણાવવામાં આવે છે કે દિવાળી પર્વને ધ્યાને લઇ કુલ તા. ૦૮/૧૧/૨૦૨૬ થી તા. ૧૫/૧૧/૨૦૨૬ સુધી યુનિવર્સિટી ખાતે વહીવટી કામગીરી બંધ રહેશે, યુનિવર્સિટી કાર્યાલય ખાતે રજા જાહેર કરવામાં આવે છે. તા.૧૬/૧૧/૨૦૨૬ સોમવારથી યુનિવર્સિટી કાર્યાલય રાબેતા મુજબ ચાલુ રહેશે જેની સંબંધકર્તા સર્વેએ નોંધ લેવા રજીસ્ટ્રાર ડો.આર.જી.પરમારની યાદીમાં જણાવાયુ છે.

અમદાવાદ ડિવિઝન દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોની સુવિધા અને સલામત મુસાફરી માટે વ્યાપક વ્યવસ્થા કરે છે





અમદાવાદ | પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન દ્વારા દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી જતી સંખ્યા અને વધારાની ભીડને ધ્યાનમાં રાખીને સલામત, સરળ અને વ્યવસ્થિત રેલ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે. મુસાફરોની સુવિધા માટે વિવિધ સ્થળોએ 70 થી વધુ ખાસ ટ્રેન ટ્રીપ ચલાવવામાં આવી રહી છે. વધુમાં, મુખ્ય ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે, અને અમદાવાદ, સાબરમતી અને અસારવા રેલ્વે સ્ટેશનો પર ખાસ ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે દિવાળી અને છઠ પૂજા દરમિયાન મુસાફરોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને, ખાસ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, મુખ્યત્વે ઉત્તર ભારત માટે. આ ટ્રેનો બિહાર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઉત્તર પ્રદેશ જતા મુસાફરોને સુવિધા આપશે. વધુમાં, રાજકોટ અને ભુજથી આવતી અને અમદાવાદ અને સાબરમતી સ્ટેશનો પરથી પસાર થતી આશરે 20 થી 25 થ્રુ-પાસિંગ ટ્રેનોના મુસાફરોની અવરજવરને નિયંત્રિત કરવા માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે.તેમણે જણાવ્યું હતું કે રેલ્વે વહીવટીતંત્ર, રેલ્વે સુરક્ષા દળ (RPF), સરકારી રેલ્વે પોલીસ (GRP) અને ટ્રાફિક પોલીસ સાથે સંકલન કરીને એક વિગતવાર યોજના વિકસાવવામાં આવી છે. આ યોજના બિન-અનામત મુસાફરો માટે અલગ વ્યવસ્થા અને આરક્ષિત ટિકિટ ધરાવતા મુસાફરો માટે અલગ વ્યવસ્થા સુનિશ્ચિત કરે છે. આરક્ષિત મુસાફરો સ્ટેશનમાં પ્રવેશવા, પ્લેટફોર્મ પર પહોંચવા, રાહ જોવા અને સમયસર ટ્રેનમાં ચઢવા માટેની સમગ્ર પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવામાં આવી છે. સ્ટેશન પરિસર અને પ્લેટફોર્મ પર મુસાફરોની અવરજવર અને ભીડ પર CCTV કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, જેથી કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક જરૂરી પગલાં લઈ શકાય. રેલ્વે વહીવટીતંત્ર તહેવારોની મોસમ દરમિયાન દરેક મુસાફરને સલામત, સરળ અને કાર્યક્ષમ મુસાફરીનો અનુભવ પૂરો પાડવાનો પ્રયાસ કરે છે. તહેવારો દરમિયાન દોડતી ખાસ ટ્રેનોતહેવારોની મોસમ દરમિયાન મુસાફરોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વે નવેમ્બર 2026 માં વિવિધ સ્થળોએ ખાસ ટ્રેનો ચલાવી રહી છે. આમાં સાબરમતી-લાલકુઆન, અસારવા-કાનપુર સેન્ટ્રલ, અસારવા-આગ્રા કેન્ટ, ભુજ-બાંદ્રા ટર્મિનસ, અમદાવાદ-મંગલુરુ જંકશન, સાબરમતી-હરિદ્વાર, અમદાવાદ-દરભંગા, ગાંધીધામ-ભાગલપુર, સાબરમતી-પ્રયાગરાજ, અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ, અમદાવાદ-માલદા ટાઉન, અસારવા-પ્રયાગરાજ અને અમદાવાદ-રાજગીર સ્પેશિયલ ટ્રેનોનો સમાવેશ થાય છે.મુખ્ય ટ્રેનોમાં વધારાના કોચમુસાફરોના વધતા ધસારાને ધ્યાનમાં રાખીને, મુસાફરોને વધુ બેઠકો પૂરી પાડવા માટે વિવિધ ટ્રેનોમાં વધારાના કોચ ઉમેરવામાં આવ્યા છે.અમદાવાદ, સાબરમતી અને અસારવા સ્ટેશનો પર ખાસ ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષા વ્યવસ્થાઅમદાવાદ રેલ્વે સ્ટેશન પર મુસાફરોની સલામતી અને ભીડ નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે, રેલ્વે પ્રોટેક્શન સ્પેશિયલ ફોર્સ (RPSF) ની વધારાની કંપની દ્વારા પૂરતા પ્રમાણમાં સુરક્ષા કર્મચારીઓ, જેમાં વધારાના સુરક્ષા દળોનો સમાવેશ થાય છે, તૈનાત કરવામાં આવ્યા છે. તહેવારો દરમિયાન વધેલી ભીડને ધ્યાનમાં રાખીને, અમદાવાદ સ્ટેશન પર 55 વધારાના રેલ્વે પ્રોટેક્શન ફોર્સ (RPF) કર્મચારીઓ, સાબરમતી સ્ટેશન પર 40 અને અસારવા સ્ટેશન પર 15 કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. વધુમાં, અમદાવાદ, સાબરમતી અને અસારવા રેલ્વે સ્ટેશનો પર અધિકારીઓ અને કર્મચારીઓને 24x7 ફરજ પર તૈનાત કરવામાં આવ્યા છે. હોલ્ડિંગ એરિયામાં મુસાફરોને વ્યવસ્થિત રીતે બેસવા અને તેઓ નિર્ધારિત સમયે કતારમાં ટ્રેનોમાં ચઢી શકે તે સુનિશ્ચિત કરવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહિલા મુસાફરો, અપંગ વ્યક્તિઓ, વરિષ્ઠ નાગરિકો અને બાળકો સાથે મુસાફરી કરતા મુસાફરોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.સુરક્ષાને વધુ મજબૂત બનાવવા માટે, અમદાવાદ રેલ્વે સ્ટેશન પર 119 અને સાબરમતી રેલ્વે સ્ટેશન પર 121 સીસીટીવી કેમેરા સ્થાપિત કરવામાં આવ્યા છે. વધુમાં, સર્વેલન્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે 60 વધારાના સીસીટીવી કેમેરા લગાવવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. આ કેમેરા સ્ટેશન પરિસરનું 24x7 દેખરેખ રાખે છે, અને સીસીટીવી કંટ્રોલ રૂમ ચોવીસ કલાક કાર્યરત છે. વધુમાં, મુસાફરોને લગતા ગુનાઓ અટકાવવા માટે સાદા કપડાંમાં રેલવે સુરક્ષા દળના કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.સાબરમતી સ્ટેશન પર ટિકિટ કાઉન્ટરથી હોલ્ડિંગ એરિયા, પ્લેટફોર્મ અને ટ્રેન બોર્ડિંગ સુધી વ્યવસ્થિત કતાર વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. ટિકિટ મેળવ્યા પછી, મુસાફરોને હોલ્ડિંગ એરિયામાં લઈ જવામાં આવે છે અને પછી ટ્રેનમાં ચઢવા માટે નિયત સમયે કતારમાં પ્લેટફોર્મ પર લઈ જવામાં આવે છે.મુસાફરોને ધક્કો મારવાનું, ફૂટબોર્ડ પર ઊભા રહેવાનું, મહિલાઓ અને બાળકોનું રક્ષણ કરવાનું અને અજાણ્યા લોકો પાસેથી ખોરાક અને પીણાં સ્વીકારવાનું ટાળવાનું મહત્વ સમજાવવા માટે PA સિસ્ટમ અને લાઉડસ્પીકર દ્વારા સતત ચેતવણી આપવામાં આવી રહી છે.

મુસાફરોના વધતા ધસારાને પહોંચી વળવા માટે ત્રણ જોડી તહેવાર વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે

માલીગાંવ | દિવાળી અને છઠ પૂજા દરમિયાન વધતા મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે, પોટ્ટાનૂર અને ન્યુ તિનસુકિયા, લુધિયાણા અને પૂર્ણિયા અને ટાટાનગર અને લાભ વચ્ચે ત્રણ જોડી તહેવાર વિશેષ ટ્રેનો ચલાવવામાં આવશે. આ સેવાઓ કુલ ૧૪ ટ્રીપ માટે દોડશે, જે મુસાફરોને વધારાના મુસાફરી વિકલ્પો પૂરા પાડશે અને તહેવારોના સમયગાળા દરમિયાન નિયમિત ટ્રેનોમાં ભીડ ઘટાડશે.



તે મુજબ, ટ્રેન નંબર ૦૬૧૦૧ (પોટ્ટાનૂર-ન્યુ તિનસુકિયા) વિશેષ ટ્રેન ૫ અને ૧૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પોટ્ટાનૂરથી ૦૪:૩૦ વાગ્યે ઉપડશે અને અનુક્રમે ૮ અને ૧૬ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ૦૪:૩૦ વાગ્યે ન્યુ તિનસુકિયા પહોંચશે. પરત દિશામાં, ટ્રેન નં. ૦૬૧૦૨ (ન્યૂ તિનસુકિયા-પોટનુર) સ્પેશિયલ ૮ અને ૧૬ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ન્યૂ તિનસુકિયાથી ૨૨:૦૦ વાગ્યે ઉપડશે અને ૧૧ અને ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ અનુક્રમે ૨૩:૩૦ વાગ્યે પોટનુર પહોંચશે. આ ટ્રેન દરેક દિશામાં બે ટ્રીપ માટે દોડશે.

ટ્રેન નં. ૦૪૬૬૦ (લુધિયાણા-પૂર્ણિયા) રિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ એક્સપ્રેસ ૫ અને ૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ લુધિયાણાથી ૧૨:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૨૧:૩૦ વાગ્યે પૂર્ણિયા પહોંચશે. પરત દિશામાં, ટ્રેન નં. ૦૪૬૫૯ (પૂર્ણિયા-લુધિયાણા) રિઝર્વ્ડ ફેસ્ટિવલ સ્પેશિયલ એક્સપ્રેસ ૬ અને ૧૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ પૂર્ણિયાથી ૨૩:૩૦ વાગ્યે ઉપડશે અને ૮ અને ૧૨ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ૦૬:૫૦ વાગ્યે લુધિયાણા પહોંચશે. આ ટ્રેન દરેક દિશામાં બે ટ્રીપ માટે દોડશે.

ટ્રેન નં. ૦૮૧૮૧ (ટાટાનગર-લાભા) સ્પેશિયલ ૫ નવેમ્બરથી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર ગુરુવારે ટાટાનગરથી ૧:૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૪:૫૦ વાગ્યે લાભા પહોંચશે. પરત દિશામાં, ટ્રેન નં. ૦૮૧૮૨ (લાભા-ટાટાનગર) સ્પેશિયલ ૬ નવેમ્બરથી ૨૦ નવેમ્બર, ૨૦૨૬ સુધી દર શુક્રવારે લાભાથી ૦૫:૨૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે ૨૩:૫૦ વાગ્યે ટાટાનગર પહોંચશે. આ ટ્રેન દરેક દિશામાં ત્રણ ટ્રીપ ચલાવશે.

આ ટ્રેનોના સ્ટોપેજ અને સમયપત્રકની વિગતો IRCTC વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને વિવિધ અખબારો અને NF રેલ્વેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ તેની જાહેરાત કરવામાં આવી રહી છે. મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની મુસાફરી શરૂ કરતા પહેલા મુસાફરીની વિગતો તપાસે.

ખબરની અસર! દેશલપર-જીંજાય રોડ પર પુલની કામગીરી શરૂ થતાં ગ્રામજનોમાં રાહત

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર (ગુંતલી)થી જીંજાય તરફ જતા માર્ગ પર આવેલી પુલિયાની અધૂરી કામગીરી અને અકસ્માતના જોખમ અંગે અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ સંબંધિત તંત્ર દ્વારા આજે કામગીરી હાથ ધરવામાં આવી હતી. અગાઉ પુલની સિમેન્ટની ધાર, અધૂરી કામગીરી અને માર્ગની અસમતળ સપાટીને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી પડતી હોવાનો મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો.સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ પુલ પર અગાઉ અનેક વખત નાના-મોટા અકસ્માતો સર્જાયા હતા. પુલની જોખમી ધાર અને આસપાસની અધૂરી કામગીરીને કારણે ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ રહેતું હતું. આ ઉપરાંત મથલ ડેમની કેનાલ પસાર કરવા માટે રોડ તોડવામાં આવ્યા



બાદ યોગ્ય મજબૂત મરામત ન થતાં રસ્તા પર ખાડાઓની સમસ્યા પણ સામે આવી હતી.આ સમગ્ર સમસ્યા અંગે અહેવાલ દ્વારા તંત્રનું ધ્યાન દોરવામાં આવતાં આજે સ્થળ પર કામગીરી કરવામાં આવી હતી. કામગીરી શરૂ થતાં દેશલપર, જીંજાય સહિત આસપાસનાં ગામોના લોકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.ગ્રામજનોની માંગ છે કે માત્ર પ્રાથમિક કામગીરી કરીને અટકી ન જવાય, પરંતુ પુલની બંને બાજુની ધાર, માર્ગની સપાટી તથા કેનાલ પાસેના ખોદકામવાળા ભાગનું મજબૂત અને ગુણવત્તાયુક્ત કામ પૂર્ણ કરવામાં આવે, જેથી ભવિષ્યમાં કોઈ ગંભીર અકસ્માત સર્જાય નહીં.લોકસમસ્યાને વાચા આપતા અહેવાલ બાદ તંત્ર દ્વારા લેવાયેલું પગલું આવકારદાયક છે. જનતાની સમસ્યાઓનો સમયસર ઉકેલ આવે અને માર્ગ સલામત બને તે જ સૌની અપેક્ષા છે. અહેવાલના પગલે આજે સ્થળ પર સંબંધિત વિભાગ દ્વારા ઝડપી મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે, જેનાથી સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.દેશલપર ગુંતલી જીંજાય રોડ પુલિયા રિપેરિંગ ૨૦૨૬ ની કામગીરી પૂર્વે આ રોડ પરથી પસાર થવું ભારે જોખમી બન્યું હતું. અગાઉ પુલની સીમેન્ટની બહાર નીકળેલી તીક્ષ્ણ ધારો, અધૂરું બાંધકામ અને માર્ગની અસમતળ સપાટીને કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ પુલિયા પર અગાઉ અનેક નાના-મોટા અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. ખાસ કરીને રાત્રિના સમયે વિઝિબિલિટી ઓછી હોવાથી વાહનો પલટી મારી જવાનું કે સ્લિપ થઈ જવાનું ભારે જોખમ રહેતું હતું.

નાઈટ પેટ્રોલીંગ:- રૂ. 2.54 લાખથી વધુના ખેરના લાકડા અને બોલેરો કાર જપ્ત, ચાલક ફરાર..



ડાંગ | દક્ષિણ ડાંગ ડી.સી. એફ.નિરજકુમાર તથા મદદનીશ વન સંરક્ષક જૈનિલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ વઘઇ રેંજનાં આર.એફ.ઓ અમિત ચૌધરીની ટીમ દ્વારા વઘઇ વિસ્તારમાં સઘન રાત્રી પેટ્રોલીંગ હાથ ધરવામાં આવ્યું હતુ.આ કામગીરી દરમિયાન તારીખ 04/11/2026ના રોજ વહેલી સવારે આશરે 07:04 કલાકે વઘઇ રેંજના કાર્ય વિસ્તારમાં આવેલા લોઅર ચેકિંગ નાકા પરથી એક શંકાસ્પદ બોલેરો ગાડી (વાહન નંબર:-GJ-15 CA-3432) પસાર થઈ હતી.વઘઇ રેંજ વન વિભાગની ટીમે ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો,

પરંતુ બોલેરોનો ચાલક વાહન પુર ઝડપે હંકારીને ભાગી છૂટ્યો હતો.જેથી દક્ષિણ વન વિભાગના વઘઇ રેંજનાં કર્મચારીઓએ ત્વરિત તત્પરતા દર્શાવીને શંકાસ્પદ વાહનનો પીછો કર્યો હતો. પીછો કરતા જોઈ ચાલકે વાંસદાથી કણધા ગામ તરફ જતા રસ્તા ઉપર સાઈડમાં બોલેરો ગાડી ઉભી રાખી દીધી હતી અને અંધારા તથા આસપાસના વિસ્તારનો લાભ ઉઠાવીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.ત્યારબાદ વન વિભાગની ટીમે બિનવારસી હાલતમાં મળી આવેલી બોલેરો ગાડીની કાળજીપૂર્વક તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગાડીમાંથી કોઈપણ જાતની પાસ-પરમિટ વગરના ગેરકાયદેસર રીતે વહન કરાતા ખેરના 17 નંગ લાકડાં (ઘન મીટર 0.428) મળી આવ્યા હતા. વઘઇ વન વિભાગની ટીમે રૂ. 14,980ની કિંમતનો ખેરનો લાકડાનો જથ્થો તથા રૂ. 2,40,000ની અંદાજિત કિંમત ધરાવતી બોલેરો ગાડી મળીને કુલ રૂ. 2,54,980નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.આ મામલે ફરાર થઈ ગયેલા ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે તેમજ આગળની કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

"રાષ્ટ્ર નિર્માણનો વારસો" - બજાજ પરિવારે સ્વપ્નદ્રષ્ટા ઉદ્યોગપતિ શ્રી જમનાલાલ બજાજની ૧૩૭મી જન્મજયંતિ પર એક ખાસ શ્રદ્ધાંજલિ ફિલ્મ રજૂ કરી

મુંબઈ | દેશના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક કોર્પોરેટ જૂથ બજાજ ગ્રુપના સ્થાપક અને બજાજ પરિવારના અનુકરણીય વ્યક્તિત્વ સ્વર્ગસ્થ જમનાલાલ બજાજની ૧૩૭મી જન્મજયંતિ નિમિત્તે, બજાજ પરિવાર દ્વારા એક ખાસ શ્રદ્ધાંજલિ ફિલ્મ રજૂ કરવામાં આવી છે.બજાજ ફાઉન્ડેશનના અધ્યક્ષ શિશિર બજાજના નેતૃત્વમાં પરિવારની ત્રીજી, ચોથી અને પાંચમી પેઢી દ્વારા પ્રસ્તુત, આ ફિલ્મ ભારતના સ્વતંત્રતા સંગ્રામ, ઔદ્યોગિક વિકાસ અને સામાજિક પરિવર્તનમાં અસાધારણ જીવન, આદર્શો અને અજોડ યોગદાનની યાદમાં અને ઉજવણી કરે છે. આ ભવ્ય ફિલ્મ બજાજ ગ્રુપની સત્તાવાર YouTube ચેનલ પર ઉપલબ્ધ છે. ફિલ્મમાં, પરિવારની વિવિધ પેઢીઓના પ્રતિનિધિઓ, શ્રી શિશિર બજાજ, શ્રી કુશાગ્ર નયન બજાજ, શ્રી અપૂર્વ બજાજ અને શ્રીમતી આનંદમયી બજાજ, તેમના પૂર્વજના જીવન અને વિચારોને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપે છે. આ ફિલ્મ શ્રી જમનાલાલ બજાજની સ્વતંત્રતા સેનાની, અગ્રણી ઉદ્યોગપતિ, સમાજ સુધારક અને પરોપકારી તરીકેની પ્રેરણાદાયી યાત્રા દર્શાવે છે. મહાત્મા ગાંધીના નજીકના સહયોગી, શ્રી જમનાલાલ બજાજને ગાંધીજી પ્રેમથી તેમના 'પાંચમા પુત્ર' માનતા હતા. સ્વદેશી, ખાદી, સામાજિક સમાનતા અને આર્થિક સ્વ-નિર્ભરતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા તેમના જીવનનો પાયો હતી. આ ફિલ્મ ગાંધીજી અને અન્ય અગ્રણી રાષ્ટ્રીય નેતાઓ સાથેના તેમના સંબંધો અને વર્ધામાં ઐતિહાસિક બજાજવાડીની ભૂમિકાનું પણ ચિત્રણ કરે છે, જે સ્વતંત્રતા ચળવળ દરમિયાન રાષ્ટ્રીય નેતૃત્વની ચર્ચાઓ અને બેઠકો માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બન્યું હતું. શ્રી જમનાલાલ બજાજ દ્રઢપણે માનતા હતા કે રાજકીય સ્વતંત્રતાની સાથે આર્થિક સ્વ-નિર્ભરતા પણ આવશ્યક છે. આ દ્રષ્ટિકોણને અનુરૂપ, તેમણે ૧૯૩૧માં ઉત્તર પ્રદેશના ગોલાગોકરનાથમાં હિન્દુસ્તાન સુગર મિલ્સની સ્થાપના કરી, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક ખાંડના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડવાનો હતો. આ સાહસ



પાછળથી બજાજ હિન્દુસ્તાન સુગર લિમિટેડમાં વિકસિત થયું. પરિવારની ઉદ્યોગસાહસિક યાત્રા ૧૯૩૦માં હૈદરાબાદમાં સ્થપાયેલી ડેક્કન આયુર્વેદિક ફાર્મસી દ્વારા ગ્રાહક ઉત્પાદનો ક્ષેત્રમાં પણ વિસ્તરી, જે પાછળથી બજાજ કન્ઝ્યુમર કેર બની. આ રાષ્ટ્રનિર્માણ વારસાને ચાલુ રાખીને, જૂથે ૨૦૧૧માં બજાજ એનર્જી દ્વારા વીજ ઉત્પાદન ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો. આજે, શ્રી કુશાગ્ર નયન બજાજના નેતૃત્વ હેઠળ, જૂથ પરમાણુ ઊર્જા સહિત ભવિષ્યના ઊર્જા ક્ષેત્રોની શોધ કરી રહ્યું છે. આ ભારતની બદલાતી ઊર્જા જરૂરિયાતો અને માળખાગત વિકાસમાં યોગદાન આપવાની તેની સતત પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. ઐતિહાસિક ફોટોગ્રાફ્સ, મહત્વપૂર્ણ ઘટનાઓ અને પરિવારની વિવિધ પેઢીઓના વ્યક્તિગત આંતરદ્રષ્ટિ દ્વારા, ફિલ્મ બજાજ પરિવારને પેઢીઓથી માર્ગદર્શન આપતી ફિલસૂફી પર પ્રકાશ પાડે છે. સંપત્તિ એક જવાબદારી છે; વ્યવસાયનો હેતુ સમાજની સેવા કરવાનો હોવો જોઈએ, અને રાષ્ટ્રીય હિત સર્વોપરી હોવું જોઈએ.આ શ્રદ્ધાંજલિ શ્રી જમનાલાલ બજાજના શાશ્વત દર્શનને પુનઃપુષ્ટ કરે છે કે કોઈપણ વારસાની સાચી ઓળખ ફક્ત આપણે શું બનાવીએ છીએ તેના દ્વારા નહીં, પરંતુ આપણે રાષ્ટ્ર અને સમાજને શું આપીએ છીએ તેના દ્વારા નક્કી થાય છે. શ્રદ્ધાંજલિ ફિલ્મ જોવા માટે, બજાજ ગ્રુપની યુટ્યુબ ચેનલની મુલાકાત લો. શ્રી જમનાલાલ બજાજના સ્વપ્નદ્રષ્ટા વિચારો અને મૂલ્યો પર સ્થાપિત, બજાજ ગ્રુપ આજે ખાંડ, ઈથેનોલ, ગ્રાહક ઉત્પાદનો અને વીજ ઉત્પાદન સહિત વિવિધ ક્ષેત્રોમાં હાજરી ધરાવે છે. ઉદ્યોગસાહસિકતા, સામાજિક જવાબદારી અને રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે, ગ્રુપ સતત વિકાસના માર્ગ પર છે.

દિવાળીના તહેવારો દરમિયાન જૂનાગઢ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાના સંચાલન માટે જાહેરનામું પ્રસિદ્ધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા. ૪, દિવાળીના તહેવારો દરમિયાન જૂનાગઢ શહેરના મુખ્ય માર્ગો પર વાહનોની અવર જવરનું પ્રમાણ વધવાની સંભાવનાને ધ્યાને રાખીને કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ ટ્રાફિક નું સુચારુ સંચાલન થાય તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટ્રાફિક નિયંત્રણ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી. એસ. બારડ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ ૩૩(૧)(બી) હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ ઢાલરોડ અને આઝાદ ચોક તરફથી આવતા ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનો કોર્ટ રોડ તરફ જઈ શકશે નહીં. આવા વાહનો ચિતાખાના ચોક થઈ ગાંધી ચોક તરફ જઈ શકશે.વૈભવ ચોક તથા ગાંધી ચોક તરફથી ચિતાખાના ચોક તરફ જતા ટુ-વ્હીલર સિવાયના તમામ વાહનોને પ્રવેશબંધી રહેશે. આ તરફથી આવતા કાર ચાલકો રેલવે સ્ટેશન રોડ થઈ જેલ રોડ મારફતે ચિતાખાના ચોક તરફ જઈ શકશે. જૂનાગઢ જિલ્લા કોર્ટ રોડ પર ચિતાખાના ચોકથી હુસેની ચોક સુધીના માર્ગ પર ટુ-વ્હીલર સિવાયનાં તમામ કારના વાહનો માટે સંપૂર્ણ પ્રવેશબંધી રહેશે.આ જાહેરનામાનો અમલ તા. ૦૪/૧૧/૨૦૨૬ થી તા. ૧૦/૧૧/૨૦૨૬ સુધી દરરોજ સવારે ૮:૦૦ કલાકથી રાત્રે ૧૨:૦૦ કલાક સુધી રહેશે.જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

માંગરોળ આઈ.ટી.આઈ. ખાતે વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૪ માંગરોળ સરકારી આઈ.ટી.આઈ. ખાતે વાર્ષિક દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં સપ્ટેમ્બર- ૨૦૨૬માં ઉત્તીર્ણ થયેલા વિવિધ ટ્રેડના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તેજસ્વી તાલીમાર્થીઓને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ તાલીમાર્થીઓને કૌશલ્ય વિકાસ અને આત્મનિર્ભરતા માટે પ્રેરિત કર્યા હતા.આ પ્રસંગે સરપંચશ્રી હરેશભાઈ ચુડાસમાએ તાલીમાર્થીઓને કૌશલ્ય, પરિશ્રમ અને સમર્પણના બળે ઉદ્યોગ જગતમાં અગ્રેસર બનવા પ્રેરિત કર્યા હતા. જ્યારે સંસ્થાના આચાર્યશ્રી જે. એસ. ધોળકિયાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં કૌશલ્ય વિકાસને આત્મનિર્ભરતાની આધારશિલા ગણાવી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમારોહનો મુખ્ય ઉદ્દેશ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી તાલીમાર્થીઓનું અભિવાદન કરવાની સાથે હાલ અભ્યાસ કરી રહેલા તાલીમાર્થીઓ માં ઉત્સાહ અને પ્રેરણાનું સિંચન કરવાનો હતો. આ અંતર્ગત સપ્ટેમ્બર-૨૦૨૬માં ઉત્તીર્ણ થયેલા વિવિધ ટ્રેડના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર તાલીમાર્થી ઓને મહાનુભાવોના હસ્તે મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓએ પોતાના અભ્યાસકાળના અનુભવો અને સફળતા ની સફર વર્ણવી અન્ય તાલીમાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી.રોજગાર અને તાલીમ નિયામકશ્રીના નેતૃત્વ હેઠળ સરકારી આઈ.ટી.આઈ. માંગરોળ ખાતે વાર્ષિક 'દીક્ષાંત સમારોહ'નું ગરિમાપૂર્ણ માહોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સુચારુ રીતે સંપન્ન થયો હતો.

રાજુલા ના પીપાવાવ પોર્ટના દરિયામાં સિંહનો મૃતદેહ મળી આવ્યો : દરિયામાં ડુબી જવાથી મૃત્યુ નિપજ્યું હોય તેવી આશંકા



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાંથી ગુજરાતની શાન અને સૌરાષ્ટ્રની ઓળખ સમાન એશિયાટિક સિંહને લઈને દુઃખદ સમાચાર સામે આવ્યા છે.

રાજુલા વનવિભાગની રેન્જમાં આવેલા પીપાવાવ પોર્ટના દરિયામાંથી એક સિંહનો મૃતદેહ મળી આવતા વન્યજીવ પ્રેમીઓમાં શોકની લાગણી પ્રસરી છે.

પ્રાથમિક વિગતો મુજબ, પટવા ગામના દરિયાકાંઠે ત્રણ સિંહો વચ્ચે ઈનફાઈટ (આંતરિક ઘર્ષણ) થયું હતું. આ દરમિયાન એક સિંહ દરિયાના પાણીમાં પહોંચી જતાં ડૂબી ગયો હોવાની વિગતો સામે આવી રહી છે.

ઘટના બાદ પટવાના દરિયાકાંઠેથી પીપાવાવ તરફના દરિયાઈ વિસ્તારમાં આશરે ત્રણ કિલોમીટરના અંતરે પીપાવાવ પોર્ટની જેટી નજીકથી સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં વનવિભાગની ટીમે સ્થળ પર પહોંચી મૃતક સિંહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી.

ગુજરાતની શાન ગણાતા એશિયાટિક સિંહના દરિયામાં ડૂબી જવાથી મોતની આ ઘટનાએ વન્યજીવ પ્રેમીઓમાં દુઃખની લાગણી છલકાય છે. અમરેલી જિલ્લામાંથી ગુજરાતની શાન અને સમગ્ર સૌરાષ્ટ્રની આગવી ઓળખ સમાન એશિયાટિક સિંહને લઈને અત્યંત દુઃખદ અને આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. રાજુલા વનવિભાગની રેન્જ હેઠળ આવતા પીપાવાવ પોર્ટ નજીક દરિયાઈ વિસ્તારમાંથી એક સિંહનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારના વન્યજીવ પ્રેમીઓમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે.રાજુલા પીપાવાવ પોર્ટ સિંહ મૃત્યુ ૨૦૨૬ ની પ્રાપ્ત વિગતો અનુસાર, પટવા ગામના દરિયાકાંઠે ત્રણ સિંહો વચ્ચે આંતરિક ઘર્ષણ (ઈનફાઈટ) થયું હતું. આ લડાઈ દરમિયાન એક સિંહ સ્વબચાવમાં કે અજાણતા દરિયાના ઊંડા પાણી તરફ ચાલી જતાં ડૂબી ગયો હોવાની પ્રાથમિક વિગતો સામે આવી રહી છે.

"સેવાપૂજા" શબ્દમાં ભક્તની ભક્તિ નો અંતિમ રસ

વાંકે અંબોડે શ્રી નાથજી ને સુંદીર શ્યામ સ્વરૂપ,

શ્રી વલ્લભ સેવા કરે એ શ્રી ગોકુળ ના ભૂપ..

"સેવાપૂજા" શબ્દ માં ભક્ત ના જીવનની ભક્તિ નો અંતિમ રસ સમાયેલ છે.એક ભક્ત અને આમ મનુષ્ય વચ્ચેના રૂટિન જીવન માં જમીન આસમાન નો ફર્ક હોય છે. ભગવાન ના સ્મરણ વગર ભક્ત ની ક્ષણ વીતતી નથી હોતી એટલે જ એને દુન્વીય સુખ દુઃખ માં રસ પડતો નથી હોતો. એક દિવસ ની ગણતરી કરો તો ૨૪ કલાક જેવી અવધિ થશે.સામન્ય માણસ નો એક દિવસ સ્વ કેન્દ્રીત પસાર થતો હોય છે ને ભક્ત ને ભક્તિ માટે ૨૪ કલાક પણ ઓછા પડતા હોય છે.ડાકોર ગામ માં રહેતા કૃષ્ણભક્ત બોડાણા ના જીભ પર અવિરત કૃષ્ણ સ્મરણ રહેતું હતું.એની નિત્ય દિનચર્યા જ કૃષ્ણ ની સેવા પૂજા, ભક્તિ અને સ્મરણ માં વીતતી હતી.દર છ મહિને ૭૨ વર્ષ સુધી ભક્ત બોડાણા એના હાથ માં માટી નું કુંડુ બનાવી ને એમાં તુલસી નો છોડ રોપીને પગપાળા દ્વારિકા ની યાત્રા કરતા હતા. ઉમરલાયક થતા અશક્ત બોડાણા ને છ મહિને પગપાળા દ્વારિકા જવાનો નિયમ તૂટશે ની ચિંતા સતાવતા એણે મનોમન દ્વારિકાધીશ ને પ્રાર્થના કરી કે એનાથી દ્વારિકા ની યાત્રા આગળ જતા કદાચ થશે નહી તો..આ સૃષ્ટી માં પ્રત્યેક મનુષ્ય ને એવું માને છે કે એ જ શકટ નો ભાર માથે મૂકીને ફરે છે.ના.. બિલકુલ નહી જે વાવ્યું એનું ફળ માણસ ને મૃત્યુ બાદ નહી જીવતે જી જ મળે છે. મનુષ્ય ની નાના માંથી નાની ગતિવિધિઓ કાળ ના કેમેરામાં કેદ થઈ જતી હોય છે. જ્યારે કૃષ્ણ ભક્ત બોડાણા ને અશક્ત શરીર ને કારણે દ્વારિકા ની યાત્રા થશે નહી એ મૂંઝવણ થઈ ત્યારે દ્વારિકાધીશ એ એના સ્વપ્ના માં આવી ને કહ્યું કે "દ્વારિકા ગાડું લઈને આવ ને ગાડા માં બેસાડી ને તારા સાથે ડાકોર લઈ જા"કૃષ્ણ ભક્ત બોડાણા નું પ્રત્યેક ક્ષણ સેવા પૂજા અને ઈશ્વર સ્મરણ માં પસાર થતી હતી એટલે એના પાસે ગાડું ખરીદી શકે એટલું બધું ધન નહતું. માંડ માંડ એની પાસે જે કંઈ હતું એ બધું વેંચી ને જૂનું ગાડું અને ઘરડા બળદો ની વ્યવસ્થા કરીને બોડાણા માંડ માંડ દ્વારિકા પહોંચ્યા હતા.અડધી રાતે ભક્ત બોડાણા ના ગાડા માં દ્વારિકાધીશ બિરાજ્યા હતા.બોડાણા ના હાથ માંથી ગાડા ની રાશ પકડી ને ઘરડા બળદો માં એવી તાકાત આપી કે સવાર પડતા પહેલા જ ડાકોર ની અંદર પ્રવેશી ગયા હતા. ડાકોર માં બિરાજમાન રણછોડ રાય જી જ સ્વયં દ્વારિકાધીશ નું સ્વરૂપ છે ભક્ત બોડાણા ની ભક્તિ અને નિયમ માં અડચણ ન આવે એટલે ખુદ ડાકોર આવી ને વસ્યા છે. જ્યારે જ્યારે ભક્ત ની ભક્તિ ની પરીક્ષાઓ લેવાય છે ત્યારે ત્યારે ભક્ત માટે જ ભગવાન ને અવાર નવાર ધરતી પર અવતાર કાર્ય પૂર્ણ કરવા આવું પડતું હોય છે. ભક્ત અને ભગવાન વચ્ચેનો સંબંધ ખાસ હોય છે એટલે તો ભક્ત ના બધા જ મનોરથ ભગવાન પુરા કરતા હોય છે. ભાગ્ય થી સુદામા દરિદ્ર નહતા પણ ભૂલથી ભગવાન ની થઈ ગયેલ ભૂલ નું પ્રાયશ્ચિત કરવા માટે એણે આજીવન અપરિગ્રહ(માગ્યાં વગર વિના માંગે જે મળે એમાં નિર્વાહ કરવા)નું વ્રત લીધું હતું. વિદ્યા અભ્યાસ માટે સાંદિપની ઋષિ ના આશ્રમ એ ગયા ત્યારે એનું મિલન પૂર્ણ પરમાત્મા શ્રી કૃષ્ણ સાથે થયું હતું. એકવાર આશ્રમ માં લાકડા ખલાસ થઈ જતાં ગુરુ પત્ની એ સુદામાજી અને શ્રી કૃષ્ણ ને લાકડા લેવા જંગલ માં મોકલ્યા હતા.ગુરુ પત્ની એ પોટલી માં ચણા બાંધી ને સુદામાજી ને આપતા કહ્યું હતું કે ભૂખ લાગે તો બન્ને વહેંચી ખાય લેજો.અચાનક જંગલ માં કમોસમી અનરાધાર વરસાદ આવતા વન્ય પશુઓ ના ભય ના લીધે કૃષ્ણ અને સુદામા ઝાડ ની ઊંચી ડાળ પર બેસી ને વરસાદ ધીમો પડે એની રાહ જોવા લાગ્યા. ભગવાન શ્રી કૃષ્ણ ને નીંદર આવી જતા એ સુદામાજી ના ખોળા માં પોઢી ગયા હતા.જેવા શ્રી કૃષ્ણ ગાઢ નિંદ્રા માં પોઢી ગયા એ ભેગા પોટલી માંના ચણા સુદામાજી ખાઈ ગયા.ગાઢ નિંદ્રા માં પોઢેલ ભગવાન શ્રી કૃષ્ણ એ એના મિત્ર ની ઉતાવળ માં થયેલ ભૂલ પકડી લીધી હતી છતાંય એ સાચા ભક્ત હતા એટલે જાગ્યા બાદ ચણા વિશે પૂછ્યું નહતું. જ્યારે ભક્ત સુદામા એ ભૂખ ને લીધે ઉતાવળ માં કરેલ ભૂલ ને સ્વીકારી ને પ્રાયશ્ચિત કરવાનું એજ ક્ષણ થી પ્રણ લીધું હતું. સુદામાજી ના મનની પ્રાયશ્ચિત ની પીડા એની પત્ની થી સહન ન થતા એક દિવસે દુઃખી દિલ એ પતિ ને કહ્યું કે નાથ, હું એમ નથી કહેતી કે દ્વારિકા ના રાજા શ્રી કૃષ્ણ ની પાસે જઈને આપણી દરિદ્રતા નો ઉકેલ મેળવો. તમારા મિત્ર સંપૂર્ણ ચરાચર જગત ના પૂર્ણ પરમાત્મા શ્રી કૃષ્ણ છે એના દર્શન માત્ર થી તમારા ભવેભવ ના પાપ સંતાપ ટાળી જશે.ત્યારે ભક્ત સુદામા એ અનુભવ્યું કે આ મારી પત્ની નથી બોલતી સ્વયં પૂર્ણ પરમાત્મા શ્રી કૃષ્ણ મને દ્વારિકા બોલાવી રહ્યાં છે.મુખ માંથી ક્ષણ વાર પણ કૃષ્ણ સ્મરણ છૂટતું નથી ને સંપૂર્ણ ચરાચર જગત ને કૃષ્ણમય જુવે છે.ઘરે થી બે મૂઠી તાંબુલ લઈને પગપાળા નીકળેલ સુદામાજી ને દ્વારિકા નાથ ને મળવાનો ઉમંગ એટલો બધો હતો ને કે થાકીને ઝાડ નીચે સૂતા ત્યારે બપોર હતી ને નિંદ્રા માંથી જાગી ને આંખ ખુલી ત્યારે પણ બપોર હતી પણ એ દ્વારિકા ના રાજા શ્રી કૃષ્ણ ના મહેલ ની સામે ના ઝાડ નીચે સૂતા હતા. પોરબંદર થી દ્વારિકા સુધી પગપાળા પહોંચતા બેત્રણ દિવસ એ સમય માં થતા હતા પણ ભગવાન શ્રી કૃષ્ણ ની કૃપા થી સુદામાજી માત્ર અમુક ઘડી માં દ્વારિકા પહોંચી ગયા હતા.બે દિવસ દ્વારિકા ના રાજ મહેલ માં સુદામા જી એના ભગવાન અને મિત્ર સાથે રહીને આશ્રમ ના પ્રસંગો ની સ્મૃતિઓ યાદ કરી હતી. બે ત્રણ દિવસ દ્વારિકાધીશ નું સાનિધ્ય પ્રાપ્ત કર્યા બાદ પણ સુદામા જી એ કશુંય માંગ્યું નહતું. સુદામા ની પોટલી માંથી બે મૂઠી તાંબુલ ખાઈ ને ભગવાન શ્રી કૃષ્ણ એનું ભવોભવ નું દળદર કાપ્યું હતું.ભક્ત અને ભગવાન નો સંબંધ એ સંવાદ વિનાનો મૂક અને અવિરત જન્મો જન્મ ચાલતો હોય છે.જે રીતે ભક્ત નરસિંહ મહેતાના ઘરે શામળશા શેઠ નું સ્વરૂપ ધારણ કરી ને પધાર્યા હતા એ જ રીતે પ્રત્યેક ભક્ત ના ત્યાં કોઈના કોઈ સ્વરૂપે પહોંચી ને એના સંકટો દૂર કરતા હોય છે. મારા મહારાજ શ્રી કાયમ ભાગવત કથા માં કહેતા હોય છે કે અન્ય ના નાનકડા ઉપકાર ને ધ્યાન માં રાખીને આભાર આભાર બોલતા આપણી જીભ થાકતી હોતી નથી પણ એ ઉપકાર કરવા આવનાર માણસ ને તમારા સુધી મોકલનાર કોણ હશે?એવું ક્યારેય વિચાર્યું છે.આપણા ને તો એ જ સંકટો દેખાય છે જે આપણે ભોગવ્યા હતા પણ બીજા એવા સેંકડો સંકટો ને તો પૂર્ણ પરમાત્મા એ આપણા સુધી પહોંચવા જ દીધા નથી.આ તર્ક જ સામન્ય માણસ કરતા ભક્ત ની સમજણ"દુઃખ સુખ સૌ માં ઈશ્વર ઈચ્છા" ખાસ બનાવે છે એટલે તો ભક્ત ગાઈ છે કે:

આવે જીવનમાં તડકા છાંયા,સુખ દુઃખ ના પડે પડછાયા,

કાયા રહે કે ના રહે મારે માયા તમારી કરવી છે..



ભક્ત અને ભગવાન

- રુપાલી દવે

પિતાનો સાથ છૂટ્યો, લવ સ્ટોરી પણ અધૂરી!

દિલ તૂટ્યા બાદ પસંદ કરી સિંગલ લાઈફ; કહ્યું- 'ખોટા પાર્ટનરને પસંદ કરવા કરતાં એકલા રહેવું સારું'

(એજન્સી) મુંબઈ | તા.04

બોલિવૂડમાં આંખોથી ભાવનાઓ વ્યક્ત કરવા અને દરેક પાત્રમાં જીવ રેડી દેનારી તબુ આજે 55 વર્ષની થઈ ગઈ. લગભગ ચાર દાયકાના કરિયરમાં તેણે શોહરત, સન્માન અને ઘણા મોટા પુરસ્કારો હાંસલ કર્યા, પરંતુ અંગત જિંદગી સરળ ન રહી. ત્રણ વર્ષની ઉંમરમાં માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા અને પિતા સાથેનો સંબંધ સારો ન રહ્યો. જુવાનીમાં સંજય કપૂર સાથે સંબંધ શરૂ થયો, પરંતુ ફિલ્મનું શૂટિંગ પૂર્ણ થાય તે પહેલા બંનેની વાતચીત બંધ થઈ ગઈ.

સાજિદ નડિયાદવાલા સાથે સંબંધની ચર્ચા લગ્ન સુધી પહોંચી, જ્યારે નાગાર્જુન સાથે તેમનું નામ લગભગ એક દાયકા સુધી જોડાયેલું રહ્યું. કાળિયાર શિકાર કેસમાં નામ આવ્યા પછી તેને લાંબા સમય સુધી કાનૂની વિવાદનો સામનો કરવો પડ્યો.

તબુની જિંદગીનો પહેલો મોટો ભાવનાત્મક વળાંક બાળપણમાં આવ્યો. તેનો જન્મ 4 નવેમ્બર 1971ના રોજ હૈદરાબાદમાં થયો હતો. ત્રણ વર્ષની ઉંમરમાં તેના માતા-પિતાના છૂટાછેડા થઈ ગયા. આ પછી પિતા જમાલ હાશમી સાથે તેનો ખાસ સંપર્ક ન રહ્યો. તેનો ઉછેર માતા રિઝવાના અને નાના-નાનીના ઘરે થયો.

પરિવારના તૂટવાની સાથે બાળપણમાં તેની જિંદગીની દિશા બદલાઈ ગઈ. જોકે, તબુએ બાળપણને માત્ર દુ:ખ અને અભાવના રૂપમાં યાદ નથી કર્યું. તેણે જણાવ્યું હતું કે હૈદરાબાદમાં નાના-નાની સાથે તેનું બાળપણ સારું વિત્યું. માતા ટીચર હતાં અને કામના કારણે તબુનો ઘણો સમય નાની સાથે વિતતો હતો.

તબુએ આ વાતો સિમી ગરેવાલના ચેટ શો 'Rendezvous with Simi Garewal'માં શેર કરી હતી. તેણે જણાવ્યું કે તેની નાની પૂજા-પાઠ કરતા હતા અને પુસ્તકો વાંચતા હતા. તબુ તેમની આસપાસ રહીને મોટી થઈ. તેણે સ્વીકાર્યું હતું કે બાળપણમાં તે ખૂબ સંકોચી હતી. એક્ટ્રેસ બન્યા પછી પણ તેનામાં ખુલ્લીને વાત કહેવાનો આત્મવિશ્વાસ નહોતો.

વાતચીતનો સૌથી ભાવુક હિસ્સો ત્યારે આવ્યો, જ્યારે તેને પિતા વિશે પૂછવામાં આવ્યું. તબુએ જણાવ્યું કે તેણે પિતાને ક્યારેય નથી જોયા. તેની મોટી બહેન ફરાહ ક્યારેક-ક્યારેક પિતાને મળવા જતી હતી, પરંતુ તબુને તેમને મળવાની ઈચ્છા ન થઈ.

તેણે પિતાની અટક 'હાશમી' ન લગાવવાનું કારણ પણ જણાવ્યું. તબુના જણાવ્યા મુજબ, તેણે ન વિચાર્યું કે પિતાની અટક લગાવવી જરૂરી છે. સ્કૂલમાં તેની અટક ફાતિમા હતી અને તે આ જ ઓળખ સાથે મોટી થઈ.

તેણે કહ્યું હતું, 'મારી પાસે તેમની કોઈ યાદ નથી. હું તેમને મળવા માટે ક્યારેય ઉત્સુક નથી રહી. હું તેમના વિશે જાણવા ઉત્સુક નથી. હું જેવી છું અને જે રીતે મોટી થઈ છું, તેનાથી ખુશ છું.'

નિવેદનમાં પિતા પ્રત્યે અંતરની સાથે પરિવાર અને બાળપણને લઈને સંતોષ પણ નજરે પડે છે. કોઈ બાળકના માટે પિતાની હાજરી માત્ર સંબંધ સુધી સીમિત નથી, પરંતુ બાળપણની યાદો, સુરક્ષા અને ભાવનાત્મક જોડાણ સાથે પણ જોડાયેલી હોય છે. જોકે, તબુએ આ ખોટને પોતાની ઓળખ પર હાવી ન થવા દીધી. તેણે માતા અને નાના-નાની સાથે વિતાવેલા સમયને જિંદગીનો મહત્વનો હિસ્સો બનાવ્યો.

સંજય કપૂર સાથે પહેલો પ્રેમ, ફિલ્મના શૂટિંગ પૂરું થતાં-થતાં વાતચીત બંધ

તબુના શરૂઆતના ફિલ્મી કરિયર દરમિયાન અંગત જિંદગીમાં પણ નવો સંબંધ શરૂ થયો હતો. તે એક્ટર સંજય કપૂર સાથે હતો. બંનેની મુલાકાત ફિલ્મ 'પ્રેમ'ના શૂટિંગ દરમિયાન થઈ હતી. સંજય કપૂરની આ ડેબ્યૂ ફિલ્મ 1995માં રિલીઝ થઈ.

ફિલ્મમાં બંનેની જોડી પડદા પર નજરે પડી. આ દરમિયાન તેઓ નજીક આવ્યા અને ડેટ કરવા લાગ્યા. બંને કરિયરની શરૂઆત કરી રહ્યા હતા. સંજય કપૂરની આ પહેલી ફિલ્મ હતી, જ્યારે તબુ ઈન્ડસ્ટ્રીમાં જગ્યા બનાવવાની કોશિશ કરી રહી હતી. આ સંબંધની પુષ્ટિ કોઈ ગોસિપ રિપોર્ટે નહીં, પરંતુ સંજય કપૂરે ખુદ ઈન્ટરવ્યુમાં કરી હતી.

સંજય કપૂરે ETimesને આપેલા જૂના ઈન્ટરવ્યુમાં તબુ સાથેના સંબંધ પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ફિલ્મ 'પ્રેમ'ના શૂટિંગના શરૂઆતના સમયમાં તેઓ તબુને ડેટ કરી રહ્યા હતા. સંજયે કહ્યું હતું, 'હું એ સમયે શરૂઆતમાં તબુને ડેટ કરી રહ્યો હતો.



આયુષ્માન ખુરાનાને લૉરેન્સ ગેંગના નામે ધમકી

ઓડિયો મેસેજ મોકલીને કરોડો રૂપિયાની માગણી કરી, પોલીસે તપાસ હાથ ધરી

સ્ટાર પર થયા ફાયરિંગ : ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘરની બહાર થયેલી ગોળીબારની ઘટના પાછળ પણ હેરી બોક્સર અને લૉરેન્સ ગેંગનો હાથ હોવાનું જણાવાયું હતું. તેની જવાબદારી તેણે એક વૉઇસ નોટ દ્વારા સ્વીકારી હતી.

પ્રખ્યાત પંજાબી સિંગર ગુરુ રંધાવાને પણ હેરી બોક્સરે ધમકી આપી હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક કથિત ઑડિયો અનુસાર, સલમાન ખાન સાથેની નિકટતાને કારણે ગુરુ રંધાવાના દિલ્હી સ્થિત એક જિમ પર ગોળીબાર કરાવવામાં આવ્યો હતો. તેને ભવિષ્ય માટે ચેતવણી પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોમેડિયન કપિલ શર્મા પણ ગેંગના નિશાન પર રહ્યો છે. કેનેડામાં તેના કૅફે પર ગોળીબાર થઈ ચૂક્યો છે.



(એજન્સી) મુંબઈ | તા.04

બોલિવૂડ એક્ટર આયુષ્માન ખુરાનાને ધમકીભર્યો ઑડિયો મેસેજ મળ્યો છે. મુંબઈ પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, મેસેજ મોકલનાર વ્યક્તિએ પોતાને લૉરેન્સ ગૅંગનો સભ્ય ગણાવ્યો છે. તેણે એક્ટર પાસેથી કરોડો રૂપિયાની માંગણી કરી છે. 'ઇન્ડિયા ટીવી'ના અહેવાલ અનુસાર, મુંબઈ પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ તેની પુષ્ટિ કરી છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. જોકે, અત્યાર સુધી આ કેસમાં એફઆઈઆર નોંધવામાં આવી નથી.

પોલીસને મળેલી ઑડિયો ક્લિપના અવાજનો મેળ એવા એક આરોપીના અવાજ સાથે કરવામાં આવી રહ્યો છે, જેનું નામ અગાઉથી પોલીસ રેકોર્ડમાં નોંધાયેલું છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ આરોપીનો સંબંધ મેસેજ મોકલનાર વ્યક્તિએ જણાવેલી ઓળખ સાથે હોઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં એક્ટર તુષાર કપૂરને પણ આ પ્રકારનો ધમકીભર્યો ઑડિયો મેસેજ મળ્યો હતો. મેસેજ મોકલનારે પોતાને હેરી બૉક્સર ગણાવ્યો હતો. જોકે, પ્રાથમિક તપાસમાં ઑડિયો ક્લિપ બનાવટી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

ન્યૂઝ એજન્સી IANS મુજબ, તુષાર કપૂરે આ અંગેની માહિતી મુંબઈ પોલીસને આપી હતી. ત્યારબાદ તપાસ એન્ટી-એક્સટોર્શન સેલ અને ક્રાઇમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચની ટેકનિકલ ટીમે ધમકીભર્યા કોલની ઑડિયો રેકોર્ડિંગની તપાસ કરી. ત્યારબાદ અવાજનો મેળ હેરી બોક્સરના સત્તાવાર ઑડિયો સેમ્પલ સાથે કરવામાં આવ્યો.

પોલીસના વરિષ્ઠ અધિકારીઓ મુજબ, બંને અવાજો એકબીજા સાથે મેળ ખાતા નથી. આથી પોલીસને શંકા છે કે આ ફર્જી કોલ હતો. કોઈએ ગેંગનું નામ લઈને ભય પેદા કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, લૉરેન્સ ગેંગના સાગરીત હેરી બોક્સર પર બોલિવૂડ અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી સાથે જોડાયેલા અનેક લોકોને ધમકી આપવાના આરોપો છે. તેમાં સૌથી પ્રમુખ નામ 'ધુરંધર' એક્ટર રણવીર સિંહનું છે. NDTVના અહેવાલ મુજબ, હેરીએ રણવીરના મેનેજરને વૉઇસ નોટ મોકલીને 10 કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. રકમ નહીં આપવા પર રણવીર અને તેના સ્ટાફને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

મુંબઈમાં 'રામાયણ'નું ગ્રાન્ડ સ્ક્રીનિંગ

આલિયા પતિ રણબીરને સપોર્ટ કરવા પહોંચી, રવિ દુબે સની દેઓલને પગે લાગ્યો



(એજન્સી) મુંબઈ | તા.04

રણબીર કપૂર અને યશ સ્ટારર ફિલ્મ 'રામાયણ'નું મુંબઈમાં ખાસ સ્ક્રીનિંગ યોજાયું. થિયેટરોમાં ફિલ્મની રિલીઝ પહેલાં યોજાયેલા આ કાર્યક્રમમાં બોલિવૂડની અનેક સેલિબ્રિટીઓ સામેલ થઈ.


સ્ક્રીનિંગ દરમિયાન એક ખાસ ક્ષણ પણ જોવા મળી. રવિ દુબેએ સની દેઓલને પગે લાગીને તેના આશીર્વાદ લીધા.

આ ખાસ સ્ક્રીનિંગમાં રણબીર કપૂર, તેની પત્ની અને એક્ટ્રેસ આલિયા ભટ્ટ, સની દેઓલ, જૅકી ભગનાની, રકુલ પ્રીત સિંહ, વિવેક ઓબેરોય, રવિ દુબે, સરગુન મહેતા, કાજલ અગ્રવાલ, લારા દત્તા ગ્રેસ, આશિષ ચંચલાની ઉપરાંત ફિલ્મના ડિરેક્ટર નિતેશ તિવારી અને પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા સામેલ થયા.

નીતા મુકેશ અંબાણીએ પહેર્યું ₹15 કરોડનું પતંગિયું...!

(એજન્સી) મુંબઈ | તા.04

રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી તેમના રોયલ લુક અને આકર્ષક જ્વેલરી કલેક્શન માટે હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં મુંબઈ સ્થિત NMACC (નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટર) ખાતે નવી 'લાઈબ્રેરી'ના લોન્ચિંગ ઈવેન્ટમાં નીતા અંબાણીના એક ખાસ બ્રોચ પર લોકોની નજરો અટકી ગઈ હતી.



આ ઈવેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં aબોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર ખાનની પણ આ અનોખા બ્રોચને જોઈ આંખો પહોળી થઈ ગઈ અને તેને અડીને જોવા લાગી. નીતા અંબાણીએ તેમના બ્લેઝર પર એક ડ્રેગનફ્લાઈની ડિઝાઈનવાળું શાનદાર બ્રોચ પહેર્યું હતું. આ બ્રોચ વિશ્વપ્રસિદ્ધ ચીની જ્વેલરી આર્ટિસ્ટ વાલેસ ચાન દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે અને તેનું નામ 'સોઅરિંગ સ્પિરિટ' રાખવામાં આવ્યું છે. આ અનોખા અને કોમપ્લેક્સ ડિઝાઈનવાળા બ્રોચને તૈયાર કરવામાં એક દાયકો એટલે કે 10 વર્ષનો સમય લાગ્યો છે.

બ્રોચમાં 17.67 કેરેટની કિંમતી ત્સવોરાઈટ ગાર્ને, ડીમેન્ટોઈડ ગાર્નેટ, યલો ડાયમંડ, વ્હાઈટ ડાયમંડ, કલર્ડ ડાયમંડ, રૂબી, પિંક સેફાયર અને સ્પેશિયલ ટાઈટેનિયમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બ્રોચને ખાસ ફ્લેક્સિબલ ટાઈટેનિયમથી તૈયાર કરાયું છે, જેથી પહેરનાર વ્યક્તિની હલચલ સાથે ડ્રેગનફ્લાઈની પાંખો પણ કુદરતી રીતે હલનચલન કરે છે. તેની પાંખોની ડિઝાઈન 'એબેકસ'થી પ્રેરિત છે.

કેટલી છે આ બ્રોચની કિંમત? : આંતરરાષ્ટ્રીય બજાર અને સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ માહિતી મુજબ, કિંમતી હીરા અને 10 વર્ષની અદ્ભુત કારીગરીથી બનેલા આ સોઅરિંગ સ્પિરિટ બ્રોચની અંદાજિત કિંમત 1.5 થી 1.8 મિલિયન ડૉલર છે. ભારતીય રૂપિયામાં ગણતરી કરીએ તો આ બ્રોચની કિંમત આશરે 12 કરોડથી 15 કરોડ જેટલી થાય છે!

બોલિવૂડના નટખટ ઓરીની સારા અલી ખાન સાથે બાકાઝીકી...!

કહ્યું- 'એક્ટ્રેસની માતા અમૃતા સિંહે ગાળો આપી, મારું જીવન નરક બનાવી દીધું; હું બદલો લઈશ'

ઓરીએ કહ્યું- જ્યારે મેં આ વર્ષે તેને અનફોલો કરી, ત્યારે મને લાગ્યું કે જો આજે પણ હું તેની સાથે મિત્રતાનો દેખાવો કરીશ, તો તેણે મારી સાથે જે કર્યું અને તેની માતાએ મારા પર જે ગાળો વરસાવી, તથા લોકો સામે મારી જે ખરાબ વાતો કરી...



(એજન્સી) મુંબઈ | તા.04

સોશિયલ મીડિયા સેન્સેશન અને રિયાલિટી શો સ્ટાર ઓરી (ઓરહાન અવત્રામણી) પોતાની બિંદાસ અને નિખાલસ શૈલી માટે જાણીતો છે. તાજેતરમાં તેણે એક્ટ્રેસ સારા અલી ખાન અને તેની માતા અમૃતા સિંહ સાથેના પોતાના વણસેલા સંબંધો પર ફરી એકવાર ચોંકાવનારા ખુલાસા કર્યા છે. ઓરીએ દાવો કર્યો છે કે અમૃતા સિંહે તેને ગાળો આપી હતી અને જ્યારે તેને મિત્રની સૌથી વધુ જરૂર હતી ત્યારે સારાએ તેને 'ગોસ્ટ' કરી દીધો હતો.

એક્ટ્રેસ નેહા ધૂપિયા અને તેના પતિ અંગદ બેદીના પોડકાસ્ટ 'ડબલ ડેટ'માં વાતચીત દરમિયાન ઓરીએ સારા અલી ખાન અને તેની માતાને સોશિયલ મીડિયા પર અનફોલો કરવાનું સાચું કારણ જણાવ્યું હતું. ઓરીએ કહ્યું- સારા મારી બાળપણની મિત્ર જેવી રહી છે. અમે કોલેજમાં સાથે હતા અને ત્યારબાદ 10 વર્ષ સુધી પાકા મિત્રો રહ્યા. હું તેના દરેક મુશ્કેલ સમયમાં તેની સાથે ઊભો રહ્યો છું. જ્યારે તે એક મોટા વિવાદ અને કેસમાં ફસાઈ હતી, ત્યારે અમે ગોવામાં હતા અને મેં તેનો સાથ આપ્યો હતો. મેં તેની માતા અને ભાઈ (ઈબ્રાહિમ અલી ખાન)ની પણ સંભાળ રાખી હતી. તે સમયે દરેક વ્યક્તિ મને સારાથી દૂર રહેવા કહેતી હતી, પરંતુ મેં મિત્રતા નિભાવી.

ઓરીએ આગળ ઉમેર્યું કે, જ્યારે તેની પોતાના જીવનમાં મુશ્કેલી આવી અને તેને સારાના સાથની જરૂર હતી, ત્યારે સારા ગાયબ થઈ ગઈ. સારાએ તેનો હાલચાલ પૂછવા માટે એક ફોન પણ નહોતો કર્યો.



'બેબી ડૉલ' ફેમ સિંગરના બીજા લગ્ન પણ તૂટ્યા

કનિકા કપૂરે છૂટાછેડાનો ખુલાસો કર્યો, એક્સ્ટ્રા મેરિટલ અફેર પર મૌન તોડ્યું; 2022માં બીજા લગ્ન કર્યાં હતાં

કનિકા કપૂરની સિંગિંગ કરિયર : કનિકા કપૂરે બાળપણથી જ સંગીત શીખવાનું શરૂ કરી દીધું હતું. 12 વર્ષની ઉંમરે તેણે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી. તેણે લખનઉની ભાતખંડે સંગીત સંસ્થામાંથી સંગીતમાં સ્નાતક અને માસ્ટર્સની ડિગ્રી મેળવી હતી.

કનિકાના લગ્ન માત્ર 18 વર્ષની ઉંમરે બિઝનેસમેન રાજ ચંડોક સાથે થયા હતા, ત્યારબાદ તે લંડન સ્થાયી થઈ ગઈ. તેણે પોતાના ત્રણ બાળકોના ઉછેર માટે લગભગ 14-15 વર્ષ સુધી સંગીતથી સંપૂર્ણપણે અંતર જાળવી રાખ્યું. વર્ષ 2012માં છૂટાછેડા થયા બાદ સિંગિંગમાં કારકિર્દી બનાવવા માટે તે મુંબઈ આવી ગઈ. એ જ વર્ષે તેનો મ્યુઝિક વીડિયો 'જુગની જી' રિલીઝ થયો. વર્ષ 2014માં તેણે ફિલ્મ 'રાગિની MMS 2'ના ગીત 'બેબી ડોલ'થી બોલિવૂડમાં પ્લેબેક સિંગર તરીકે કારકિર્દીની શરૂઆત કરી. આ ગીત સુપરહિટ થયું અને તેને ફિલ્મફેર એવોર્ડ પણ મળ્યો.

(એજન્સી) મુંબઈ | તા.04

'બેબી ડોલ' જેવા અનેક પ્રસિદ્ધ ગીતો ગાનારી સિંગર કનિકા કપૂરે પતિ ગૌતમ હાથિરમાનીથી અલગ થવાની જાહેરાત કરી છે. બંનેનાં લગ્ન ચાર વર્ષ પહેલાં થયાં હતાં. કનિકાએ મંગળવારે ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર સત્તાવાર નિવેદન જાહેર કર્યું. તેણે લોકોને આ સમયે તેની ગોપનીયતાનો આદર કરવા અપીલ કરી.સિંગરે લખ્યું,

'પ્રિય મિત્રો અને પરિવારજનો, ઘણો વિચાર કર્યા પછી મેં અને મારા પતિએ અલગ રહેવાનો નિર્ણય લીધો છે. અમે સાથે વિતાવેલા સમય માટે હું આભારી છું. હું તેમના આવનારા જીવન માટે શુભેચ્છાઓ પાઠવું છું.' તેણે આગળ લખ્યું, 'હું આપ સૌને વિનંતી કરું છું કે આ મુશ્કેલ સમયમાં અમારી ખાનગી જિંદગીનો આદર કરો અને અમને સમજવાનો પ્રયાસ કરો.'

કનિકાએ સંબંધમાં કોઈ ત્રીજા વ્યક્તિના સામેલ હોવાની અફવાઓને ફગાવી દીધી. કનિકા કપૂરે 'મુંબઈ મિરર' સાથેની વાતચીતમાં કહ્યું, 'મારી જિંદગીમાં કોઈ બીજી વ્યક્તિ નથી અને જ્યાં સુધી મને ખબર છે, ગૌતમની જિંદગીમાં પણ કોઈ બીજું નથી. આ મારા બીજા લગ્નવિચ્છેદ છે. તેથી આ વખતે પણ મને દુ:ખ અને નિરાશા થઈ રહી છે.'

'આ કહેવું ખોટું છે કે હું લાગોસ (નાઇજીરિયાના શહેર)માં રહેવા માગતી નહોતી. લગ્નજીવન તૂટે ત્યારે સૌથી પહેલાં મહિલાને દોષ આપવો સામાન્ય વાત છે, જે ખોટું છે. લગ્નજીવનમાં શું થયું, તે ફક્ત પતિ-પત્ની જ જાણે છે.'

'હું હાલમાં મુંબઈમાં છું અને ત્રણ પ્રોજેક્ટ્સ પર કામ કરી રહી છું.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

ભારત હોકી ટીમ એશિયન સેમિફાઈનલ પહોંચી

- દક્ષિણ કોરિયા સામે ભવ્ય જંગ, મોહાલી સ્ટેડિયમમાં મહામુકાબલો શરૂ



(એજન્સી) મોહાલી । તા. 04

મોહાલી ખાતે આવેલા ઓલિમ્પિયન બલબીર સિંઘ સીનિયર ઈન્ટરનેશનલ હોકી સ્ટેડિયમમાં આજે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી પંજાબ ૨૦૨૬નો અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ સેમિફાઈનલ મુકાબલો રમાવા જઈ રહ્યો છે. આ મહત્વપૂર્ણ નોકઆઉટ મેચમાં વર્તમાન ચેમ્પિયન અને ટાઈટલ રક્ષક ભારતીય પુરુષ હોકી ટીમનો સામનો દક્ષિણ કોરિયા સામે થશે. લીગ સ્ટેજમાં તમામ પાંચેય મેચો જીતીને અણનમ રહેલી ભારતીય ટીમે પોઈન્ટ ટેબલમાં પંદર અંક સાથે ટોચનું સ્થાન હાસિલ કર્યું છે. સમગ્ર લીગ તબક્કામાં ભારતીય ખેલાડીઓએ ચોંત્રીસ ગોલ ફટકારીને માત્ર પાંચ ગોલ સ્વીકાર્યા છે, જે ટીમની મજબૂત બેકલાઈન અને વિસ્ફોટક આક્રમણની સાક્ષી પૂરે છે.

જાલંધરથી મોહાલી ખસેડાયેલી આ ટુર્નામેન્ટમાં ભારતીય ટીમે શરૂઆતથી જ વિરોધી ટીમો પર પોતાનું સંપૂર્ણ વર્ચસ્વ જાળવી રાખ્યું છે. લીગ તબક્કાની પોતાની અંતિમ મેચમાં પણ ભારતે દક્ષિણ કોરિયાને આઠ-શૂન્યના વિશાળ માર્જિનથી કચડી નાખ્યું હતું. આ અગાઉ સપ્ટેમ્બર મહિનામાં યોજાયેલી આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬માં પણ ભારતે કોરિયાઈ ટીમને આઠ-બેથી પરાજય આપીને ઐતિહાસિક ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ત્રણ દિવસના ગાળામાં બીજી વખત સામસામે આવી રહેલી આ બંને ટીમો માટે સેમિફાઈનલનો આ નવો જંગ એક અલગ જ પડકાર લઈને આવ્યો છે, જ્યાં ભૂતકાળના પરિણામોને ભૂલીને નવેસરથી કૌશલ્ય સાબિત કરવાનું રહેશે.

પુરુષ પિસ્તોલ ટીમનો ભવ્ય સુવર્ણચંદ્રક અને વ્યક્તિગત સિલ્વર



(એજન્સી) નવી દિલ્હી । તા. 04

દોહાના નિશાનેબાજી સ્ટેડિયમમાં રમાયેલી ૫૦ મીટર પિસ્તોલ પુરુષ વર્ગની ટીમ સ્પર્ધામાં ભારતીય નિશાનેબાજોએ અભૂતપૂર્વ નિશાનેબાજી કરીને દેશને પ્રથમ સ્વર્ણિમ સફળતા અપાવી હતી. ભારતના રવિન્દર સિંહ, સૌરભ ચૌધરી અને અમનપ્રીત સિંહની ત્રિપુટીએ કુલ ૧૬૫૯-૨૪એક્સનો જંગી સ્કોર નોંધાવીને વિરોધી ટીમોને પાછળ છોડી દીધી હતી અને ગોલ્ડ મેડલ પર કબજો જમાવ્યો હતો. આ મજબૂત સ્કોરમાં રવિન્દર સિંહે ૫૫૯-૧૧એક્સ, સૌરભ ચૌધરીએ ૫૫૧-૭એક્સ અને અમનપ્રીત સિંહે ૫૪૯-૬એક્સનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ચીનની ટીમ ૧૬૪૮-૨૬એક્સ સાથે બીજા સ્થાને રહીને રજતચંદ્રક જીતી શકી હતી જ્યારે દક્ષિણ કોરિયાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

રવિન્દર સિંહે પોતાના વ્યક્તિગત પ્રદર્શનથી પણ સમગ્ર દેશનું દિલ જીતી લીધું હતું. તેણે ૫૫૯-૧૧એક્સનો શાનદાર સ્કોર બનાવીને વ્યક્તિગત ૫૦ મીટર પિસ્તોલ સ્પર્ધામાં રજતચંદ્રક એટલે કે સિલ્વર મેડલ પોતાના નામે કર્યો હતો. તે તટસ્થ એથ્લેટ તરીકે રમી રહેલા એન્ટન એરિસ્ટારખોવ કરતાં માત્ર બે પોઈન્ટ પાછળ રહ્યો હતો, જેણે ૫૬૧-૯એક્સ સાથે સુવર્ણચંદ્રક જીત્યો હતો. રૂમાનિયાના લુકા જોલેયાએ આ ક્ષેત્રમાં ત્રીજું સ્થાન મેળવી બ્રોન્ઝ મેડલ હાસિલ કર્યો હતો. નોંધનીય છે કે ૫૦ મીટર પિસ્તોલ સ્પર્ધા ઓલિમ્પિક રમત કાર્યક્રમનો ભાગ નથી. ભારતને બીજી મોટી સફળતા મહિલાઓની દસ મીટર એર રાઇફલ ટીમ સ્પર્ધામાં મળી હતી. ભારતીય મહિલા શૂટર્સ ઈલાવેનિલ વાલરિવન, સોનમ મસ્કર અને શંભવી ક્ષીરસાગરની જોરદાર ત્રિપુટીએ કુલ ૧૮૯૪.૪ પોઈન્ટ્સ મેળવીને દેશ માટે સિલ્વર મેડલ પાકો કર્યો હતો. આ સ્પર્ધામાં ચીનની ટીમે ૧૮૯૯.૮ પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાન મેળવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે જાપાનની ટીમે ૧૮૯૨.૬ પોઈન્ટ્સ સાથે ત્રીજું સ્થાન મેળવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં નવો કીર્તિમાન

ઓકલેન્ડ વનડેમાં નંબર-3 પર વિરાટ કોહલી 13,000 રન રેકોર્ડ બનાવ્યો

(એજન્સી) ઓકલેન્ડ । તા. 04



ન્યુઝીલેન્ડ સામે રમાઈ રહેલી મહત્વપૂર્ણ વનડે શ્રેણીના પ્રથમ મુકાબલામાં ભારતીય ક્રિકેટ જગતમાંથી એક અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક સમાચાર સામે આવ્યા છે. ઓકલેન્ડના પ્રખ્યાત ઈડન પાર્ક મેદાન પર રમાઈ રહેલી આ રોમાંચક મેચમાં ભારતીય રન મશીન તરીકે જાણીતા વિરાટ કોહલીએ પોતાની આગવી બેટિંગ કૌશલ્યના બળે વનડે ક્રિકેટ ઈતિહાસમાં એક એવો અદ્ભુત અને અભૂતપૂર્વ રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે, જેને આજ દિન સુધી દુનિયાનો કોઈ પણ દિગ્ગજ ખેલાડી સ્પર્શ પણ કરી શક્યો નથી. આ ભવ્ય સિદ્ધિથી સમગ્ર દેશના ક્રિકેટપ્રેમીઓમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે અને સોશિયલ મીડિયા પર અભિનંદનનો ધોધ વહી રહ્યો છે.

ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાઈ રહેલી મેચમાં કમાલ

ન્યુઝીલેન્ડના કીવી બોલરો સામેની આ આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતીય બેટિંગ લાઈનઅપે શાનદાર પ્રદર્શન કર્યું હતું. મેચની શરૂઆતમાં જ ભારતીય ટીમને સાવચેતીપૂર્વક રમવાની જરૂર હતી ત્યારે નંબર-૩ના ક્રમે બેટિંગ કરવા માટે મેદાન પર ઉતરેલા વિરાટ કોહલીએ ખૂબ જ પરિપક્વતા અને આત્મવિશ્વાસ સાથે ઈનિંગ્સને આગળ વધારી હતી. આ મેચ શરૂ થતા પહેલા વિરાટને એક ખાસ ઐતિહાસિક આંકડા સુધી પહોંચવા માટે માત્ર બાર રનની આવશ્યકતા હતી. જેવો તેણે પોતાની બેટિંગ દરમિયાન બારમો રન સફળતાપૂર્વક પૂરો કર્યો, તુરંત જ ઓકલેન્ડનું આખું ઈડન પાર્ક સ્ટેડિયમ દર્શકોની તાળીઓના ગડગડાટ અને ભારતીય સમર્થકોના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું.

નંબર-૩ પોઝિશન પર તેરા હજાર રનનો અદ્ભુત પરાક્રમ

વનડે ક્રિકેટની દુનિયામાં ત્રીજા નંબરની પોઝિશનને બેટિંગ ક્રમની સૌથી મુશ્કેલ, સંવેદનશીલ અને કરોડરજ્જુ સમાન માનવામાં આવે છે. આ અત્યંત મહત્વપૂર્ણ સ્થાન પર મેદાન પર ઉતરીને વિરાટ કોહલીએ વનડે ક્રિકેટના ઈતિહાસમાં તેરા હજાર રનનો આંકડો સફળતાપૂર્વક પાર કરી લીધો છે. આ સિદ્ધિ મેળવનાર તે દુનિયાના સર્વપ્રથમ અને અત્યાર સુધીના એકમાત્ર બેટ્સમેન બની ગયા છે. આ અજોડ મામલામાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ મહાન કપ્તાન રિકી પોન્ટિંગ બાર હજાર છ સો બેસઠ રન સાથે બીજા ક્રમે બિરાજમાન છે. આખી દુનિયાના ક્રિકેટ ઈતિહાસમાં વનડે ક્રિકેટમાં ત્રીજા નંબરના સ્થાને દસ હજારથી વધુ રન બનાવનાર ખેલાડીઓની યાદીમાં માત્ર કોહલી અને પોન્ટિંગ જ સામેલ છે, જે આ રેકોર્ડની વિશાળતા દર્શાવે છે.

અદ્ભુત સરેરાશ અને સદીઓનો મહાન સફર

વિરાટ કોહલીએ ત્રીજા નંબરની અત્યંત પડકારજનક પોઝિશન પર બેટિંગ કરતા એકસઠ પોઈન્ટ પંચાવન ની શાનદાર સરેરાશ અને પંચાણું પોઈન્ટ ચારના પ્રભાવશાળી સ્ટ્રાઈક રેટથી આ અવિસ્મરણીય મુકામ હાંસલ કર્યો છે. આ ખાસ બેટિંગ ઓર્ડર પર રમતી વખતે તેણે અડસઠ થી વધુ શાનદાર સદીઓ અને અગાસર થી વધુ અર્ધશદીઓ ફટકારીને પોતાના વિરાટ કદની સાક્ષી પૂરી છે.

સચિન તેંડુલકર કેપ્ટન પસંદગી વિગતો જાહેર કરીને ચોંકાવ્યા



(એજન્સી) મુંબઈ । તા. 04

વિશ્વ ક્રિકેટના ઈતિહાસમાં ક્રિકેટના ભગવાન તરીકે પૂજાતા અને ભારતના પૂર્વ મહાન બેટ્સમેન સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં પોતાના મનપસંદ સુકાનીઓને લઈને એક અત્યંત દિલચસ્પ અને મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ચાહકો સાથે યોજાયેલા એક વિશેષ પ્રશ્નોત્તરી સેશન દરમિયાન માસ્ટર બ્લાસ્ટરે પોતાના કેપ્ટનશીપના સમયગાળાની પડદા પાછળની મુશ્કેલીઓ, પોતાના ત્રણ મનપસંદ કેપ્ટનોના નામ અને વર્તમાન સમયના આંતરરાષ્ટ્રીય ક્રિકેટના સુકાનીઓ અંગે ખાનગી દિલ ખોલીને વાત કરી છે. સચિનના આ નિવેદનથી સમગ્ર રમતજગતમાં અને ભારતીય ક્રિકેટ ચાહકોમાં ભૂતકાળની સુવર્ણ યાદો તાજી થઈ ગઈ છે.

સચિન તેંડુલકરે પોતાના કેપ્ટનશીપના સમયગાળાને યાદ કરતા જણાવ્યું હતું કે દેશની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમનું નેતૃત્વ કરવું એ કોઈપણ ખેલાડી માટે જીવનનું સૌથી મોટું અને ગૌરવપૂર્ણ સન્માન હોય છે. પરંતુ સાથોસાથ તેમણે પોતાના કપ્તાની કાળની આકરી વાસ્તવિકતા પણ ખુલ્લેઆમ સ્વીકારી હતી. તેમણે જણાવ્યું કે નવસૂચિત ૧૯૯૦ના દાયકામાં ભારતીય ક્રિકેટ અત્યંત કઠિન અને પડકારજનક તબક્કામાંથી પસાર થઈ રહ્યું હતું. તે દોરમાં કેપ્ટન હોવા છતાં પણ પોતાની મરજી મુજબની શ્રેષ્ઠ અને સંપૂર્ણ ટીમ પસંદ કરવાની પૂરેપૂરી આઝાદી મળતી નહોતી. તત્કાલીન સમયમાં પસંદગી સમિતિ અને વહીવટી માળખા વચ્ચે અનેક મર્યાદાઓ પ્રવર્તતી હતી. તેમણે ઉમેર્યું હતું કે તે સમયના ભારતીય ક્રિકેટ વહીવટની તુલનાએ આજનું ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઘણું વધારે વ્યવસાયિક, આધુનિક અને સક્ષમ સંગઠન બની ચૂક્યું છે. ઉલ્લેખનીય છે કે સચિન તેંડુલકરે વર્ષ ૧૯૯૬થી ૨૦૦૦ના સમયગાળા દરમિયાન બે અલગ-અલગ કાર્યકાળમાં ભારત માટે કુલ ૨૫ ટેસ્ટ મેચોમાં કેપ્ટન તરીકે સુકાન સંભાળ્યું હતું.

ત્રણ મનપસંદ કેપ્ટનની પસંદગી અને વખાણ

પ્રશ્નોત્તરી સેશન દરમિયાન જ્યારે ચાહકોએ તેમને પૂછ્યું કે તેમને કયા કેપ્ટનની આગેવાની હેઠળ રમવું સૌથી વધુ પસંદ હતું, ત્યારે સચિન તેંડુલકરે દાદા એટલે કે સૌરવ ગાંગુલી અને કેપ્ટન કૂલ એમએસ ધોનીના નામ મુખ્યત્વે લીધા હતા. સચિને જણાવ્યું કે ભારતીય ક્રિકેટને જીતવાનો આત્મવિશ્વાસ આપવા માટે સૌરવ ગાંગુલીનું નેતૃત્વ અદ્ભુત હતું. ગાંગુલીએ યુવા ખેલાડીઓને ટીમમાં સ્થાન આપીને એક મજબૂત અને આક્રમક ટીમનું નિર્માણ કર્યું હતું, જેણે વિદેશી ધરતી પર પણ ભારતને વિજય અપાવવાનું શરૂ કર્યું હતું.

ઉર્વિલ પટેલ રણજી બેવડી સદી ફટકારી, કુદરતી બેવડી સદી ફટકારી

(એજન્સી) અમદાવાદ । તા. 04



અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી રણજી ટ્રોફી એલિટ ગ્રુપ-સીની અત્યંત રોમાંચક મેચમાં ગુજરાતના યુવા વિકેટકીપર-બેટ્સમેન ઉર્વિલ પટેલે અદભુત અને તોફાની બેટિંગનું પ્રદર્શન કરીને પોતાના ફર્સ્ટ ક્લાસ કરિયરની પ્રથમ બેવડી સદી ફટકારી છે. કેરળના અનુભવી બોલરો સામે ચોગ્ગા અને છગ્ગાની રમઝટ બોલાવતા ઉર્વિલે મેદાન પર ચારેય બાજુ ફટકાબાજી કરી હતી અને વિરોધી ટીમની રણનીતિને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવી દીધી હતી. આ શાનદાર પ્રદર્શનની મદદથી ગુજરાતની ટીમે પોતાની પ્રથમ ઈનિંગ્સમાં નવ વિકેટે 534 રનનો વિશાળ સ્કોર ખડકી દીધો છે, જેના જવાબમાં રમવા ઉતરેલી કેરળની ટીમની શરૂઆત અત્યંત નબળી રહી છે.

મેચના પ્રારંભે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેનાર ગુજરાતની ટીમને ઓપનરોએ ખૂબ જ મજબૂત અને સ્થિર શરૂઆત અપાવી હતી. અભિષેક દેસાઈએ 42 રનનું યોગદાન આપ્યું હતું જ્યારે આર્ય દેસાઈએ ઉત્કૃષ્ટ બેટિંગ કરતા ત્રણ ગગનચુંબી છગ્ગા અને છ આકર્ષક ચોગ્ગાની મદદથી 95 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. આ બંને ખેલાડીઓએ પ્રથમ વિકેટ માટે 116 રનની સદીની ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ વેદાંત ત્રિવેદી અને મનન હિંગરાજિયાએ પણ ક્રિઝ પર ટકી રહેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ એક સમયે સ્કોર 180 રન પર પહોંચ્યા બાદ ગુજરાતની ટીમનો મિડલ ઓર્ડર અચાનક તૂટી પડ્યો હતો અને માત્ર નવ રનના ટૂંકા ગાળામાં પાંચ મહત્વપૂર્ણ વિકેટો ગુમાવી દેતા ટીમ મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી.

જ્યારે ગુજરાતની ટીમ 189 રનના સ્કોર પર પાંચ વિકેટ ગુમાવીને સંઘર્ષ કરી રહી હતી, ત્યારે મેદાન પર ઉતરેલા ઉર્વિલ પટેલે અત્યંત જવાબદારીપૂર્વક રમીને બાજી સંભાળી લીધી હતી. તેણે કેરળના ખતરનાક આક્રમક માલવાહક બોલરોની ધજાગ્રિયા ઉડાવી દીધી હતી. ઉર્વિલે વિશાલ જયસ્વાલ સાથે મળીને છઠ્ઠી વિકેટ માટે 179 રનની અત્યંત નિર્ણાયક ભાગીદારી નોંધાવી હતી અને ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. વિશાલ જયસ્વાલે 77 રનની ઉપયોગી ઈનિંગ્સ રમી હતી. ત્યારબાદ ઉર્વિલે અમિત દેસાઈ અને સિદ્ધાર્થ દેસાઈ સાથે પણ મહત્વપૂર્ણ ભાગીદારીઓ કરીને સ્કોરને પાંચ સો રનના પાર પહોંચાડ્યો હતો. ઉર્વિલ પટેલે પોતાની આ ઐતિહાસિક અણનમ ઈનિંગ્સ દરમિયાન માત્ર 227 બોલનો સામનો કરીને 17 શાનદાર ચોગ્ગા અને 6 ગગનચુંબી છગ્ગા ફટકારીને 210 રન બનાવ્યા હતા.

કેરળ તરફથી બોલિંગ કરતા નેદુમાનકુઝી બાસિલે ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે અન્ય બોલરોએ પણ યથાશક્તિ પ્રયાસ કર્યો હતો. ગુજરાતના 534 રનના અત્યંત વિશાળ સ્કોરના જવાબમાં બેટિંગ કરવા માટે મેદાન પર ઉતરેલી કેરળની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી.

યામલ યુરોપિયન ચેમ્પિયન્સ લીગ રેકોર્ડ તોડ્યો

યામલ યુરોપિયન ચેમ્પિયન્સ લીગ રેકોર્ડ ઐતિહાસિક

(એજન્સી) લંડન । તા. 04



યુરોપિયન ફૂટબોલ જગતમાંથી એક અત્યંત સનસનાટીભર્યા અને ઐતિહાસિક સમચાર સામે આવ્યા છે. સ્પેનિશ ક્લબ બાર્સિલોનાના માત્ર ૧૯ વર્ષીય તુફાની વિંગર લામિન યામલે પોતાની અદ્ભુત રમતથી યુરોપિયન ચેમ્પિયન્સ લીગના ઈતિહાસના તમામ જૂના રેકોર્ડ ધ્વસ્ત કરી નાખ્યા છે. યુરોપિયન ચેમ્પિયન્સ લીગમાં એસ્ટન વિલા સામે રમાયેલા શાનદાર મુકાબલામાં મેચની શરૂઆતમાં જ સાતમી મિનિટે ભવ્ય ગોલ કરીને યામલે આંતરરાષ્ટ્રીય સ્તરે નવો કીર્તિમાન રચ્યો છે. તે ચેમ્પિયન્સ લીગના ઈતિહાસમાં સૌથી નાની વયે (ટીનેજર તરીકે) ૧૪ ગોલ ફટકારનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. આ સાથે જ તેણે રિયલ મેડ્રિડના કિલિયન એમ્બાપ્પેના ૧૩ ગોલના ઐતિહાસિક કીર્તિમાનને પણ પાછળ છોડી દીધો છે.

હોમ ગ્રાઉન્ડ સ્પોટીફાઈ કેમ્પ નાઉ સ્ટેડિયમમાં રમાયેલી આ મહત્વપૂર્ણ મેચમાં બાર્સિલોનાની ટીમે આક્રમક રમત દાખવી હતી. મેચની સાતમી જ મિનિટે એસ્ટન વિલાના સંરક્ષણ વિભાગ એટલે કે ડિફેન્સની મોટી ભૂલનો પૂરો ફાયદો ઉઠાવતા યામલે વિરોધી ટીમના ગોલકીપર ઝિઓન સુઝુકીને થાપ આપીને બોલને સીધો નેટમાં ધકેલી દીધો હતો. આ ગોલની મદદથી યામલે ટુર્નામેન્ટમાં પોતાનો ૧૪મો ગોલ નોંધાવ્યો હતો. ત્યારબાદ મેચના બીજા હાફમાં સબમરીન આક્રમણ જાળવી રાખી રાફિન્હાએ સતત બે ગોલ ફટકારીને બાર્સિલોનાને ૩-૦થી ભવ્ય વિજય અપાવ્યો હતો. આ જીત સાથે બાર્સિલોનાની ટીમ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે, જ્યારે એસ્ટન વિલાને લીગ તબક્કામાં પોતાની પ્રથમ હાર વેઠવી પડી છે.

આ અદ્ભુત સિદ્ધિ સાથે લામિન યામલે ફ્રાન્સના મહાન ખેલાડી કિલિયન એમ્બાપ્પેને પાછળ છોડી દીધો છે. એમ્બાપ્પેએ પોતાની યુવાનીના પ્રારંભિક તબક્કામાં ચેમ્પિયન્સ લીગમાં ૧૩ ગોલ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો, જે અત્યાર સુધી અણનમ માનવામાં આવતો હતો.

ચેમ્પિયન // ભોપાલ હોકી સ્ટેડિયમ મેચ ટૂર્નામેન્ટ, એશિયન વુમન્સ ચેમ્પિયન્સ ટ્રોફી શિડ્યુલ

ભારત મહિલા હોકી ટીમ એશિયા ચેમ્પિયનશીપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 04



એશિયન હોકી ફેડરેશન દ્વારા મધ્ય પ્રદેશ વિમેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ભોપાલ ૨૦૨૬ના સત્તાવાર મેચ શિડ્યુલની જાહેરાત કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરની આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ આગામી ૧૯ નવેમ્બરથી ૨૮ નવેમ્બર દરમિયાન ભોપાલના નાથુ બરખેડા ખાતે આવેલા નવનિર્મિત ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના હોકી સ્ટેડિયમમાં યોજાવા જઈ રહી છે. જાપાનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ઐતિહાસિક સુવર્ણચંદ્રક હાંસલ કર્યા બાદ ભારતીય મહિલા હોકી ટીમ માટે આ પ્રથમ મોટું આંતરરાષ્ટ્રીય અભિયાન બનવા જઈ રહ્યું છે. વર્તમાન ચેમ્પિયન અને ત્રણ વખતની વિજેતા એવી ભારતીય ટીમ પોતાના જ ઘરઆંગણે સતત ત્રીજી વખત ટાઈટલ કબજે કરીને એશિયાઈ હોકીમાં પોતાનું વર્ચસ્વ વધુ મજબૂત કરવાના સ્પષ્ટ લક્ષ્યાંક સાથે મેદાનમાં ઉતરશે.

ભોપાલમાં યોજાનારી આ મેગા સ્પોર્ટ્સ ટૂર્નામેન્ટમાં એશિયા ખંડની છ સૌથી મજબૂત અને દિગ્ગજ મહિલા હોકી ટીમો ભાગ લઈ રહી છે. યજમાન ભારત ઉપરાંત જાપાન, ચીન, મલેશિયા, થાઈલેન્ડ અને દક્ષિણ કોરિયાની ટીમો ખંડિય ખિતાબ જીતવા માટે એકબીજા સામે ખરાખરીનો જંગ ખેલશે. આ સમગ્ર સ્પર્ધા રાઉન્ડ-રોબિન ફોર્મેટના આધારે રમાડવામાં આવશે, જેમાં દરેક ટીમ લીગ સ્ટેજમાં બાકીની પાંચેય ટીમો સામે એક-એક મેચ રમશે. લીગ તબક્કાના અંતે પોઈન્ટ્સ ટેબલમાં ટોચના ચાર સ્થાનો પર રહેનારી ટીમો સેમિફાઈનલમાં પ્રવેશ મેળવશે. આ ટૂર્નામેન્ટ એશિયાઈ મહિલા હોકીના વધતા સ્તર અને કૌશલ્યને વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે એક ઉત્કૃષ્ટ મંચ સાબિત થશે.

સ્પર્ધાના પ્રથમ દિવસે ૧૯ નવેમ્બરે ઉદ્ઘાટન મેચમાં ચીનનો સામનો થાઈલેન્ડ સામે થશે. તે જ દિવસે એક ભવ્ય ઉદ્ઘાટન સમારોહ બાદ ભારતીય ટીમ પોતાના અભિયાનની શરૂઆત મલેશિયા સામેની મેચથી કરશે. તે પછી યજમાન ભારતીય ટીમ ૨૧ નવેમ્બરે દક્ષિણ કોરિયા સામે, ૨૨ નવેમ્બરે થાઈલેન્ડ સામે, ૨૪ નવેમ્બરે ચીન સામે અને ૨૫ નવેમ્બરે જાપાન સામે લીગ તબક્કાની પોતાની આખરી મેચ રમશે. ટૂર્નામેન્ટ દરમિયાન ૨૦, ૨૩ અને ૨૬ નવેમ્બરના દિવસોને આરામ દિવસ તરીકે નિર્ધારિત કરવામાં આવ્યા છે. ૨૭ નવેમ્બરે પાંચમા અને છઠ્ઠા ક્રમના વર્ગીકરણ માટેની મેચ તથા બે હાઈ-વોલ્ટેજ સેમિફાઈનલ મેચો રમાશે. ૨૮ નવેમ્બરે બ્રોન્ઝ મેડલ મેચ અને ફાઈનલ મુકાબલો રમાશે, જેમાં આ વર્ષના મેડલ વિજેતાઓની આખરી પસંદગી થશે.

આઈસીસી ટેસ્ટ બોલિંગ યાદીમાં મોટો ઉછાળો

ઓસ્ટ્રેલિયા સ્ટાર્ક ICC રેન્કીંગ નંબર વન, શ્રેયસ ઐયર ટી૨૦ બેટર્સમાં સાતમાં ક્રમે

(એજન્સી) દુબઈ । તા. 04



આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલી નવીનતમ ખેલાડીઓની ક્રિકેટ રેન્કીંગમાં ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર મિચેલ સ્ટાર્કે શાનદાર પ્રદર્શનના બળે ફરી એકવાર વિશ્વમાં પ્રથમ સ્થાન મેળવી લીધું છે. દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી અંતિમ ટેસ્ટ મેચમાં પોતાની ઘાતક બોલિંગ દ્વારા કુલ નવ વિકેટ ઝડપીને સ્ટાર્કે માર્કો જેન્સેનને પાછળ છોડી દીધો છે અને ટેસ્ટ બોલિંગના શીર્ષ સ્થાન પર શાનદાર વાપસી કરી છે. આ રોમાંચક રેન્કીંગ રેસમાં વૈશ્વિક સ્તરે અનેક ખેલાડીઓના સ્થાનમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે, જેમાં ભારતીય બેટર્સ અને ઓલરાઉન્ડરોના પ્રદર્શનની પણ વ્યાપક નોંધ લેવામાં આવી છે.

કેપટાઉન ખાતે રમાયેલા મુકાબલામાં ઓસ્ટ્રેલિયાઈ ઝડપી બોલર મિચેલ સ્ટાર્કે પોતાની ઘાતક બોલિંગથી સૌને પ્રભાવિત કર્યા હતા. અગાઉ ઓગસ્ટ મહિનામાં જ તેમણે પ્રથમ વખત નંબર વનનું તાજ પહેર્યું હતું, પરંતુ ત્યારબાદ દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓએ આગેવાની લીધી હતી. તાજેતરની શ્રેણીમાં નવ વિકેટ ઝડપવાની સિદ્ધિના કારણે સ્ટાર્કે ફરીથી પોલ પોઝિશન કબજે કરી છે અને પોતાના કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેન્કીંગ હાંસલ કરી છે. આફ્રિકન ટીમ સામેની આ મેચમાં માર્કો જેન્સેન ધાર્યું પ્રદર્શન કરી શક્યા નહોતા, જેનો સીધો ફાયદો ઓસ્ટ્રેલિયાઈ તેજ બોલરને મળ્યો છે. ટેસ્ટ ક્રિકેટના આ રસાકસીભર્યા માહોલમાં બોલરો વચ્ચેનું આ વર્ચસ્વ આગામી સમયમાં વધુ રોમાંચક બનવાના સ્પષ્ટ સંકેતો આપી રહ્યું છે.

ઈરાન હોર્મુઝ દરિયાઈ માર્ગ જહાજ મંજૂરી આપતા રાહત

ભારત મિડલ ઈસ્ટ ઈરાન યુદ્ધ વેપાર ખુલ્લો

(એજન્સી) નવી દિલ્હી । તા. 04

મધ્ય પૂર્વના યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી ભારત માટે એક અત્યંત રાહતજનક અને મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ઈરાન અને અબજો ડોલરના શસ્ત્રસરંજામ ધરાવતા અમેરિકા વચ્ચે ચાલી રહેલા ભયાનક સશસ્ત્ર સંઘર્ષની ગંભીર પરિસ્થિતિ વચ્ચે ઈરાની સત્તાવાળાઓએ ભારત સહિત વિશ્વના ચાર પસંદગીના દેશોના દરિયાઈ જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી કોઈપણ જાતની રોકટોક વગર સલામત રીતે પસાર થવાની ખાસ પરવાનગી આપી દીધી છે. આ નિર્ણાયક પગલાંથી મધ્ય પૂર્વમાં વણસેલી પરિસ્થિતિ વચ્ચે આંતરરાષ્ટ્રીય જળસીમા પર થતા વેપારને ખૂબ મોટો સહારાત્મક ટેકો મળ્યો છે અને ભારતીય માલવાહક જહાજો માટે સુરક્ષિત અવરજવરનો માર્ગ મોકળો થયો છે.

હાલમાં મધ્ય પૂર્વ ક્ષેત્રમાં ભયાનક તણાવપૂર્ણ સ્થિતિ પ્રવર્તી રહી છે. અખાતી દેશોમાં યુદ્ધનો ભય સતત મંડરાઈ રહ્યો છે ત્યારે ઈરાન દેશ દ્વારા લેવાયેલો આ રાજદ્વારી નિર્ણય આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ આશાસ્પદ માનવામાં આવી રહ્યો છે. ઈરાનની પાર્લામેન્ટની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના વાઈસ ચેરમેન અમીર હયાત મોકાદ્દમે જાહેર માધ્યમો સમક્ષ આ નિર્ણયની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે વૈશ્વિક અર્થતંત્ર અને દરિયાઈ સલામતીને ધ્યાનમાં રાખીને ભારત, ચીન, ઈરાક અને કતાર નામના ચાર દેશોના વેપારી અને માલવાહક જહાજોને આ મહત્વપૂર્ણ જળમાર્ગ પરથી અવરજવર કરવાની ખાસ છૂટ આપવામાં આવી છે. આ નિર્ણયથી આ ચારેય દેશોની આયાત અને નિકાસ પ્રક્રિયાને મોટો લાભ મળશે. વિશ્વના આર્થિક અને ઊર્જા સમીકરણોની દ્રષ્ટિએ હોર્મુઝની સામુદ્રધુની દુનિયાનો સૌથી વધુ સંવેદનશીલ અને વ્યસ્ત શિપિંગ રૂટ ગણાય છે. વિશ્વભરમાં વપરાતા ક્રૂડ ઓઈલ અને કુદરતી પ્રવાહી ગેસનો ખૂબ મોટો જથ્થો અખાતી દેશોમાંથી આ જ એકમાત્ર સાંકડા દરિયાઈ માર્ગે થઈને વૈશ્વિક બજારો સુધી પહોંચે છે.



ભારતીય જહાજો માટે ખાસ સુવિધા અને દવાની આયાત

ઈરાની સંસદીય સમિતિના વરિષ્ઠ અધિકારી અમીર હયાત મોકાદ્દમે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે આ નિર્ણય પાછળ ઈરાન અને આ ચારેય મિત્ર દેશો વચ્ચેના પરસ્પર આર્થિક અને રાજદ્વારી હિતો જોડાયેલા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ઈરાની સુરક્ષા દળો અને દરિયાઈ સેના દ્વારા ભારતીય જહાજોને સમુદ્રમાં સંપૂર્ણ સહયોગ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ મદદ પાછળ ઈરાનનો મુખ્ય હેતુ ભારતમાંથી આવતી આવશ્યક દવાઓ, તબીબી સાધનો અને જીવનજરૂરી સામગ્રીની આયાતમાં મોટો વધારો કરવાનો છે.

ટ્રાન્ઝિટ ચાર્જ અને આંતરરાષ્ટ્રીય ઓઈલ સપ્લાયનું મહત્વ

આ મહત્વપૂર્ણ જળમાર્ગના ઉપયોગ અંગે ઈરાની અધિકારીએ આર્થિક પાસાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ઈરાન સરકાર ભારત અને ચીનના માલવાહક જહાજો પાસેથી આ દરિયાઈ વિસ્તારમાંથી પસાર થવા બદલ નિર્ધારિત ટ્રાન્ઝિટ ચાર્જ વસૂલ કરી રહી છે. જ્યારે બીજી તરફ કતારના જહાજોને કોઈપણ પ્રકારના શુલ્ક વગર મફત અવરજવર કરવાની વિશેષ છૂટ આપવામાં આવી છે. જોકે ઈરાકી જહાજો પાસેથી ટ્રાન્ઝિટ ચાર્જ લેવામાં આવે છે કે નહીં તે અંગે સ્થાનિક અધિકારીઓએ હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરી નથી.

સૌર મંડળ બહારના TOI-1452 બી ગ્રહ પર પાણી મળ્યાનું સંશોધન

(એજન્સી) મોન્ટ્રીઅલ/મુંબઈ । તા. 04

અનંત અંતરિક્ષના રહસ્યોને ઉઘાડી પાડતી એક અત્યંત રોમાંચક અને વિશિષ્ટ શોધ સામે આવી છે. કેનેડાની મોન્ટ્રીઅલ યુનિવર્સિટીના ખગોળશાસ્ત્રીઓએ નાસાના 'ટીઈએસ' સ્પેસ ટેલિસ્કોપ દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે સૌર મંડળની બહાર આવેલા 'ટીઓઆઈ-૧૪૫૨ બી' (TOI-1452 b) નામના એક્ઝોપ્લેનેટ (સૂર્યમંડળ બહારના ગ્રહ) પર પ્રવાહી સ્વરૂપમાં વિપુલ જળરાશિ હોવાની પ્રબળ શક્યતા વ્યક્ત કરી છે. અત્યાર સુધીના અંતરિક્ષ ઈતિહાસમાં પૃથ્વી સિવાય અન્ય કોઈ ગ્રહ પર પ્રવાહી પાણી મળ્યું નથી, ત્યારે આ ગ્રહ ઘૂઘવતા સમુદ્રથી ઘેરાયેલો હોવાની સંભાવનાએ વૈજ્ઞાનિક જગતમાં ભારે કુતૂહલ જગાવ્યું છે. મોન્ટ્રીઅલ યુનિવર્સિટીના સંશોધક ચાર્લ્સ કેડીએસ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા આ અભ્યાસ મુજબ, આ નવો એક્ઝોપ્લેનેટ પૃથ્વીથી આશરે ૧૦૦ પ્રકાશવર્ષના અંતરે ડ્રેકો નક્ષત્રમાં આવેલો છે. આ ગ્રહ એક 'રેડ ડ્વાર્ફ સ્ટાર' (લાલ રંગના નાના તારા) ની આસપાસ ભ્રમણ કરે છે અને માત્ર ૧૧.૧ દિવસમાં જ તેના પિતૃ તારાની એક પરિક્રમા પૂરી કરી લે છે. આ ગ્રહની ત્રિજ્યા પૃથ્વી કરતા ૭૦ ટકા વધુ છે અને તેનું દળ પૃથ્વી કરતાં પાંચ ગણું વધારે છે.

News Brief

ઈઝરાયલને આર્થિક સહાય બંધ, 2026ના અંતથી 4 અબજ ડોલરની વાર્ષિક મદદ બંધ



વોશિંગ્ટન । અમેરિકામાં યોજાઈ રહેલી મધ્યાવધિ ચૂંટણીઓ વચ્ચે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક અત્યંત ચોંકાવનારી અને ઐતિહાસિક જાહેરાત કરી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે ૨૦૨૬ના અંત પછી અમેરિકા દ્વારા ઈઝરાયલને દર વર્ષે આપવામાં આવતી ૪ અબજ ડોલરની આર્થિક સહાય સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે આ વાર્ષિક ફંડિંગ અટકાવવા અંગે સહમતિ બની હોવાનો દાવો કરતા ટ્રમ્પે ઉમેર્યું હતું કે ઈઝરાયલ એક સમૃદ્ધ દેશ છે અને તેને હવે આર્થિક મદદની જરૂર નથી. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે અમેરિકા ઈઝરાયલને શસ્ત્રોનું વેચાણ ચાલુ રાખશે અને ભવિષ્યમાં જરૂર પડશે તો તેની પડખે ઊભું રહેશે. ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે દાયકાઓ જૂના સૈન્ય તથા રાજદ્વારી સંબંધોમાં મોટા ફેરફારના સંકેતો મળી રહ્યા છે.

સોમાલી ચાંચિયાઓએ હાઈજેક કરેલી બોટ બચાવી



નવી દિલ્હી | અરબી સમુદ્રમાં મુંબઈથી આશરે ૩૦૦૦ કિલોમીટર દૂર સોમાલી ચાંચિયાઓ દ્વારા હાઈજેક કરવામાં આવેલી ઈરાની ફિશિંગ બોટ 'આઝિની'ને ભારતીય નૌકાદળ અને વાયુદળની સંયુક્ત ટીમે એક દિલધડક ઓપરેશન પાર પાડીને મુક્ત કરાવી છે. શિપ પરથી મળેલા SOS (સેવ અવર સોલ્સ) મેસેજને આધારે ભારતીય નૌસેનાના જહાજે ત્વરિત કાર્યવાહી કરી ચાંચિયાઓને આંતરીને પરાસ્ત કર્યા હતા અને બોટના કેપ્ટન તથા વાઈસ કેપ્ટન સહિત તમામ ૨૦ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લીધા હતા. ગત ૨૯ ઓક્ટોબરના રોજ બનેલી આ ઘટનામાં નૌસેનાના જહાજ સાથે વાયુદળના હેલિકોપ્ટરે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ચોક્કસ આયોજન અને ગણતરીપૂર્વકની લશ્કરી કાર્યવાહીથી તમામ ૨૦ ક્રૂ સભ્યોને સહીસલામત ઉગારી લેવામાં આવ્યા હતા.

ઓમાનના દરિયામાં સલાયાના જહાજ પર હુમલો



સલાયા | અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવની સીધી અસર હવે દરિયાઈ માર્ગે થવા લાગી છે. ખાડી દેશોના દરિયામાં સર્જાયેલી અશાંતિ વચ્ચે દુબઈના હમરિયા બંદરેથી ગુજરાતના પોરબંદર આવી રહેલા ગુજરાતના સલાયાના એક ભારતીય જહાજ 'એમ.એસ.વી. અલ જુસુફી' પર ઓમાન નજીક શંકાસ્પદ હવાઈ હુમલો થયો છે. ડ્રોન કે મિસાઈલ જેવા અજ્ઞાત પદાર્થથી થયેલા આ હુમલાને કારણે જહાજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેના પગલે ખલાસીઓએ પોતાનો જીવ બચાવવા દરિયામાં કૂદી જવું પડ્યું હતું. આ ગોઝારી ઘટનામાં સલાયાના ગંધાર નહિમ અજીજ નામના ખલાસીનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે ઓમાન કોસ્ટ ગાર્ડની સમયસૂચકતાથી અન્ય ૧૩ ખલાસીઓનો આબાદ બચાવ થયો છે.

અમેરિકા ચૂંટણીમાં હાર બાદ ઈરાન પ્રતિક્રિયા

મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન્સની કારમી હાર

(એજન્સી) વાશિંગ્ટન/તેહરાન । તા. 04

અમેરિકાના રાજકીય પરિદ્રશ્યમાં આવેલા એક મોટા ભૂકંપ સમાન મિડટર્મ ચૂંટણીના પરિણામો સામે આવ્યા છે. આ મહત્વપૂર્ણ ચૂંટણીમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને ભારે પરાજયનો સામનો કરવો પડ્યો છે, જેના પગલે વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને મધ્ય પૂર્વમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. અમેરિકન પ્રજા દ્વારા આપવામાં આવેલા આ જનમત પર ઈરાન દ્વારા સત્તાવાર અને અત્યંત મહત્વપૂર્ણ પ્રતિક્રિયા સામે આવી છે, જેમાં અમેરિકી જનતાના શાંતિ અને યુદ્ધ વિરોધી રૂખને આવકારવામાં આવ્યો છે. અમેરિકામાં યોજાયેલી મિડટર્મ ચૂંટણી અંતર્ગત હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ 435 બેઠકો અને સેનેટની મહત્વપૂર્ણ 35 બેઠકો પર મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. અગાઉ બંને ગૃહો પર રિપબ્લિકન પાર્ટીનું સંપૂર્ણ વર્ચસ્વ પ્રવર્તી રહ્યું હતું, પરંતુ તાજેતરના પરિણામો દર્શાવે છે કે વિરોધી ડેમોક્રેટ્સ પક્ષે સેનેટમાં જરૂરી બહુમતી આસાનીથી હાંસલ કરી લીધી છે અને તેઓ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પણ વિજયની સરસી તરફ આગળ વધી રહ્યા છે. આ અણધાર્યા અને મોટા રાજકીય ફેરબદલને કારણે અમેરિકી સંસદ એટલે કે કોંગ્રેસનું નિયંત્રણ હવે બદલાતી દિશામાં જઈ રહ્યું છે, જેને લઈને ખુદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ પોતાની પાર્ટીના આ ખરાબ પ્રદર્શન પાછળ ઈરાન સાથે ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષ અને તણાવને જવાબદાર ગણાવ્યો છે.

અમેરિકા મિડટર્મ ચૂંટણી કોંગ્રેસ બેઠક કબજે

પિયા ડાંડિયા ફ્લોરિડા ચૂંટણી જીત મેળવી ઈતિહાસ રચ્યો, ભારતીય મૂળ ડેમોક્રેટિક ઉમેદવાર વિજય થયો

(એજન્સી) વોશિંગ્ટન । તા. 04

અમેરિકામાં યોજાયેલી અત્યંત રોમાંચક મિડટર્મ ચૂંટણીના પરિણામોમાં ભારતીય સમુદાય માટે એક અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ સામે આવી છે. ફ્લોરિડા રાજ્યની અત્યંત મહત્વપૂર્ણ અને રાજકીય રીતે સખત પડકારજનક ગણાતી ૨૨મી કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટ બેઠક પર ભારતીય મૂળના પિયા ડાંડિયાએ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર તરીકે ભવ્ય વિજય મેળવીને પ્રતિનિધિ સભામાં પોતાનું સ્થાન પક્કું કરી લીધું છે. તેમણે વિરોધી રિપબ્લિકન પાર્ટીના હેવીવેઇટ ઉમેદવાર અને ભૂતપૂર્વ સૈનિક કેસી અસકરને ધૂળ ચાટતા કરીને આ વિજય પ્રાપ્ત કર્યો છે. આ જીત સાથે તેમણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારતીય મૂળના નેતાઓની વધતી તાકાત અને વર્ચસ્વનો એક નવો દાખલો બેસાડ્યો છે.

અમેરિકાના રાજકીય પરિદ્રશ્યમાં ફ્લોરિડાની આ બેઠક પરંપરાગત રીતે કડક સ્પર્ધાત્મક અને ડેમોક્રેટ્સ માટે અત્યંત કઠિન માનવામાં આવતી હતી. પરંતુ પિયા ડાંડિયાએ પોતાની શાનદાર ચૂંટણી વ્યૂહરચના અને જનસંપર્કથી મતદારોના દિલ જીતી લીધા હતા.



કીવ મોસ્કો પાવર પ્લાન્ટ હોસ્પિટલ ધ્વસ્ત

રશિયા યુક્રેન યુદ્ધ મિસાઈલ હુમલો થતાં 31ના મોત

(એજન્સી) કીવ/મોસ્કો । તા. 04

પૂર્વ યુરોપના યુદ્ધક્ષેત્રમાં રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સશસ્ત્ર સંઘર્ષે અત્યાર સુધીનું સૌથી ભયાનક અને વિનાશક સ્વરૂપ ધારણ કરી લીધું છે. રશિયન લશ્કરે યુક્રેનના કુલ નવ જેટલા વિશાળ પ્રાંતો પર એકસાથે ૩૦૦થી વધુ ઘાતક ડ્રોન અને ૮૦થી પણ વધારે બેલિસ્ટિક તેમજ ક્રૂઝ મિસાઈલો છોડીને અભૂતપૂર્વ તબાહી મચાવી દીધી છે. રાતભર કરાયેલા આ ભયાનક બોમ્બમારામાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૧ નિર્દોષ નાગરિકોના કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ૧૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. રશિયન સેનાએ આ વખતે માનવતાની તમામ સીમાઓ વટાવીને પાવર પ્લાન્ટ, હોસ્પિટલો, શેલ્ટર હોમ અને રાહત કેમ્પોને સીધા નિશાન બનાવ્યા છે, જેના કારણે સમગ્ર યુક્રેનમાં કટોકટીભરી પરિસ્થિતિ અને ભારે અરાજકતા સર્જાઈ ગઈ છે.

રશિયાએ યુક્રેનની આર્થિક અને સામાજિક કરોડરજ્જુ સમાન ઊર્જા માળખા પર આકરો પ્રહાર કરવાની રણનીતિ અપનાવી છે. રશિયન નૌકાદળ અને વાયુસેના દ્વારા રાતભરના ટૂંકા ગાળામાં ૨૮૯ આક્રમક ડ્રોન, ૧૭ અતિ-આધુનિક બેલિસ્ટિક મિસાઈલો અને ૫૯ અત્યાધુનિક ક્રૂઝ મિસાઈલો યુક્રેનના રહેણાંક વિસ્તારો અને સરકારી સુવિધાઓ પર છોડવામાં



આવી હતી. આ અંધાધૂંધ હુમલાને કારણે યુક્રેનના નવે-નવ મુખ્ય પ્રાંતોમાં આવેલા ઊર્જા મથકો અને પાવર પ્લાન્ટ્સ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા છે. દેશના મોટાભાગના વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે ઈમરજન્સી પાવર કટ લાગુ કરવાની ફરજ પડી છે. ખારકીવ અને નેમીશલીઆનસ્કી જિલ્લામાં થયેલા મિસાઈલ ધડાકાઓને કારણે ચાર જેટલી વિશાળ રહેણાંક એપાર્ટમેન્ટ બિલ્ડિંગો ક્ષણવારમાં કાટમાળનો ઢગલો બની ગઈ હતી અને રસ્તા પર પાર્ક કરેલા સેંકડો વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. આ વખતે રશિયન દળોનો મુખ્ય હુમલો એવા સ્થળો પર થયો જ્યાં યુદ્ધ પીડિતો અને આશ્રયહીન નાગરિકો છુપાયેલા હતા. યુક્રેનમાં માનવીય સહાય અને ખોરાક મેળવવા માટે એકઠા થયેલા લાચાર નાગરિકોની ભીડ પર બોમ્બ ફેંકવામાં આવ્યા હતા, જેમાં અનેક લોકોએ સ્થળ પર જ જીવ ગુમાવ્યો હતો. આ ઉપરાંત, ઝેપોરિઝઝીયા પ્રાંતમાં આવેલા એક મોટા રાહત શેલ્ટર હોમના કાટમાળ નીચે ૪૫થી વધુ નાગરિકો જીવતા દટાયા હોવાની આશંકા છે. ઘટનાસ્થળે સુરક્ષા દળો અને આપત્તિ વ્યવસ્થાપન ટુકડીઓ દ્વારા કાટમાળ હટાવીને લોકોને જીવંત બહાર કાઢવા માટે રેસ્ક્યૂ ઓપરેશન અત્યંત ઝડપથી ચલાવવામાં આવી રહ્યું છે. હુમલાથી આસપાસની હોસ્પિટલોની ઈમારતોને પણ જંગી નુકસાન પહોંચતા દાખલ થયેલા ૨૦૦થી વધુ ગંભીર દર્દીઓને સુરક્ષિત રીતે અન્ય સ્થળોએ ખસેડવાની ફરજ પડી હતી. આ ભયાનક અને બેફામ હુમલા બાદ પશ્ચિમી દેશો અને યુરોપીય સંઘમાં ભારે રોષ અને ચિંતાની લહેર ફરી વળી છે. રશિયાના વધી રહેલા આક્રમણને અટકાવવા અને યુક્રેનને મજબૂત સહારાત્મક ટેકો આપવા માટે યુરોપના હજારો સૈનિકો પાડોશી દેશ પોલેન્ડમાં એક વિશાળ સંયુક્ત સૈન્ય યુદ્ધાભ્યાસ શરૂ કરવા જઈ રહ્યા છે.

ઈરાન તેહરાન ટ્રમ્પ હોર્ડિંગ ધમકી વિરોધ

ઈરાન અમેરિકા તણાવ પોસ્ટર પ્રદર્શન, તેહરાન સ્કવેર ટ્રમ્પ વિરોધી હોર્ડિંગ

(એજન્સી) તેહરાન । તા. 04

મધ્ય પૂર્વના અત્યંત સંવેદનશીલ અને તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે ઈરાનની રાજધાની તેહરાનમાંથી એક મોટા અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અમેરિકામાં ચાલી રહેલી રાજકીય હિલચાલ અને મિડટર્મ ચૂંટણીના માહોલ વચ્ચે ઈરાને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ ખુલ્લો આક્રોશ વ્યક્ત કરતા તેહરાનના વ્યસ્ત ચોક પર અત્યંત આક્રમક અને ધમકીભર્યાં હોર્ડિંગ્સ તેમજ પેઇન્ટિંગ્સ પ્રદર્શિત કર્યા છે. ઈરાનના પૂર્વ સર્વોચ્ચ નેતાના અવસાન બાદ બંને દેશો વચ્ચે વણસેલા સંબંધો અને વધતી શત્રુતાના આ પરિવેશમાં સરકારી સમર્થનથી યોજાયેલા આ વિરોધ પ્રદર્શનોએ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે ચકચાર જગાવી દીધી છે.

તેહરાનમાં લગાવવામાં આવેલા અન્ય એક વિવાદાસ્પદ હોર્ડિંગમાં માત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જ નહીં, પરંતુ અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ, અમેરિકી વિદેશદૂત સ્ટીવ વિટકોફ અને ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને પણ એકસાથે દર્શાવવામાં આવ્યા છે. આ ચારેય ટોચના નેતાઓના ચહેરા લોહીથી ખરડાયેલા અને તેમના પોશાક ફાટેલી હાલતમાં ચિત્રિત કરવામાં આવ્યા છે, જ્યારે પૃષ્ઠભૂમિમાં અમેરિકા અને ઇઝરાયલના ક્ષતિગ્રસ્ત તેમજ સળગતા ધ્વજ દર્શાવવામાં આવ્યા છે.



તેહરાનના વ્યસ્ત ચોક પર ટ્રમ્પ વિરુદ્ધ હોર્ડિંગ્સ

ઈરાનની રાજધાની તેહરાનના સૌથી વ્યસ્ત અને મુખ્ય ગણાતા એન્ગેલાબ તેમજ તજરીશ સ્કવેર પર વિશાળ કદના હોર્ડિંગ્સ લગાવવામાં આવ્યા છે. આ હોર્ડિંગ્સ પર સ્પષ્ટ અને ઉગ્ર શબ્દોમાં 'અમે ટ્રમ્પને મારી નાખીશું' તેવા લખાણો લખવામાં આવ્યા છે, જે ઈરાન અને અમેરિકા વચ્ચેના તણાવની ચરમસીમા દર્શાવે છે.

કુદરતી આપત્તિ | ૬૬ ગામ કાટમાળ રાહત બચાવ રસ્તા નુકસાન

નેપાળ મનાસ્લુ ભૂસ્ખલન તબાહી મચાવતા ભય

(એજન્સી) કાઠમંડુ । તા. 04

ભારતના પડોશી દેશ નેપાળમાં હિમાલયની પર્વતમાળાઓ વચ્ચે વસેલા વિસ્તારમાં કુદરતની વિનાશક આફતનો સિલસિલો સતત યથાવત રહ્યો છે. છેલ્લા માત્ર અઢી મહિનાના ટૂંકા ગાળામાં જ સતત ત્રીજી વખત મોટી કુદરતી તબાહી સામે આવતા સમગ્ર દેશમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મનાસ્લુ ક્ષેત્રમાં આવેલા ૬૬ ગામની બિલકુલ નજીક પહાડનો એક અત્યંત વિશાળ અને ભયાનક ભાગ અચાનક તૂટી પડ્યો છે. આ ગંભીર પર્વતીય ભૂસ્ખલનને કારણે પહાડી ઢોળાવ પર વસેલા અનેક સ્થાનિક રહેણાંક મકાનો, રસ્તાઓ અને માળખાકીય સુવિધાઓને જંગી નુકસાન પહોંચ્યું છે. આ અણધારી હોનારતને પગલે સ્થાનિક ગ્રામજનો અને પહાડી વિસ્તારોમાં રહેતા લોકોમાં ગભરાટ અને ભારે ભયનો માહોલ ફેલાઈ ગયો છે. આ દુર્ઘટનાના લીધે પહાડી માર્ગો પર વાહનવ્યવહાર પૂરેપૂરો ઠપ્પ થઈ ગયો છે.

નેપાળના અત્યંત સુંદર પરંતુ ભૌગોલિક રીતે અત્યંત સંવેદનશીલ ગણાતા મનાસ્લુ વિસ્તારમાં આવેલા ૬૬ ગામ પાસે ગઈકાલે બપોરના સમયે



પહાડનો મોટો ખડક અને માટીનો ધસી પડતો જથ્થો નીચે તરફ ધસી આવ્યો હતો. અચાનક થયેલા ધડાકા જેવા ભયાનક અવાજ સાથે પહાડ તૂટી પડતાં જ આસપાસના આખા વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી. પહાડ પરથી ધસી આવેલા કાટમાળ, પથ્થરો અને માટીના પ્રચંડ બહાવે જોતજોતામાં ગામની નજીક આવેલા કેટલાય મકાનોને પોતાની લપેટમાં લઈ લીધા હતા. જમીન ધસી જવાની આ ઘટના એટલી તીવ્ર હતી કે રસ્તાઓ તૂટીને ખાઈમાં ગરકાવ થઈ ગયા હતા. ઊંચાઈ વાળા પહાડી વિસ્તારોમાં રહેતા લોકો પોતાના માલમિલકત છોડીને જીવ બચાવવા માટે સુરક્ષિત નીચાણવાળા વિસ્તારો તરફ ભાગવા મજબૂર બન્યા હતા. દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઘટનાસ્થળે સ્થાનિક પોલીસ, સશસ્ત્ર બળ અને સુરક્ષા દળોની વિશેષ બચાવ ટુકડીઓ તુરંત જ રવાના કરવામાં આવી હતી. કાટમાળ નીચે ફસાયેલા નિર્દોષ લોકોને બહાર કાઢવા અને ઈજાગ્રસ્તોને સમયસર તબીબી સારવાર પૂરી પાડવા માટે યુદ્ધના ધોરણે મોટું બચાવ અને રાહત ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે. જોકે, પહાડી વિસ્તારમાં સતત પડી રહેલો વરસાદ, ધુમ્મસ અને અત્યંત ખરાબ હવામાનને કારણે રાહત કામગીરીમાં ભારે મોટા કુદરતી અવરોધો ઊભા થઈ રહ્યા છે. પહાડ પરથી હજુ પણ નાના-મોટા પથ્થરો સતત નીચે સરકી રહ્યા હોવાના કારણે બચાવ ટુકડીઓને કાટમાળ ખસેડવામાં ભારે મુશ્કેલીઓ અને જીવનું જોખમ વેઠવું પડી રહ્યું છે.

6.78 કરોડની 500-500 ની નકલી નોટો પકડાઈ, ફિલ્મ સિટીની બાજુમાં જ ચાલી રહ્યું હતું કારખાનું

(એજન્સી) હૈદરાબાદ | તા.04

હૈદરાબાદમાં રામોજી ફિલ્મ સિટી પાસેથી પકડાયેલા ચાર આરોપીઓ પાસેથી નકલી નોટોનો મોટો જથ્થો જપ્ત થયો છે. પોલીસે 1 નવેમ્બરે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. ત્યારબાદ તેમની પૂછપરછના આધારે એક રૂમ પર દરોડો પાડ્યો, જ્યાંથી 500-500 રૂપિયાની 6.78 કરોડ રૂપિયાની નકલી નોટો મળી આવી. પોલીસ કમિશનર ડૉ. તરુણ જોશીએ જણાવ્યું કે 1 નવેમ્બરે અમારી ટીમે NH-65 પર રામોજી ફિલ્મ સિટી પાસે એક કાર રોકી અને ચાર આરોપીઓ મદુપોજુ કરાકર, ચિનોલા માણિક્ય રેડ્ડી, ચેરુકુપલ્લી રત્નાકર રેડ્ડી અને કરણમ અજય કુમારની ધરપકડ કરી.



પોલીસે કુંતલૂરમાં એક ભાડાના ઘરમાંથી નકલી નોટ છાપવાનો અડ્ડો પણ શોધી કાઢ્યો છે. ત્યાંથી પ્રિન્ટર, એક લેપટોપ, નોટ કાપવાની મશીનો અને અન્ય ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા. આરોપીઓ પર આરોપ છે કે તેઓ પોતાને પોલીસ અધિકારી જણાવતા હતા. તેઓ લોકોને ડરાવવા અને ઠગવા માટે નકલી ઓળખ કાર્ડ, વોકી-ટોકી અને એક નકલી પિસ્તોલનો ઉપયોગ કરતા હતા.પોલીસ કમિશનર ડૉ. તરુણ જોશીએ જણાવ્યું કે, અબ્દુલ્લાપુરમેટ પોલીસ અને શાદનગર સ્પેશિયલ ઓપરેશન્સ ટીમ (SOT) ની ટીમે 1 નવેમ્બરે NH-65 પર રામોજી ફિલ્મ સિટી પાસે એક કાર રોકીને ચાર આરોપીઓની ધરપકડ કરી હતી. આગળની તપાસમાં પોલીસે કુંતલૂર સ્થિત એક ભાડાના મકાનમાં ચાલી રહેલા કથિત નકલી નોટ છાપવાના યુનિટનો પણ પર્દાફાશ કર્યો.પોલીસ કમિશનરે આગળ જણાવ્યું કે, આરોપીઓ નકલી પોલીસ ઓળખ અને સાધનોનો ઉપયોગ કરીને લોકોમાં ડર પેદા કરતા હતા અને તેના દ્વારા જ તેમને છેતરતા હતા. તપાસમાં જાણવા મળ્યું કે આ ગેંગ શરૂઆતમાં લોકોને અસલી રોકડના બદલે દર એક લાખ રૂપિયાના બદલામાં 3 થી 4 લાખ રૂપિયાની નકલી નોટો આપવાની લાલચ આપીને નકલી નાણાં ચલાવવાનો પ્રયાસ કરતી હતી. જોકે આ યોજના સફળ ન થવા પર તેમણે બીજી રીત અપનાવી.પોલીસના જણાવ્યા પ્રમાણે આ ગેંગના સભ્યો પહેલાં સંભવિત ખરીદદારોનો વિશ્વાસ જીતવા માટે અસલી નોટો બતાવતા હતા. ત્યારબાદ તેમના સાથીદારો પોલીસ અધિકારી બનીને સ્થળ પર પહોંચતા, કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપતા અને ખરીદદારોની અસલી રકમ લઈને ફરાર થઈ જતા હતા. આવી બે ઘટનાઓમાં આરોપીઓએ અનુક્રમે 2 લાખ અને 3 લાખ રૂપિયા ઠગી લીધા હતા. આ મામલામાં જપ્ત કરાયેલી નકલી 500ની નોટોનું કુલ ફેસ વેલ્યુ 6.78 કરોડ રૂપિયા છે, જેને પોલીસે એક મોટી સફળતા ગણાવી છે.

સિદ્ધિવિનાયક જમીન સંપાદનમાં માલિકો અને ભાડૂતને સમાન વળતરનો હાઈકોર્ટનો આદેશ

મુંબઈ : મુંબઈના શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ મંદિર ટ્રસ્ટ માટે સંપાદિત પ્રભાદેવી મિલકત માટે બોમ્બે હાઈકોર્ટે મંગળવારે જમીન માલિકો અને તેમના લાંબા ગાળાના ભાડૂઆત, સદાનંદ ગેરેજ વચ્ચે રૂ.૧૦.૯૪ કરોડના જમીન સંપાદન વળતરનું સમાન વિભાજન કરવાનો આદેશ આપ્યો છે .૧૯ સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ, ન્યાયાધીશ અમિત બોરકરે ૬૪૨.૯૮ ચોરસ મીટરના પ્લોટનું બજાર મૂલ્ય પ્રતિ ચોરસ મીટર રૂ.૧,૭૦,૨૦૦ નક્કી કર્યું. રાજ્યએ મુલાકાતી ભક્તો માટે વેઈટિંગ હોલ અને ભક્તિ નિવાસ બનાવવા માટે જમીન સંપાદિત કરી હતી.કોર્ટે ખાસ જમીન સંપાદન અધિકારીના રેડી રેકનર દરો પર નિર્ભરતાના દાવાને નકારી કાઢ્યોઅને પુનરોચ્ચાર કર્યો હતો કે આવા દરોમાં જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ ની કલમ ૨૩ હેઠળ ખુલ્લા બજાર મૂલ્ય નક્કી કરવા માટે કાનૂની પાયો નથી.ન્યાયાધીશે તેના બદલે નજીકના વિસ્તારમાં સમાન મિલકતોના વાસ્તવિક રજિસ્ટર્ડ વ્યવહારોનું મૂલ્યાંકન કર્યું હતું. જમીન માટે અંતિમ વળતર રૂ.૧૦.૯૪ કરોડ નક્કી કરવામાં આવ્યું, સાથે જ હાલના બાંધકામો અને વૃક્ષો માટે માલિકોને ફક્ત રૂ.૩.૮૫ લાખ આપવામાં આવ્યા. જમીનમાલિકોએ સમગ્ર એવોર્ડની માંગણી કરી હતી, જ્યારે કોર્ટે શોધી કાઢ્યું કે ગેરેજ માન્ય ભાડૂઆત અને વ્યવસાયિક વ્યવસાય સાબિત કરે છે, પરંતુ તે સમગ્ર ખુલ્લા પ્લોટ પર વિશિષ્ટ માલિકી અથવા કાયમી ભાડાપટ્ટા દર્શાવવામાં નિષ્ફળ ગયું. માલિક મિલકતની કિંમતનો દાવો કરી શકતો નથી કારણ કે જમીન ખાલી હતી અને જ્યારે ભાડૂઆત તેના પર કબજો કરી રહ્યો હતો ત્યારે તે તેના પોતાના કબજામાં ઉપલબ્ધ હતી, એમ ન્યાયાધીશે ચુકાદો આપ્યો હતો. તેમણે તારણ કાઢ્યું કે કેસની હકીકતોને ધ્યાનમાં રાખીને રકમની સમાન વહેંચણી વાજબી હતી. માલિકો પાસે નોંધપાત્ર માલિકી અધિકારો હતા, જોકે તે અધિકારો ગેરેજના સ્થાપિત ભાડૂઆત અને વ્યવસાય અધિકારોને આધીન હતા,એમ ન્યાયાધીશે ઠરાવ્યું.કોર્ટે સેન્ચ્યુરી ડેવલપર્સ દ્વારા કરાયેલા વળતરના દાવા અને સંભવિત ફ્લેટ ખરીદદારો દ્વારા કરાયેલી ફાળવણીની અરજીઓને પણ ફગાવી દીધી હતી. પક્ષકારોને સ્વતંત્ર કરાર આધારિત ઉપાયો તરફ નિર્દેશિત કરવામાં આવ્યા હતા. સક્ષમ અધિકારીને આઠ અઠવાડિયામાં રકમનું વિતરણ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

News Brief

ચારગણા વળતરની લાલચ આપી વૃદ્ધ સાથે બે કરોડની છેતરપિંડી

મુંબઈ : પુણેમાં એક વૃદ્ધને રોકાણ પર ચારગણા વળતરની લાલચ અને બાદમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને ઈડી દ્વારા ધરપકડની ધમકી આપીને સાયબર ફ્રોડસ્ટરોએ ૨.૧૦ કરોડની છેતરપિંડી કરી હતી. આ સંદર્ભમાં પુણે સાયબર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.વિગત મુજબ, છેતરપિંડીનો ભોગ બનેલ ૭૦ વર્ષીય વૃદ્ધ મુંધવા વિસ્તારમાં એકલા રહે છે. તેમણે સોશિયલ મીડિયા પર રોકાણની જાહેરાત જોઈ હતી. જાહેરાતમાં પ્રખ્યાત ઉદ્યોગપતિઓ, કેન્દ્રીય મંત્રીઓ અને રમતવીરોના ફોટાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેથી, જાહેરાત પર વિશ્વાસ કરીને તેમણે આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો. આ સમયે સામેવાળા શખ્સે કહ્યું હતું કે આ કંપની બ્રિટનની છે. આરોપીએ વધુમાં એવું પણ વચન આપ્યું હતું કે જો તેઓ ફક્ત ૨૦ હજારનું રોકાણ કરશે તો તેને અઠવાડિયામાં ચાર ગણી રકમ મળશે. વૃદ્ધે પૈસા મોકલ્યા પછી, તેમણે જોયું કે તેના ખાતામાં ૮૦ હજાર જમા થઈ ગયા છે. તેથી, તેમણે આ સ્કિમમાં વધુ વિશ્વાસ કર્યો હતો.આ પછી, આરોપીએ વારંવાર તેમને વધુ પૈસા રોકાણ કરવા માટે દબાણ કરવામાં આવ્યું. આ સમયે ફરિયાદીએ ૧.૦૭ કરોડ આરોપીના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. રોકાણ કરતા જ તેમના ઓનલાઈન ખાતામાં રોકાણ વધીને ૨.૮૦ કરોડ રૂપિયા થયું હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. જોકે, જ્યારે ફરિયાદીએ આ રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમને પૈસા મળ્યા ન હતા.દરમિયાન, બે જુલાઈના રોજ, અન્ય એક શખ્સે ફોન કરીને જણાવ્યું હતું કે તે ટ્રાય અધિકારી છે અને એવો દાવો કરવામાં આવ્યો હતો.

પશ્ચિમ રેલ્વેનો 76મો સ્થાપના દિવસ

મુંબઈ | પશ્ચિમ રેલ્વે 5 નવેમ્બર, 2026 ના રોજ તેનો 76મો સ્થાપના દિવસ ઉજવી રહ્યું છે, જે રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત સેવાની તેની ભવ્ય યાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. આ ઐતિહાસિક પ્રસંગને ચિહ્નિત કરવા માટે, ખાર રેલ્વે સ્ટેશનના એલિવેટેડ ડેક પર પશ્ચિમ રેલ્વેના ભવ્ય ઇતિહાસ અને વારસાને દર્શાવતું એક પ્રદર્શન યોજાશે. આ પ્રદર્શન 5 થી 7 નવેમ્બર, 2026 સુધી દરરોજ સવારે 9:00 થી સાંજે 19:00 વાગ્યા સુધી યોજાશે.પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, પશ્ચિમ રેલ્વે તેના વર્તમાન સ્વરૂપમાં 5 નવેમ્બર, 1951 ના રોજ સૌરાષ્ટ્ર, રાજપૂતાના અને જયપુર સહિત અન્ય રાજ્ય રેલ્વે સાથે તત્કાલીન BB&CI રેલ્વેના વિલીનીકરણ પછી અસ્તિત્વમાં આવ્યું. હાલમાં, તેના અધિકારક્ષેત્રમાં છ વિભાગો શામેલ છે: મુંબઈ સેન્ટ્રલ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને રતલામ.બોમ્બે, બરોડા અને મધ્ય ભારત રેલ્વે (BB&CI) ની સ્થાપના ૧૮૫૫ માં થઈ હતી. તેની શરૂઆત ગુજરાતના અંકલેશ્વરથી ઉત્રાણ સુધી ૨૯ માઈલની બ્રોડગેજ રેલ્વે લાઈનના નિર્માણ સાથે થઈ હતી, જેનું મુખ્ય મથક સુરતમાં હતું. રેલ્વે નેટવર્ક ગુજરાતથી મુંબઈ સુધી વિસ્તર્યું હતું, અને ઉત્રાણથી ગ્રાન્ટ રોડ સુધીની લાઈન ૨૮ નવેમ્બર, ૧૮૬૪ ના રોજ ટ્રાફિક માટે સત્તાવાર રીતે ખુલ્લી મૂકવામાં આવી હતી, જે હાલના પશ્ચિમ રેલ્વેના વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં, પશ્ચિમ રેલ્વેએ



ઘણી મહત્વપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરી છે અને ભારતીય રેલ્વેના અગ્રણી ઝોનમાંના એક તરીકે પોતાને સ્થાપિત કરી છે. ઉપનગરીય વિસ્તારોથી શહેર તરફ વધતા મુસાફરોના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને, ૧૯૬૧ માં ૯ કોચવાળી ઉપનગરીય ટ્રેનો શરૂ કરવામાં આવી હતી, જ્યારે પ્રતિષ્ઠિત મુંબઈ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ સેવા ૧૯૭૨ માં શરૂ કરવામાં આવી હતી, જે પશ્ચિમ રેલ્વેની સિદ્ધિઓમાં વધુ એક મહત્વપૂર્ણ પ્રકરણ ઉમેરે છે.પશ્ચિમ રેલ્વેની વર્ષોથી થયેલી અન્ય મુખ્ય સિદ્ધિઓમાં વિશ્વની પ્રથમ મહિલા વિશેષ ઉપનગરીય ટ્રેન, ભારતની પ્રથમ 15-કોચવાળી ઉપનગરીય ટ્રેન અને પ્રથમ સંપૂર્ણ વાતાનુકૂલિત ઉપનગરીય ટ્રેનનો સમાવેશ થાય છે. પશ્ચિમ રેલ્વેએ વંદે ભારત એક્સપ્રેસ, અમૃત ભારત એક્સપ્રેસ અને નમો ભારત રેપિડ રેલ જેવી આધુનિક મુસાફરો સેવાઓ પણ શરૂ કરી છે. ટેકનોલોજી અપનાવીને તેના સંચાલનને આધુનિક બનાવવા માટે સતત પ્રયાસશીલ, પશ્ચિમ રેલ્વે નવીનતા, સલામતી, ડિજિટાઇઝેશન અને ટકાઉ પ્રથાઓમાં અગ્રેસર રહ્યું છે. સુધારેલી મુસાફરોની સુવિધાઓ અને ટ્રેન મેનેજમેન્ટ સિસ્ટમ્સ, ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનો, મોબાઈલ ટિકિટિંગ અને ડિજિટલ ચુકવણી જેવી ડિજિટલ પહેલોએ રેલ મુસાફરીને વધુ અનુકૂળ અને પારદર્શક બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.પશ્ચિમ રેલ્વેએ ભારતના ઈતિહાસમાં વિવિધ મહત્વપૂર્ણ મુસાફરી દરમિયાન વારંવાર તેની ક્ષમતાઓ અને સિદ્ધિઓ સાબિત કરી છે. માત્ર 29 માઈલથી શરૂ કરીને, પશ્ચિમ રેલ્વેનું નેટવર્ક આજે મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં 6,000 થી વધુ રૂટ કિલોમીટર સુધી વિસ્તર્યું છે. તેના 76મા સ્થાપના દિવસ નિમિત્તે, પશ્ચિમ રેલ્વે તેના વર્તમાન અને ભૂતપૂર્વ અધિકારીઓ અને કર્મચારીઓના યોગદાન અને સમર્પણને શ્રદ્ધાંજલિ આપે છે, જેમના પ્રયત્નોએ તેના ભવ્ય વારસાને આકાર આપ્યો છે અને તેને સતત પ્રગતિ તરફ આગળ વધવા માટે પ્રેરણા આપી છે.

મૃતકનો ગુનાહિત ઈતિહાસ તેના મોબ લિન્ચિંગને વાજબી ઠેરવી શકે નહીં: મુંબઈ હાઈકોર્ટ

મુંબઈ : કોઈ વ્યક્તિ રીઢો ગુનેગાર છે અથવા તેનો ગુનાહિત રેકોર્ડ હોય એટલા માટે લિંચિંગ અથવા મોબ જસ્ટિસને વાજબી ઠેરવી શકાય નહીં એમ જણાવી બોમ્બે હાઈકોર્ટે જૂની અદાવતમાં ટોળાં દ્વારા હુમલો કરી હત્યાના કેસમાં એક આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.ન્યાયાધીશ મિલિંદ જાધવે શરદ દિગમ્બર ગોરાણેની બેન્ચે કહ્યું હતું કે આરોપી ટોળાને મૃતક પર હુમલો કરવા માટે સૂચના આપી રહ્યા હતા જેથી તેને પાઠ ભણાવી શકાય. તેઓ ટોળાને મૃતકના ઘરને આગ લગાવવાનું પણ કહી રહ્યા હતા.

ન્યાયાધીશે જણાવ્યું કે શરદ જ મૃતક પર વારંવાર કુહાડીથી હુમલો કરતો હતો. જ્યારે તેને લોખંડના સળિયા, વાંસની લાકડીઓ અને છરીઓથી નિર્દયતાથી મારવામાં આવી રહ્યો હતો ત્યારે તેણે પડોશીઓને ધમકી પણ આપી હતી ક મૃતકને બચાવવાનો પ્રયાસ ન કરે. ન્યાયાધીશના મતે, પીડિતના શરીર પર કુલ ૩૮ ઘા હતા. ન્યાયાધીશ જાધવે કહ્યું, આ ઘટના ફક્ત હિંસાને કારણે થયેલા મૃત્યુનો કેસ નથી, પરંતુ પ્રથમ દ્રષ્ટિએ તે મોબ લિંચિંગનો કેસ છે, જેમાં કાયદાના શાસનનો સંપૂર્ણપણે અનાદર કરવામાં આવ્યો હતો.

એવું લાગે છે કે ઘાતક હથિયારોથી સજ્જ ટોળાએ પીડિતાના ઘરમાં ઘૂસીને તેને નિર્દયતાથી માર માર્યો હતો અને તેની હત્યા કરી હતી. મૃતકને થયેલી ઈજાઓની સંખ્યા અને પ્રકાર દર્શાવે છે કે હુમલો કેવી રીતે કરવામાં આવ્યો હતો. ઘરની બહાર ઘણા લોકોની હાજરીમાં આ ઘટના બની તે તેની ગંભીરતા વધારે છે. આવી મોબ લિંચિંગ કાયદાના શાસનના પાયા પર પ્રહાર કરે છે અને તેને વ્યક્તિગત દુશ્મનાવટનો સરળ કેસ ગણી શકાય નહીં. ૨૮ ઓક્ટોબરના પોતાના આદેશમાં ન્યાયાધીશ જાધવે જણાવ્યું હતું કે રેકોર્ડ પરની સામગ્રી દર્શાવે છે કે જ્યારે મૃતકના પરિવારના સભ્યોએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને ડરાવવામાં આવ્યા. ખાસ કરીને, મૃતકને માર મારતી વખતે પીડિતાની માતાને લાચાર બનાવવામાં આવી હતી.

'મંચ-સમય તમે નક્કી કરો, હું ડિબેટ માટે તૈયાર', રાહુલ ગાંધીનો PM મોદીને બીજો પડકાર, 45 કેસનો ઉલ્લેખ કરી ઘેર્યા



(એજન્સી) નવી દિલ્હી | તા.04

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી એકવાર ખુલ્લી ચર્ચા માટે પડકાર ફેંક્યો છે. રાહુલ ગાંધીએ પોતાની એક્સ પોસ્ટમાં જણાવ્યું કે, 'પડકાર આપ્યાને 24 કલાક થઈ ગયા છે. જો વડાપ્રધાન એમ કહેતા હોય કે વિપક્ષ દેશદ્રોહી છે, તો તેઓ ગમે તે મંચ અને જગ્યા પસંદ કરી લે, હું તેમની સાથે ડિબેટ કરવા માટે તૈયાર છું.'રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ચર્ચામાં મુખ્ય પ્રશ્ન એ ઊભો થવો જોઈએ કે, 'વાસ્તવમાં દેશદ્રોહી કોણ છે અને વિદેશી તાકાતો સાથે કોનું કેવા પ્રકારનું કનેક્શન છે? આપણે બંને મળીશું, સામે મીડિયા હશે, દેશના યુવાનો હાજર રહેશે અને વચ્ચે એક ટેબલ હશે. એક તરફ વડાપ્રધાન બેસશે અને બીજી તરફ હું બેસીશ. જેને જજ બનાવવા હોય તેને બનાવી દો, મોહન ભાગવતને પણ જજ બનાવી શકાય છે, પણ એકવાર ખુલ્લી ચર્ચા થવી જોઈએ.'

કોંગ્રેસ નેતાએ સ્પષ્ટ કહ્યું કે, આ ચર્ચામાં દેશની આર્થિક વ્યવસ્થા અને માળખા પર મહત્વના સવાલો ઉઠાવવામાં આવશે. તેમણે પ્રશ્નો કરતાં કહ્યું કે, 'અમેરિકા સાથે થયેલી ડીલ કઈ રીતે થઈ, શા માટે થઈ, આટલી ઝડપથી કેમ પતાવવામાં આવી, માત્ર વડાપ્રધાને જ આ ડીલ કેમ કરી અને કેબિનેટને આ અંગે અંધારામાં કેમ રખાઈ?' આ ઉપરાંત તેમણે અદાણી કેસ બંધ થવા અને એપ્સટીન મામલે પણ ખુલ્લી ચર્ચાની વાત કરી હતી. તેમણે વડાપ્રધાનને કહ્યું કે, 'આવી ઘણી બાબતો છે જેના પર ખુલ્લા મનથી ચર્ચા થશે. તમે સામે આવો, ડરો નહીં. સામસામે બેસીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરો.' તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન તેમની સામે જે આક્ષેપો મૂકે છે, તે સામસામે ચર્ચામાં બેસવાથી દેશ સમક્ષ એકદમ સ્પષ્ટ થઈ જશે.તેમણે બદનક્ષીના કેસોનો ઉલ્લેખ કરતા વધુમાં કહ્યું કે, 'બીજી બાબતો પર મારી સામે બદનક્ષીના કેસો કરવામાં આવ્યા છે અને કદાચ મારી સામે આવા 45 જેટલા ડિફેમેશન કેસ ચાલી રહ્યા છે. પરંતુ નવાઈની વાત એ છે કે વિદેશી કનેક્શનના આક્ષેપો પર મારી સામે કોઈ માનહાનિનો કેસ કરવામાં આવતો નથી. સરકાર આ મુદ્દે પણ મારી સામે કેસ દાખલ કરે, જેથી ત્યાં પણ આ મામલે ખુલ્લી ચર્ચા થઈ શકે.'કારણ કે હું તેમના વિશે જે સચ્ચાઈ જાણું છું તેનાથી તેઓ ડરે છે.'

જળ વ્યવસ્થાપન અને સ્વચ્છતાના ક્ષેત્રે જૂનાગઢ જિલ્લાની કામગીરીને વધુ વેગ આપવા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં વાસ્મોની સમીક્ષા બેઠક યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ, તા.૦૪ જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ (વાસ્મો)ની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા, પાણી વિતરણ વ્યવસ્થા, સ્વચ્છતા, જળ માળખાંની જાળવણી તેમજ વિવિધ યોજનાઓના અમલીકરણ ની પ્રગતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.બેઠકમાં જણાવ્યા અનુસાર, માંગરોળ તાલુકાના ઝરીયાવાડા ખાતે ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરી અંતિમ ચુકવણી કરવામાં આવી છે અને ઓડિટ પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. પાણી વિતરણની કામગીરી સાથે સંકળાયેલા ૫૦૬ ઓપરેટરો પૈકી ૧૪૯ ઓપરેટરોને તાલીમ આપવામાં આવી છે. પાણી પુરવઠા વિભાગની હેલ્પલાઈન પર ઓક્ટોબર- ૨૦૨૬ દરમિયાન જિલ્લામાંથી પ્રાપ્ત થયેલી કુલ ૨૦ ફરિયાદોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, જિલ્લાના ૧૧૩ ગામોના સરપંચશ્રીઓને પાણી પુરવઠાનાં માળખાંની મરામત અને નિભાવણી અંગે તાલીમ આપવામાં આવી છે.નાણાપંચ હેઠળ માણાવદર તાલુકાના શેરડી અને દડવા ગામે પાઈપલાઈનનાં કામો તેમજ જૂનાગઢ તાલુકાના ખડીયા ગામે રિજૂવિનેશન હેઠળ પંપિંગ મશીનરી નાં કામો માટે કુલ રૂ. ૩,૩૩,૪૭૯ની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. જિલ્લાના ૫૯ ગામોની ૯૩ શાળાઓ અને ૭૩ આંગણવાડીઓમાં પીવાના પાણીના TDS પરીક્ષણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરશ્રીએ પાણી પુરવઠા વિભાગની લેબોરેટરી દ્વારા પાણીના નમૂનાઓના પરીક્ષણમાં આરોગ્યલક્ષી સમસ્યાઓની સંભાવના ધરાવતા વિસ્તારોને પ્રાથમિકતા આપવા સૂચના આપી હતી, જેથી પાણીજન્ય રોગચાળાની સંભવિત સ્થિતિને નિવારી સમયસર જરૂરી પગલાં લઈ શકાય.આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંતસિંહ રાઠૌર સહિત સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહીસાગર જિલ્લામાં રાજ્યપાલશ્રીના 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' અંતર્ગત પ્રવાસ સંદર્ભે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર દ્વારા સ્થળ મુલાકાત



જગદીશ ત્રિવેદી | મહીસાગર

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી આગામી તારીખ ૫ અને ૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં 'ગ્રામ કલ્યાણ કાર્યક્રમ' અંતર્ગત પ્રવાસે પધારી રહ્યા છે. આ મહત્ત્વપૂર્ણ પ્રવાસના સુચારૂ આયોજન અને અમલીકરણના ભાગરૂપે આજ રોજ મહીસાગર જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગર દ્વારા વિવિધ સ્થળોની ફિલ્ડ વિઝિટ લઈસમગ્ર કાર્યક્રમનું વિસ્તૃત રિહર્સલ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત અધિકારીઓને સુદ્રઢ વ્યવસ્થાઓ ગોઠવવા અંગે ઉપયોગી માર્ગદર્શન તેમજ સૂચનાઓ આપી હતી. માનનીય રાજ્યપાલશ્રીના નિર્ધારિત મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ અનુસાર, તેઓ ૫મી નવેમ્બરના રોજ બાલાસિનોર તાલુકાના જોરાપુરા ગામે આગમન કરશે. ત્યાં તેઓ 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ તથા સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થશે. ત્યારબાદ રાત્રિ દરમિયાન જોરાપુરા પંચાયત કચેરી ખાતે ગ્રામજનો સાથે 'રાત્રિ સભા' યોજી લોકસંવાદ કરશે અને જોરાપુરા પ્રાથમિક શાળા ખાતે રાત્રિ રોકાણ કરશે.તારીખ ૬ નવેમ્બરના રોજ સવારે જોરાપુરા હાઈસ્કૂલ ખાતે યોજનાર યોગાભ્યાસથી દિવસનો પ્રારંભ થશે. ત્યારબાદ રાજ્યપાલશ્રી ફાર્મની મુલાકાત લઈ ગૌ-દોહન પ્રવૃત્તિ નિહાળશે. પ્રવાસના અંતિમ ચરણમાં આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ હોલ, બાલાસિનોર ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ, પ્રાકૃતિક ખેતીના સ્ટોલ્સની મુલાકાત અને લોકસંવાદ યોજાશે.આ સમગ્ર બે દિવસીય પ્રવાસ કાર્યક્રમ સુચારૂ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે હેતુથી જિલ્લા કલેક્ટરશ્રીએ તમામ નિર્ધારિત સ્થળોની જાતતપાસ કરી કાયદો-વ્યવસ્થા, પ્રોટોકોલ, સ્ટેજ વ્યવસ્થા તેમજ નાગરિકોની સુવિધા અંગે સૂક્ષ્મ સમીક્ષા હાથ ધરી હતી અને તમામ વિભાગોને પરસ્પર સંકલનમાં રહી કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરી હતી.આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બાલાસિનોર પ્રાંત અધિકારીશ્રી સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે નાણાકીય સાક્ષરતા જાગૃતિ સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૪ આચાર્યશ્રી ભગીરથસિંહ જાળીયા અને આચાર્યશ્રી પ્રિયેશ વાળાના માર્ગદર્શન હેઠળ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ તાલીમાર્થીઓમાં નાણાકીય જાગૃતિ કેળવવાના હેતુથી નાણાકીય સાક્ષરતા જાગૃતિ સેમિનાર (Financial Literacy Awareness Seminar)*નું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારમાં SEBIના ટ્રેનરશ્રી વૈભવ પુરાણિક દ્વારા તાલીમાર્થીઓને નાણાકીય સાક્ષરતાનું મહત્વ, નાણાંનું યોગ્ય આયોજન, બચત અને રોકાણ અંગેની પાયાની સમજણ આપવામાં આવી હતી. સાથે જ નાણાકીય નિર્ણયો લેતી વખતે રાખવાની સાવચેતી, રોકાણ અંગે જાગૃતિ તથા નાણાકીય છેતરપિંડીથી બચવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.સેમિનાર દરમિયાન તાલીમાર્થી ઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને નાણાકીય વ્યવસ્થાપન અંગે ઉપયોગી માહિતી મેળવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ તાલીમાર્થીઓમાં નાણાકીય બાબતો અંગે સમજણ વિકસાવી તેમને ભવિષ્યમાં જવાબદારીપૂર્વક નાણાકીય નિર્ણયો લેવા માટે સજ્જ કરવાનો હતો.આમ, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, જૂનાગઢ ખાતે યોજાયેલ આ સેમિનાર તાલીમાર્થીઓ માટે નાણાકીય જાગૃતિ વધારવામાં ઉપયોગી રહ્યો હતો.

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા કેશોદ ખાતે યોજાયેલા પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ૯૮ ઉમેદવારોની પસંદગી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૪, સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ. ટી.આઈ.), કેશોદ ખાતે તાલીમાર્થીઓને રોજગારીની ઉત્તમ તકો ઉપલબ્ધ કરાવવાના હેતુથી પ્લેસમેન્ટ ટીમ દ્વારા પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.સંસ્થાના આચાર્યશ્રી પિયુષકુમાર કે. વાળાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં રોજગારી મેળવવા ઈચ્છુક કુલ ૧૪૮ ઉમેદવારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાંથી ૯૮ ઉમેદવારોની વિવિધ રોજગારીની તકો માટે પસંદગી કરવામાં આવી હતી.આ પ્રકારના પ્લેસમેન્ટ ડ્રાઈવ ના આયોજનથી આઈ.ટી. આઈ.ના તાલીમાર્થીઓને ઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગારી મેળવવાની ઉત્તમ તક પ્રાપ્ત થાય છે. સાથે જ તાલીમાર્થીઓની કૌશલ્ય ક્ષમતા, વ્યવસાયિક કુશળતા અને કારકિર્દીના વિકાસને પણ પ્રોત્સાહન મળે છે.સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, કેશોદ દ્વારા તાલીમાર્થીઓને ગુણવત્તાયુક્ત વ્યવસાયિક તાલીમની સાથે રોજગારીની વધુમાં વધુ તકો ઉપલબ્ધ થાય તે માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા.૬ નવેમ્બરના ભરતી મેળો યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા. ૪ જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી કચેરી દ્વારા તા. ૦૬/૧૧/૨૦૨૬ શુક્રવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી બહુમાળી ભવન ખાતે રોજગાર વાંચ્છુ ઉમેદવારો માટે એક ભરતી મેળાનુ આયોજન કરવામા આવનાર છે. જેમાં લા-પિનોઝ પિઝા, અને ઈન્ડસઈન્ડ નિપ્પોન લાઈફ ઈન્શોરન્સ કંપની, નોકરીદાતાઓ હાજર રહેવાના છે. જેમા વિવિધ લાયકાત જેવી કે કેશીયર, પિઝા ડિલિવરી પર્સન, ઈન્શોરન્સ એડવાઈઝર, મેનેજર, રિક્રુટમેન્ટ ડેવલોપમેન્ટ ઓફિસર અને મેનેજર જેવી અલગ અલગ જગ્યાઓ માટે એસ.એસ.સી., એચ.એસ.સી., કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૪૫ વર્ષ) સુધીના રોજગાર વાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવેલ છે.

જૂનાગઢ જિલ્લામાં તા. ૧૭ નવેમ્બર સુધી મંજુરી વગર સભા સરઘસ યોજી શકાશે નહીં

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૦૪, જૂનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર વગર પરવાનગી એ કઈ સભા સરઘસ કાઢી શકાશે નહીં તે માટે જાહેરનામુ પ્રસિદ્ધ થવા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી દ્વારા દરખાસ્ત રજૂ થતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી બી.એસ. બારડે તેમને મળેલ સત્તાની રૂએ કાયદો અને વ્યવસ્થા તથા જાહેર સુલેહ શાંતિની જાળવણી સારું મંજુરી વગર જૂનાગઢ જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં સભા સરઘસ યોજી શકાશે નહીં તેવુ મનાય હુકમ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે.જેમાં જૂનાગઢ જિલ્લામાં તા. ૧૭/૧૧/૨૦૨૬ સુધી પરવાનગી વગર કોઈપણ સભા સરઘસ યોજી શકશે નહીં.

સિટી
એક્સપ્રેસ
THURSDAY 05 NOVEMBER-2026
AHMEDABAD

આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો રદ્દ: સમલૈંગિક પાર્ટનરથી HIV થયો

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટે પોતાના સમલૈંગિક પાર્ટનરને HIV સંક્રમિત કરવા અને તેને ધમકીભર્યા મેસેજ મોકલવાના આરોપી પુરુષ સામે નોંધાયેલો આત્મહત્યાની દુષ્પ્રેરણાનો કેસ રદ કર્યો છે. કોર્ટે નોંધ્યું હતું કે જો આરોપોને તેમના મૂળ સ્વરૂપમાં પણ સ્વીકારવામાં આવે, તો પણ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો બનતો નથી.આ કેસ 21 જાન્યુઆરી, 2022નો છે, જ્યારે સુરતના વરાછા વિસ્તારનો 25 વર્ષીય યુવક તેના ઘરે ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. તેના મૃત્યુની સવારે જ તેણે પોતાના માતા-પિતાને જણાવ્યું હતું કે તે HIV પોઝિટિવ છે.

ઈસ્કોન-સરખેજ વચ્ચેના 4KMના બ્રિજનું 9 નવેમ્બરે લોકાર્પણ

અમદાવાદ | અમદાવાદના એસજી હાઈવે પર ઈસ્કોન જંક્શનથી સરખેજ ચોકડી સુધીના 4 કિમીના 6 લેન ફ્લાયઓવર બ્રિજનું આગામી નવ નવેમ્બરે ગૃહમંત્રી અમિત શાહના હસ્તે લોકાર્પણ કરાશે. દિવાળીના તહેવારની ઉજવણીમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવવાના છે. ત્યારે 671 કરોડથી વધુના વિકાસકાર્યોના લોકાર્પણ અને 358 કરોડથી વધુના વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પણ કરશે.ઈસ્કોન જંક્શનથી સરખેજ ચોકડીનો આ બ્રિજ ચાલુ થવાથી રોજના 2 લાખ વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.

1500 એમ્બ્યુલન્સ અને 6000 કર્મચારીઓનો સ્ટાફ ખડેપગે, સામાન્ય દિવસો કરતા કેસમાં 20 ટકા વધારાની શક્યતા

દિવાળીના તહેવારોમાં પણ 108 દોડતી રહેશે

(એજન્સી) અમદાવાદ । તા. 04

દિવાળી અને નવા વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવાના અને અકસ્માતના બનાવોમાં વધારો થતો હોય છે. આ સમયે 108ની સુવિધા લોકો માટે સંજીવની સાબિત થતી હોય છે. આ વર્ષે પણ દિવાળી અને નવા વર્ષના તહેવારને લઈ 108ની ટીમે ખાસ એકશન પ્લાન તૈયાર કર્યો છે. તહેવારોના દિવસોમાં સામાન્ય દિવસ કરતા 20 ટકા જેટલા કેસ વધી જતા હોય છે. આ વર્ષે અલગ અલગ જિલ્લાઓમાં મળી કૂલ 1500 એમ્બ્યુલન્સ અને 6000નો સ્ટાફ એલર્ટ રહેશે. ભાસ્કરે ગુજરાત 108 સર્વિસના CEO જશવંત પ્રજાપતિ સાથે ખાસ વાતચીત કરી. દિવાળીના તહેવાર દરમિયાન ઈમરજન્સી સેવાઓમાં દિવાળી, નવું વર્ષ અને ભાઈબીજ દરમિયાન અકસ્માત, દાઝી જવાના, ઝેરી પદાર્થ પીવાના અને અન્ય મેડિકલ ઈમરજન્સીના કેસોમાં વધારો થવાની શક્યતાને ધ્યાનમાં રાખીને 108 ઈમરજન્સી સેવા દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય દિવસોમાં 108 દ્વારા દરરોજ સરેરાશ 5,500થી 6,000 ઈમરજન્સી કોલ હેન્ડલ કરવામાં આવે છે, જે દિવાળીના દિવસોમાં વધીને અંદાજે 7,500 સુધી પહોંચી શકે છે. આ સંભવિત વધારાને પહોંચી વળવા માટે માનવબળ, દવાઓ, એમ્બ્યુલન્સની જાળવણી અને ફિલ્ડ મેનેજમેન્ટ સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.હાલમાં ગુજરાતમાં 108 સેવા હેઠળ આશરે 1,500 એમ્બ્યુલન્સ કાર્યરત છે. બીજી તરફ, પોલીસ, ફાયર, મેડિકલ અને અન્ય ઈમરજન્સી સેવાઓને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટે શરૂ કરવામાં આવેલી 112 ઈન્ટિગ્રેટેડ ઈમરજન્સી સેવા પણ તહેવારો દરમિયાન સજ્જ રહેશે. 108 અને 112ની ટીમો દ્વારા કોલના સંભવિત વધારાને ધ્યાનમાં રાખીને રિસોર્સિસનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે, જેથી ઈમરજન્સીના સમયે લોકોને ઝડપી સહાય મળી શકે અને દિવાળી દરમિયાન નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.આ અંગે 108 ના CEO જસવંત પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં 108 ઈમરજન્સી સેવા છેલ્લા 20 વર્ષથી કાર્યરત છે. દરેક વર્ષે કયા સમયે કયા જિલ્લામાં કયા પ્રકારની ઈમરજન્સીમાં વધારો થઈ શકે તેમ છે, એનું સાયન્ટિફિક એનાલિસિસ અમારી ટીમ દ્વારા કરવામાં આવે છે. એ ફોરકાસ્ટ અનુસાર અમે અમારા રિસોર્સિસને પણ અલાઈન કરીએ છીએ, જેના કારણે વધનારા કોલ વોલ્યુમને પહોંચી વળવા માટે અમારા કઠવાડા ખાતેના ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર્સમાં વધારે જરૂરિયાત મુજબના ઈઆરઓ છે (એટલે કે ઈમરજન્સી રિસ્પોન્સ ઓફિસર), ટીમ લીડ્સ અને ઈઆરસીપી ફિઝિશિયન્સ વધારે અમે ડિપ્લોય કરીએ છીએ. એવી જ રીતે ફિલ્ડમાં પણ જે જે જિલ્લાઓમાં કે શહેરોમાં અને ખાસ કરીને અમુક સ્થળોમાં પણ, કારણ કે અમે ગૂગલ હોટસ્પોટ્સની થિયરીને ફોલો કરીએ છીએ જેથી અમારો રિસ્પોન્સ ટાઈમ મિનિમાઈઝ રહે અને પેશન્ટને અથવા તો વિક્ટિમ્સને ઝડપથી આ સેવા પ્રાપ્ત થઈ શકે તે માટે અમારી એમ્બ્યુલન્સનું ડાયનેમિક રીલોકેશન અમે કરતા હોઈએ છીએ. તો આ બધી જ પ્રક્રિયામાં વધારાનું દિવાળી જ્યારે ફેસ્ટિવલ હોય છે ત્યારે ગુજરાતની અંદર દિવાળી એ લગભગ પાંચ થી સાત દિવસનું લાંબુ પર્વ છે જેમાં ઘણા બધા પ્રાઇવેટ હોસ્પિટલ્સ બંધ હોય છે અને ડોક્ટર્સ પણ રજા પર હોય છે.જશવંત પ્રજાપતિએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતના પી.એચ.સી., સી.એચ.સી.માંથી જે સારા એમ્બ્યુલન્સીસ હતા એને પણ અમારી 108ની સિસ્ટમ સાથે ઈન્ટિગ્રેટ કરવાથી લગભગ અમારી 1500 જેટલી એમ્બ્યુલન્સીસ ગુજરાતમાં કાર્યરત છે, જેના કારણે અમારો રિસ્પોન્સ ટાઈમ પણ જે 15-16 મિનિટ હતો એ ઘટીને 11 થી 12 મિનિટ અને શહેરોમાં તો લેસ ધેન 10 મિનિટ્સ રિસ્પોન્સ ટાઈમ અમે પહોંચી શક્યા છીએ.



4 અને 11 નવેમ્બરના રોજ અમદાવાદ-રાજગીર વચ્ચે અનરિઝર્વ્ડ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડશે

। પશ્ચિમ રેલવે ।

પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી અને છઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા તેમજ વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ-રાજગીર સ્ટેશનો વચ્ચે વિશેષ ભાડા પર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે. આ ટ્રેનની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નંબર 09441/09442 અમદાવાદ-રાજગીર અનરિઝર્વ્ડ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન [કુલ 4 ફેરા]ટ્રેન નંબર 09441 અમદાવાદ-રાજગીર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દર બુધવારે અમદાવાદથી રાત્રે 23:55 કલાકે ઉપડશે અને શુક્રવારે સવારે 06:55 કલાકે રાજગીર પહોંચશે. આ ટ્રેન 04 અને 11 નવેમ્બર, 2026ના રોજ દોડશે.
તેવી જ રીતે, ટ્રેન નંબર 09442 રાજગીર-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દર શુક્રવારે રાજગીરથી સવારે 09:55 કલાકે ઉપડશે અને શનિવારે સાંજે 18:35 કલાકે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન 06 અને 13 નવેમ્બર, 2026ના રોજ દોડશે.આ ટ્રેન બંને દિશામાં આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, ભવાની મંડી, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, હિંડોન સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, સુબેદારગંજ, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, દાનાપુર, પટના, પટના સાહિબ, બખ્તિયારપુર, બિહાર શરીફ અને નાલંદા સ્ટેશનો પર ઊભી રહેશે. આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ રહેશે. ટ્રેનના સ્ટોપેજ, સમય અને કોચની રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

એક હાથમાં ફોર્ચ્યુનરનું સ્ટીયરિંગ ને બીજા હાથથી બિયર પીધું : અમદાવાદમાં ચાલુ ડ્રાઈવિંગે વિરલને નશો ઓછો લાગ્યો, અકસ્માત બાદ મિત્ર ભાગ્યો

(એજન્સી) અમદાવાદ । તા. 04

અમદાવાદના નિકોલ વિસ્તારમાં આવેલી અક્ષર હોસ્પિટલ અને દેવસ્ય સ્કૂલ નજીક 2 નવેમ્બરની રાત્રે આશરે 9.30થી 9.45 વાગ્યાના અરસામાં બેફામ સ્પીડે આવેલી લક્ઝુરિયસ ફોર્ચ્યુનર કારે ફૂટપાથ પર બે મહિલા સહિત ચાર લોકોને અડફેટે લીધા હતાં. કારની જોરદાર ટક્કર બાદ એક યુવક કારના બોનેટ અને દિવાલ વચ્ચે ભીંસાઈ જતા હૃદયદ્રાવક દૃશ્યો સર્જાયા હતા. અકસ્માતમાં વધુ એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયું છે. સ્નેહાબેન વસોયા અને તેમના પતિ કાર્તિકભાઈ વસોયા ઈજાગ્રસ્ત થયા હતા. સારવાર દરમિયાન સ્નેહલબેનનું મોત થયું છે. સ્નેહલબેનનો મૃતદેહ



પીએમ માટે મોકલવામાં આવ્યો છે. મૃતકના 4 વર્ષના ટ્વિન્સ બાળકો છે. અકસ્માત પહેલા ચાર રસ્તા પાસેથી ફોર્ચ્યુનર જતી હોય તેના CCTV પણ સામે આવ્યા છે. આ સમયે ચાર રસ્તા પાસે પણ ફોર્ચ્યુનરની અડફેટે આવતા એક ટુ વ્હીલરનો બચાવ થયો હતો.હવે આ કેસમાં એક મોટો ખુલાસો થયો છે. ફૂટપાથ પર સોફા કવર વેચતાં માતા-પુત્રને ફોર્ચ્યુનર કારથી કચડી મારનાર ચાલક વિરલ ચૌધરી અકસ્માત સમયે એકલો નહોતો તેની સાથે કારમાં મિત્ર સાગર પણ સવાર હતો. બંને મિત્રોએ સાગરના ઘરે બિયરની મહેફિલ માણી હતી અને ત્યારબાદ જમવા નીકળ્યા હતા. જોકે, કાર ચલાવતી વખતે વિરલને નશો ઓછો લાગતાં તેણે એક હાથમાં સ્ટીયરિંગ અને બીજા હાથમાં બિયરનું કેન ખોલી ચાલુ ડ્રાઈવિંગે પીવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન કાર બેકાબૂ બની ફૂટપાથ પર ચડી ગઈ હતી. અકસ્માત સર્જાયા બાદ સાગર કારમાંથી ઉતરીને ભીડનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો. હવે આ કેસમાં સાગર સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. આરોપીની ધરપકડ બાદ પૂછપરછમાં સામે આવ્યું કે વિરલ ચૌધરી અકસ્માત પહેલાં તેના મિત્ર સાગરના ઘરે ગયો હતો.ત્યાં બંનેએ સાથે બેસીને બિયરની મહેફિલ માણી હતી. મહેફિલ પતાવ્યા બાદ બંને કાર લઈને જમવા જવા માટે નીકળ્યા હતા. રસ્તામાં વિરલને દારૂ ઓછો પડ્યો હોવાથી તેણે કારમાં રાખેલા સ્ટોકમાંથી વધુ એક કેન કાઢ્યું હતું અને એક હાથથી સ્ટીયરિંગ સંભાળી બીજા હાથથી બિયર પીવાનું શરૂ કર્યું હતું.



"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૬૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઈન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક ૫.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મારફત ૩.૨૧૯૯૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ કેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૬૩ કર્મચારીઓ અને ૧૦૬૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૯ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડ્યુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોર્પોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સભ મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૯ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઈન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- "AA" ક્લાસ ૬૨ન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા 33 બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ, નાફસ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

(રૂ. કરોડ માં)

વિગત	૨૦૦૮-૦૯	૨૦૧૪-૧૫	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
ટોટલ બિઝનેસ	૪૯૯૭.૫૩	૧૨૨૯૦.૮૭	૨૧૩૩૭.૭૦	૨૩૦૩૧.૨૯	૨૫૩૦૯.૬૯
થાપણો	૩૨૦૬.૯૫	૬૩૬૮.૮૮	૧૨૦૧૨.૨૧	૧૩૬૦૬.૫૬	૧૫૫૯૫.૪૫
એડવાન્સીસ	૧૭૮૬.૫૮	૫૯૨૧.૬૯	૯૩૨૫.૪૯	૯૪૨૪.૭૩	૯૭૧૪.૨૪
કુલ ભંડોળ	૩૪૬.૩૯	૬૧૨.૬૪	૧૨૦૧.૬૭	૧૨૮૫.૫૨	૧૩૪૮.૧૪
ગ્રોસ એન.પી.એ (%)	૧૭.૯૩	૨.૨૦	૦.૬૮	૦.૩૪	૦.૨૭
નેટ એન.પી.એ. (%)	૯.૨૯	૦.૧૫	૦.૦૦	૦.૦૦	૦.૦૦

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઈક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઈટ / ઓફસાઈટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઈન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

સહકાર થી સમૃધ્ધિ બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઇ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઇ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી

(રકમ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૦૦	૩૧/૦૩/૨૦૦૩	૩૧/૦૩/૨૦૧૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૬
ટોટલ બિઝનેસ	૧૭૯૪.૭૫	૨૨૪૨.૭૩	૭૦૮૫.૮૪	૧૫૯૫૪.૨૭	૧૭૮૪૭.૨૫	૨૦૨૧૧.૬૪
ડિપોઝીટ	૧૩૩૦.૫૪	૧૫૨૫.૩૦	૪૫૫૫.૩૧	૯૭૬૯.૨૪	૧૦૫૮૬.૯૬	૧૧૯૨૫.૮૪
એડવાન્સીસ	૪૬૪.૨૧	૭૧૭.૪૩	૨૫૩૦.૫૩	૬૧૮૫.૦૩	૭૨૬૦.૨૯	૮૨૮૫.૮૦
કુલ ભંડોળ	૧૯૫.૮૨	૨૬૬.૦૫	૪૩૩.૩૭	૮૧૬.૦૮	૮૬૪.૨૨	૧૦૮૬.૬૦
ગ્રોસ એન.પી.એ.	૪૦.૨૯%	૨૮.૪૨%	૩.૯૭%	૦.૩૪%	૦.૨૫%	૦.૧૮%
નેટ એન.પી.એ.	૨૮.૩૮%	૧૭.૬૭%	૦%	૦%	૦%	૦%

રૂ.૧ લાખ સુધીની સરલ કેશ કેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ | એડવાન્સીસ રૂ. ૯૭૧૪.૨૪ કરોડ | નેટ પ્રોફિટ રૂ. ૯૯.૩૩ કરોડ | ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %

(૩૧-૧૦-૨૬) ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ | ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ | એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ (૩૧-૦૩-૨૬) ગ્રોસ એન.પી.એ. ૦.૧૮% | નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family " ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

GSC BANK **ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.** (શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર શ્રી અજયભાઈ એચ. પટેલ ચેરમેન

ADC BANK **ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.**

શ્રી જગદીશભાઇ બી. પટેલ વાઇસ ચેરમેન તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર શ્રી અજયભાઇ એચ. પટેલ ચેરમેન

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...